અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૦૬ નવેમ્બર ૨૦૨૩, સોમવાર
વિક્રમ સંવત ૨૦૭૯, આસો વદ નોમ

વર્ષ : ૧૫
અંક : ૧૦૨

તંત્રી : પટેલ સુરેશ રમણલાલ
અમદાવાદ

કિંમત : રૂા. ૨.૦૦
પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

### કેન્દ્ર સરકારે મહિલા સૈનિકોને દિવાળી પહેલા મોટી ગિફ્ટ આપી

## કોઈ પણ રેન્કની મહિલા સૈનિકને હવે અધિકારી જેટલી મળશે રજા

### રક્ષામંત્રી રાજનાથ સિંહે તમામ મહિલા સૈન્ય કર્મીઓને સમાન રીતે માતૃત્વ, શિશુ દેખરેખ અને દત્તક ગ્રહણ રજા આપવા સંબંધિત પ્રસ્તાવને મંજૂરી આપી

। નવી દિલ્હી, તા.૫ ।

કેન્દ્ર સરકારે મહિલા સૈનિકોની દિવાળી પહેલા મોટી ગિફ્ટ આપી છે. હવે મહિલા સૈનિકોને એક સરખી મૈટરનિટી લીવ મળશે, ભલે તે કોઈ પણ રેક્રમાં હોય. રક્ષામંત્રી રાજનાથ સિંહે તમામ મહિલા સૈન્ય કર્મીઓને સમાન રીતે માતૃત્વ, શિશુ દેખરેખ અને દત્તક ગ્રહણ રજા આપવા સંબંધિત પ્રસ્તાવને મંજૂરી આપી દીધી છે.



રક્ષા મંત્રાલયે કહ્યું કે, આ નિર્ણયથી સશસ્ત્ર દળોમાં દરેક રેક્રની મહિલાઓની સમાવેશી ભાગીદારી સુનિશ્ચિત કરશે.રક્ષામંત્રાલયે કહ્યું કે, રક્ષા મંત્રી રાજનાથ સિંહે સશસ્ત્ર દળમાં મહિલા સૈનિકો, નાવિકો અને વાયુ સૈનિકો માટે તેમના સમકક્ષ અધિકારીઓની બરાબર માતૃત્વ, શિશુ દેખરેખ અને દત્તક ગ્રહણ અવકાશ આપવા સંબંધિત નિયમોને લાગૂ કરવા સાથે જોડાયેલ પ્રસ્તાવને મંજૂરી આપી દીધી છે. મંત્રાલયે કહ્યું કે, આ નિયમોને આવવાથી સેનામાં તમામ મહિલાઓને સમાન રીતે રજાઓ મળશે. ભલે તે કોઈ પણ અધિકારીઓ હોય કે અન્ય કોઈ રેક્ર પર કામ કરતા હોય. મંત્રાલયના જણાવ્યા અનુસાર, આ પગલાથી સેનામાં મહિલાઓને પારિવારિક જીવનને વધારે સારી રીતે સંતુલિત કરવામાં મદદ મળશે તથા તેનાથી કામકાજી સ્થિતિમાં સુધારો આવશે.

અધિકારીઓએ જણાવ્યું છે કે, હાલના સમયમાં મહિલા અધિકારીઓને દરેક બાળક માટે ૧૮૦ દિવસની માતૃત્વ અવકાશ મળે છે. આ નિયમ વધુમાં વધું બે બાળકો પર લાગૂ થાય છે. તેમણે જણાવ્યું કે, મહિલા અધિકારીઓને સંપૂર્ણ સેવા કાર્યાલયમાં ૩૬૦ દિવસની શિશુ દેખરેખ અવકાશ મળે છે. તેના માટે બાળકની ઉંમર ૧૮ વર્ષથી ઓછી હોવી જોઈએ. તેમણે જણાવ્યું છે કે, એક વર્ષથી ઓછી ઉંમરના બાળકને દત્તક લેવાની તિથિ બાદ ૧૮૦ દિવસની દત્તક ગ્રહણ રજા આપવામાં આવે છે.

### રાજસ્થાન ભાજપે ૫મું લિસ્ટ જાહેર કર્યું

## રાજસ્થાન ભાજપ દ્વારા ૧૫ ઉમેદવારોના નામની જાહેરાત

### વસુંધરા રાજેના નજીકના બાબુસિંહ રાઠોડ, પ્રહલાદ ગુંજલ અને વિજય બંસલને જયપુરમાં ટિકિટ આપવામાં આવી





। જયપુર, તા.૫ ।

રાજસ્થાન વિધાનસભા ચૂંટણી ૨૦૨૩ માટે ભાજપે ઉમેદવારોની ૫મી યાદી જાહેર કરી છે. આ યાદીમાં ૧૫ ઉમેદવારોના નામ જાહેર કરવામાં આવ્યા છે. આ સાથે જ બે ઉમેદવારોની ટિકિટમાં પણ ફેરફાર કરવામાં આવ્યો છે. યાદી મુજબ ભાજપે બેરોજગાર યુવાનોને એક કરીને લડત આપનાર યુવા ઉપેન યાદવને મેદાનમાં ઉતાર્યા છે. કોલાયતથી ટિકિટ બદલવામાં આવી છે. અહીં ભાજપે દેવીસિંહ ભાટીની પુત્રવધૂને બદલે તેમના પૌત્રને ટિકિટ આપી છે. ભાજપની પાંચમી યાદીમાં હનુમાનગઢથી અમિત ચૌધરી, કોલાયતથી અંશુમાન સિંહ ભાટી, સરદારશહેરથી રાજકુમાર રિનવા, શાહપુરાથી ઉપેન યાદવ, સિવિલ લાઈન્સથી ગોપાલ શર્મા, કિશન પોળથી ચંદ્રમોહન બટવાડ, આદર્શનગરથી રવિ નય્યર, વિજય બંસલ, વિજયભાઈ બંસલ અને હનુમાનગઢથી અમીત ચૌધરીનો સમાવેશ થાય છે. રાજખેરામાંથી અશોક શર્મા, મસુદાથી અભિષેક સિંહ, શેરગઢથી બાબુ સિંહ રાઠોડ, માવલીથી કેજી પાલીવાલ, પીપલદાથી પ્રેમચંદ ગોચર, કોટા ઉત્તરથી પ્રહલાદ ગુંજલ, બરન અત્રુ (SC) રાધેશ્યામ બૈરવાને સ્થાન આપવામાં આવ્યું છે. વસુંધરા રાજેના નજીકના બાબુ સિંહ રાઠોડ, પ્રહલાદ ગુંજલ અને વિજય બંસલને પણ જયપુરમાં ટિકિટ આપવામાં આવી છે.

રાજસ્થાન ભાજપે રાજસ્થાનની ૨૦૦માંથી કુલ ૧૯૭ સીટો પર પોતાના ઉમેદવારો ઉભા રાખ્યા છે. હવે માત્ર ત્રણ બેઠકો માટે ઉમેદવારોના નામની રાહ જોવાઈ રહી છે. આ બેઠકો ધોલપુર જિલ્લાની બારી બેઠક અને બાડમેર જિલ્લાની બાડમેર અને પચપદ્રા બેઠકો છે. સાથે જ આ વખતે બે ઉમેદવારોની ટિકિટમાં પણ ફેરફાર કરવામાં આવ્યો છે. બારન-અત્રુથી સારિકા ચૌધરીના સ્થાને રાધેશ્યામ બૈરવાને ટિકિટ આપવામાં આવી છે. પૂનમ કંવર ભાટીની જગ્યાએ અંશુમન ભાટીને કોલાયત સીટથી ટિકિટ મળી છે.

### સેનામાં AH-64E અપાચે કોમ્બેટ હેલિકોપ્ટરનો ટૂંકમાં સમાવેશ થશે

। નવી દિલ્હી, તા.૫ ।

ભારતીય સેનાની તાકાતમાં ટૂંક સમયમાં વધારો થશે. વાત જાણે એમ છે કે, ભારતીય સેનામાં ટૂંક સમયમાં AH-64E અપાચે કોમ્બેટ હેલિકોપ્ટરનો સમાવેશ કરવાની તૈયારીઓ ચાલી રહી છે, જે દુશ્મનની કિલ્લેબંધીને ભેદવામાં માહિર છે. આર્મી રૂ.૫,૬૯૧ કરોડના સોદા હેઠળ ૬ હેવી-ડ્યુટી અપાચે કોમ્બેટ હેલિકોપ્ટરને સામેલ કરવાની તૈયારી કરી રહી છે. AH-64E અપાચે એટેક હેલિકોપ્ટર હવાથી હવામાં પ્રહાર કરનારી મિસાઈલો, હવાથી જમીન પર પ્રહાર કરતી મિસાઈલ, બંદૂકો અને રોકેટથી સજ્જ છે.

### ડીઝલ ગાડીઓ, કંસ્ટ્રક્શન સહિત આ કામો પર પ્રતિબંધ

## દિલ્હી-NCRમાં પ્રદૂષણની સ્થિતિ ગંભીર, GRAP-4 લાગૂ

### દિલ્હીમાં ઘણી જગ્યાએ AQI 400ના આંકડાને પાર કરી ગયો

। નવી દિલ્હી, તા.૫ ।

દિલ્હીમાં પ્રદૂષણની ગંભીર સ્થિતિ જોતા એર ક્વોલિટી મેનેજમેન્ટ કમિશન (CAQM) એ રાષ્ટ્રીય રાજધાની ક્ષેત્રમાં ગ્રેપનો ચોથો તબક્કો લાગૂ કરી દીધો છે. સીએક્યૂએમ ઉપ-સમિતિએ વાયુ ગુણવત્તામાં વધુ ઘટાડો રોકવા માચે તબક્કા I, II અને III હેઠળ તમામ કાર્યવાહીઓ સિવાય, તત્કાલ પ્રભાવથી એનસીઆરમાં જીઆરએપીના તબક્કા-IV અનુસાર ૮ સૂત્રીય કાર્ય યોજના લાગૂ કરવાનો નિર્ણય કર્યો છે. આઠ-સૂત્રીય કાર્ય યોજના નીચે પ્રમાણે છે ૧. દિલ્હીમાં જરૂરી સામાન લઈ જતા અને તમામ એલએનજી/સીએનજી/ઈલેક્ટ્રિક ટ્રકોને છોડીને અન્ટ ટ્રકોના પ્રવેશ પર



પ્રતિબંધ રહેશે. ૨. ઈવી/સીએનજી/બીએસ-VI ડીઝલ સિવાય, દિલ્હીની બહાર રજીસ્ટ્રડ નાની ગાડીઓના રાષ્ટ્રીય રાજધાનીમાં પ્રવેશ કરવાની મંજૂરી રહેશે નહીં. જરૂરી વસ્તુઓ/સેવાઓ પ્રદાન કરનારી ગાડીઓને આ પ્રતિબંધથી છૂટ મળશે. ૩. દિલ્હીમાં રજીસ્ટ્રડ મધ્યમ અને ભારે ડીઝલ માલ વાહક વાહનોના સંચાલન પર પ્રતિબંધ રહેશે. જરૂરી વસ્તુઓ/સેવાઓ પ્રદાન કરનાર વાહનોને છૂટ મળશે. ૪. રાજમાર્ગો, રસ્તાઓ, ફ્લાઈઓવરો, ઓવરબ્રિજ, પાવર ટ્રાન્સમિશન લાઈન્સ, પાવરલાઈન જેવી જાહેર પરિયોજનાઓના નિર્માણ અને ધરાશાયી ગતિવિધિઓ પર પ્રતિબંધ રહેશે. ૫. એનસીઆરની રાજ્ય સરકારો અને દિલ્હી સરકારની છ, નવ અને ધોરણ ૧૧ની ફિઝિકલ ક્લાસ બંધ કરવાનો નિર્ણય લઈ શકે છે અને ઓનલાઈન મોડમાં ક્લાસ ચલાવી શકે છે.

### જનતા પર જોવા મળશે અસર

## નરેન્દ્ર મોદી સરકાર દ્વારા સોલાર પેનલને લઈને મહત્વનો નિર્ણય

### સેલ, વેફર્સ અને પોલીસિલિકોનથી બનેલી સોલાર પેનલના મોડલ્સ અને મેન્યુફેક્ચરર્સની યાદી અંતર્ગત રજિસ્ટર કરવાની યોજના

। નવી દિલ્હી, તા.૫ ।

હવે મોદી સરકાર દ્વારા એક મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. સરકાર આગામી ત્રણથી ચાર વર્ષમાં મંજૂર સ્થાનિક સ્તર પર બનાવેલા સેલ, વેફર્સ અને પોલીસિલિકોનથી બનેલી સોલાર પેનલના મોડલ્સ અને મેન્યુફેક્ચરર્સ (ALMM)ની યાદી અંતર્ગત રજિસ્ટર કરવાની યોજના બનાવી રહી છે. નવા અને પુનઃપ્રાપ્ય ઉર્જા મંત્રી આર. ના. સિંહે તેમના મંત્રાલયના સંબંધિત અધિકારીઓને પણ આ અંગે નીતિ તૈયાર કરવા કહ્યું છે. સરકારે સોલાર પેનલના ઘરેલુ ઉત્પાદનને પ્રોત્સાહન આપવા માટે ALMM શરૂ કર્યું હતું. ચાલો તેના વિશે જાણીએ... મંત્રીએ કહ્યું કે ALMMમાંથી ઓછી કાર્યક્ષમતાવાળા મોડ્યુલો દૂર કરવામાં આવે છે. સિંહે કહ્યું, "અમે અમારી પોતાની નીતિઓ વિકસાવીશું." અમે ફક્ત તે મોડ્યુલને સુરક્ષિત કરીશું જે ભારતમાં બનેલા સેલ છે. અમે એક કે બે વર્ષમાં આવી પોલિસી લાવીશું. પછી, એકથી બે વર્ષ પછી, અમે એવી નીતિ લાવીશું કે વેફર્સ અને



પોલિસિલિકોન પણ ભારતમાં જ બને. તેમણે કહ્યું, "અમે ALMM હેઠળ માત્ર એવી કંપનીઓને રજીસ્ટર કરીએ છીએ જેમના સેલ, વેફર્સ અને પોલિસિલિકોન ભારતમાં બને છે." મંત્રીએ કહ્યું કે આ પગલું 'મેક-ઈન-ઈન્ડિયા'ના લક્ષ્યને આગળ વધારવામાં મદદ કરશે. સરકાર આગામી કેટલાક વર્ષોમાં સોલર પેનલના ઘટકોની આયાતને પ્રોત્સાહન આપશે નહીં. તેણે કહ્યું, તમે બહારથી સેલ આયાત કરો છો અને તેને અહીં એસેમ્બલ કરો છો.




### લોકોએ કરી ટીકા, કહ્યું-સ્વસ્તિક શુદ્ધતાનું પ્રતીક

## જસ્ટિન ટ્રૂડોએ હિન્દુઓના સ્વસ્તિક પ્રતીકને નફરત ફેલાવનાર ગણાવ્યું

। ઓટ્ટાવા, તા.૫ ।

ભારત-કેનેડા વિવાદ વચ્ચે ફરી એકવાર મોટી અપડેટ સામે આવી છે. કેનેડાના વડાપ્રધાન જસ્ટિન ટ્રૂડો તેમની ભારત વિરોધી ગતિવિધિઓથી દૂર નથી થઈ રહ્યા. તાજેતરના વિવાદમાં તેમણે હિન્દુઓના સ્વસ્તિક પ્રતીકને નફરત ફેલાવનાર ગણાવ્યું છે. ટ્રૂડોએ સોશિયલ મીડિયા પર લખ્યું કે, તેઓ સંસદની નજીક નફરતના પ્રતીકો પ્રદર્શિત કરવાની મંજૂરી આપી શકતા નથી. આ તરફ હવે સવાલ થઈ રહ્યો છે કે, શું કેનેડાના સ્ ટ્રૂડોને હિટલરશાહીના પ્રતિક અને હિન્દુ ધર્મના સાથિયા વચ્ચે ભેદ નથી દેખાતો? કેનેડાના વડાપ્રધાન જસ્ટિન ટ્રૂડોએ આજે સવારે ટ્વીટ કર્યું કે, જ્યારે આપણે દ્વેષપૂર્ણ ભાષા અને છબીઓ જોઈએ છીએ અથવા સાંભળીએ છીએ.

### સીજેઆઈ ડીવાઈ ચંદ્રચૂડની ખંડપીઠે કહ્યું કે

## મહિલા અધિકારીઓને કર્નલના રુપે સૂચીબદ્ધ કરવાનો ઈનકાર એ સેનાની મનમાની છે

। નવી દિલ્હી, તા.૫ ।

સુપ્રીમ કોર્ટે મહિલા ઓફિસર્સના પ્રમોશન અને કર્નલ રેક્રના પેનલમાં સામેલ કરવા માટેના આદેશની અવગણનાને લઈને ભારતીય સેના પર કડક આપત્તિ દર્શાવી છે. કોર્ટે કહ્યું કે મહિલા અધિકારીઓને કર્નલના રુપે સૂચિબદ્ધ કરવાથી ઈક્રાર કરવાનો સેનાનો વ્યવહાર તેમની મનમાની છે.

ચીફ જસ્ટિસ ડીવાઈ ચંદ્રચુડ, જસ્ટિસ જેબી પારદીવાલ અને જસ્ટિસ મનોજ મિશ્રાની બેન્ચે મહિલા અધિકારીઓના અધિકારો ખતમ કરવાના વ્યવહારની નિંદા કરી. સાથે જ કોર્ટે અધિકારીઓને તેમના પ્રમોશન માટે સ્પેશિયલ સિલેક્શન બોર્ડને ફરી બોલાવવાનો નિર્દેશ કરવામાં આવ્યો છે. સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટે કહ્યું કે આ પ્રકારનો દ્રષ્ટિકોણ તે મહિલા અધિકારીઓને ન્યાય આપવાની આવશ્યકતા પર વિપરિત અસર નાંખે છે, તેમને ઉચિત અધિકારી પ્રાપ્ત કરવા માટે લાંબી અને કઠિન લડાઈ લડવાની છે. કર્નલના રુપે પેનલમાં સામેલ થવા માટે મહિલા અધિકારીઓ માટે સીઆરની ગણના માટે જે કટ ઑફ લાગું કરવામાં આવ્યો તે મનમાની છે કારણકે તે તેનાથી વિરોધાભાષી છે. સુપ્રીમ કોર્ટે કહ્યું કે નિર્ધારિત નિતીગત ઢાંચો એ સ્પષ્ટ કરે છે કે નવ વર્ષની સેવા બાદ તમામ ગોપનીય રિપોર્ટ (સીઆર) પર વિચાર કરવો આવશ્યક છે. સુપ્રીમ કોર્ટે આ દલીલને પણ નકારી દીધી છે કે અધિકારીઓને સમાવવા માટે ખાલી જગ્યાઓની સંખ્યા અપૂરતી છે.

### કેનેડા સ્થિત ત્રાસવાદી પન્નુની ધમકી

## ૧૯ નવેમ્બર પછી કોઈ એર ઈન્ડિયામાં બેસતા નહીં

। ઓટ્ટાવા, તા.૫ ।

કેનેડામાં ભારત વિરોધી તત્વો કેટલા બેખોફ થઈને ભારતને ધમકી આપે છે તેનો વધુ એક પુરાવો મળ્યો છે. કેનેડામાં ખાલિસ્તાન તરફી ચળવળ ચલાવતા ગુરપતવંત સિંહ પન્નુએ શીખોને ચેતવણી આપી છે કે ૧૯ નવેમ્બર પછી કોઈએ એર ઈન્ડિયાની ફ્લાઈટમાં બેસવું નહીં, કારણ કે ત્યાર પછી બધાના જીવ જોખમમાં મૂકાવાના છે. ખાલિસ્તાન તરફી ત્રાસવાદીઓ દાયકાઓ અગાઉ એર ઈન્ડિયાની કેનેડાની ફ્લાઈટને બોમ્બથી ઉડાવી ચૂક્યા છે તેથી આ ધમકીને પણ બહુ ગંભીરતાથી લેવામાં આવે છે. કેનેડામાં ભારત વિરોધી તત્વો ઘણા સમયથી સક્રિય થયા છે અને તેમાં કેટલાક ખાલિસ્તાનવાદી ત્રાસવાદીઓ શંકાસ્પદ સંજોગોમાં માર્યા ગયા છે.

કેનેડામાં અત્યારે શીખ ફોર જસ્ટિસ નામનું કટ્ટરવાદી સંગઠન સક્રિય છે જેના વડા તરીકે ગુરપતવંત સિંહ પન્નુ છે. તેણે શીખોને સલાહ આપી છે કે ૧૯ નવેમ્બર પછી કોઈએ એર ઈન્ડિયાની ફ્લાઈટમાં બેસવું નહીં. અગાઉ ૧૯૮૫માં એર ઈન્ડિયાની બોઈંગ ૭૪૭ કનિષ્ક ફ્લાઈટને આકાશમાં જ ઉડાવી દેવાઈ હતી. પન્નુને કહ્યું છે કે ૧૯ નવેમ્બરે ગ્લોબલ બ્લોકેડ કરવામાં આવશે અને એર ઈન્ડિયા કોઈ પણ જગ્યાએ ઉડાન નહીં ભરી શકે. તે દિવસે ઈંદિરા ગાંધી ઈન્ટરનેશનલ એરપોર્ટ પણ બંધ રાખવા માટે પન્નુને હાકલ કરી છે.

**ન્યૂઝ બ્રિફ**

### સતલાસણા ગોઠડા હાઈવે પર ગમખ્વાર અકસ્માત સર્જાયો

। મહેસાણા, તા.૫ ।

સતલાસણા ગોઠડા હાઈવે પર ગમખ્વાર અકસ્માત સર્જાયો છે. રીક્ષા અને ટ્રક વચ્ચે અકસ્માતની ઘટના બની છે. આ અકસ્માતમાં ઘટના સ્થળે જ ત્રણ લોકોના થયા મોત થયા છે જ્યારે પાંચ જેટલા લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે. આ અંગે સામે આવેલી વિગતો અનુસાર સતલાસણાથી પેસેન્જર રીક્ષા મુસાફર ભરી જતી હતી તે દરમિયાન પેસેન્જર રીક્ષાને ટ્રકે ટક્કર મારી હતી. આ ટક્કર એટલી ગંભીર હતી કે, ઘટના સ્થળ પર જ ૩ લોકોએ દમ તોડી દીધો હતો. અકસ્માતની જાણ થતા સ્થાનિકો ઘટના સ્થળે પહોંચી ગયા હતા અને ઘાયલોને ૧૦૮ની મદદથી હોસ્પિટલ લઈ જવાયા હતા. અકસ્માતની ઘટનાને પગલે અફરા તફરી મચી જવા પામી હતી. અકસ્માત સ્થળે મોટી સંખ્યામાં લોકો એકઠા થઈ ગયા હતા.

### વડોદરામાં મહારાષ્ટ્રથી આવેલા વ્યક્તિ સાથે રિક્ષામાં લૂંટની ઘટના બની

। વડોદરા, તા.૫ ।

વડોદરામાં મહારાષ્ટ્રથી આવેલા વ્યક્તિ સાથે રિક્ષામાં લૂંટની ઘટના બની છે. આજવા રોડ સરદાર એસ્ટેટ પાસે લૂંટની ઘટના બની. મુસાફરને રિક્ષામાં બેસાડીને પર્સ અને મોબાઈલ પડાવી લીધા હતા. તીક્ષ્ણ હથિયાર બતાવી લૂંટારૂઓએ ધમકાવ્યો હતો. વ્યક્તિએ બસ ડેપો જવા માટે કરી હતી રિક્ષા કરી હતો. વારસિયા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. મહારાષ્ટ્રના નંદુરબારથી વડોદરા આવેલા વ્યક્તિ સાથે લૂંટની ઘટના બની છે. ભોગ બનનાર વ્યક્તિએ બસ ડેપો જવા માટે રિક્ષા ઉભી રાખી અને તેમાં સવાર થયો. જે બાદ રિક્ષામાં આવેલા લૂંટારૂઓએ વ્યક્તિને તીક્ષ્ણ હથિયાર બતાવ્યંહ અને આ બાદ વ્યક્તિને લૂંટારૂઓએ ધમકાવ્યો. મહત્વનુ છે કે વ્યક્તિનું પાકિટ અને મોબાઈલ લૂંટીને આ લોકો ફરાર થયા હતા. સમગ્ર ઘટના વડોદરા શહેરના આજવા રોડ સરદાર એસ્ટેટ પાસે બની છે.

અમદાવાદના પોશ વિસ્તારમાં મોડીરાત્રે મોટો કાંડ

# પેટ્રોલ પંપમાં બે લૂંટારાઓએ ઓફિસમાં પ્રવેશી લૂંટ ચલાવી

## લૂંટારુએ બંને પોલીસ કર્મીઓને પિસ્ટલ દેખાડી તેમ છતાં જીવના જોખમે પોલીસે બંનેને લૂંટારુને દબોચી લીધા

। અમદાવાદ, તા.૫ ।

શહેરમાં પેટ્રોલ પંપમાં પિસ્ટલથી લૂંટ ચલાવીને ભાગતા લૂંટારૂઓને આનંદનગરના ૨ પોલીસકર્મીએ ફિલ્મી ઢબે પીછો કરીને ઝડપી પાડયા છે. લૂંટારુઓ પોલીસકર્મીને પિસ્ટલ દેખાડતા હાથ પર લાકડી મારી પોલીસ કર્મીએ જીવના જોખમે પકડી પાડ્યા છે. અમદાવાદના આનંદનગર વિસ્તારમાં દિવાળી અગાઉ જ લૂંટની ઘટના બની હતી. આનંદનગરના ૧૦૦ ફૂટ રોડ પર આવેલ શેલ પેટ્રોલ પંપમાં ગઈ મોડી રાત્રે પિસ્ટલની નોક પર બે લૂંટારાએ ઓફિસમાં પ્રવેશ કરી મોબાઈલ ફોન તેમજ રોકડની લૂંટ ચલાવી હતી. ત્યારે લૂંટ સમયના આ દ્રશ્યો પેટ્રોલ પંપમાં લાગેલા સીસીટીવીમાં કેદ થઈ ગયા હતા. સીસી ટીવીમાં સ્પષ્ટ જોઈ શકાય છે કે કઈ રીતે આ લૂંટારો ફિલ્મી ઢબે પિસ્ટલ દેખાડીને લૂંટ ચલાવી રહ્યા છે. આ લૂંટ કર્યા બાદ લૂંટારુઓએ ભાગતા ત્યારે જ આનંદનગર પોલીસ સ્ટેશનના બે પોલીસ કર્મીઓ એક રાજેશ નંદાણીયા અને બીજા વીરેન્દ્રસિંહ રાઠોડ પેટ્રોલિંગમાં હતા અને ત્યાંથી પસાર થઈ રહ્યા હતા. ત્યારે જ ટોળું જોઈને હતું કે લૂંટ થઈ છે ત્યારે લૂંટારુઓ જે તરફ ભાગ્યા ત્યારે એની પાછળ ભાગ્યા હતા. લૂંટારુનું બાઈક ચાલુ ન થયું ત્યારે એનો દોઢ કિલોમીટર સુધી ફિલ્મી ઢબે પીછો કરીને એક લૂંટારુ ગાર્ડનમાં બેઠેલા એક દંપતીને પિસ્ટલ દેખાડીને બાઈક માંગી રહ્યા હતા. ત્યારે જ બંને લૂંટારુએ બંને પોલીસ કર્મીઓને પિસ્ટલ દેખાડી તેમ છતાં જીવના જોખમે પોલીસની લાઠી મારીને બંનેને લૂંટારુને પોલીસ કર્મી રાજેશ નંદાણીયા અને બીજા વીરેન્દ્રસિંહ રાઠોડ દબોચી લીધા હતા અને પોલીસ સ્ટેશન લઈ ગયા હતા. તમે જોઈ શકો છો કે આનંદનગર પોલીસેની ગિરફ્તમાં ઉભેલા આ લૂંટારુઓના નામ છે વકીલ સહાની, સંજય સહાની આ બન્ને આરોપીઓ છેલ્લા ત્રણ વર્ષથી અમદાવાદમાં અલગ અલગ મજૂરી કરે છે અને આરોપીઓની પૂછપરછ બિહારથી સિકંદર સહાનીએ આ પિસ્ટલ મંગાવી હતી અને સિકંદર સહાનીએ લૂંટના સ્થળની રેકી કરી હતી. લૂંટના સ્થળ પર હાજર હતો, ત્યારે જીવના જોખમે બંને પોલીસ કર્મીએ સરાહનીય કામગીરી કરતા રાજેશ નંદાણીયા અને બીજા વીરેન્દ્રસિંહ રાઠોડને પોલીસ અધિકારી દ્વારા બિરદાવવામાં આવ્યા હતા.

બોપલનો લૂંટ વિથ ગેંગરેપ કેસ

## ઓનલાઇન ખરીદેલી રમકડાંની રિવોલ્વરને આધારે લૂંટ ચલાવાઇ

। અમદાવાદ, તા.૫ ।

સિક્યોરિટી ગાર્ડે લૂંટ વિથ ગેંગરેપ પહેલાં ઓનલાઇન રમકડાંની રિવોલ્વર ખરીદી લીધી હતી અને આ જ રમકડાંની રિવોલ્વરને આધારે તેમણે લૂંટ ચલાવી હતી.

ઝડપાયેલા પાંચેય આરોપીઓની કડક પૂછપરછ કરવામાં આવી હતી. જેમાં અનેક ખુલાસા થયા છે. પાંચેય આરોપીઓએ ઓનલાઈન કાર બુક કરાવી હતી. આ ઉપરાંત પોલીસ તપાસ દરમિયાન પીએસઆઈનો યુનિફોર્મ પણ મળી આવ્યો હતો. યોગેશ યાદવ નામના સિક્યોરિટી એજન્સી ચલાવનાર વ્યક્તિની તપાસ કરવામાં આવી હતી. ત્યારે બોપલ પોલીસે વધુ એક ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

આ ઉપરાંત આ સિક્યોરિટી એજન્સીનું લાયસન્સ રદ કરવા માટે પણ રજૂઆત કરવામાં આવી છે. આ સમગ્ર લૂંટનો પ્લાન મનજીત જોહાલે કર્યો હતો. ત્યારે આ સમગ્ર તપાસ DySPને સોંપવામાં આવી છે. મુખ્ય આરોપી મનજીત જોહાલ અને અમરિતપાલ ગીલનો ગુનાહિત ઈતિહાસ છે. ત્યારે મનજીત ડિસેમ્બરમાં પ્રેમ લગ્ન કરવાનો હતો અને તે માટે તેને પૈસાની જરૂર હતી અને તેણે લૂંટનો પ્લાન બનાવ્યો હતો.

ઠંડીની શરુઆત સાથે જ હવે ચોરીના બનાવોની શરુઆત થઈ

## અમદાવાદના માધુપુરામાં તસ્કરો દ્વારા ૧૦.૩૨ લાખની ચોરી આચરી

### દુકાનમાંથી ૧૦.૩૨ લાખની ચોરી કરીને બુકાનીધારી પલાયન થઈ ગયા : સીસીટીવી આધારે પોલીસ તપાસ શરૂ

। અમદાવાદ, તા.૫ ।

ઠંડીની શરુઆત સાથે જ હવે ચોરીના બનાવોની શરુઆત થઈ છે. અમદાવાદ શહેરના ભરચક વિસ્તાર ગણાતા માધુપુરામાં પણ એક વેપારીની ઓફિસમાં રાત્રી દરમિયાન તસ્કરો બાથરુમની જાળી તોડીને અંદર ઘૂસ્યા હતા. દુકાનમાંથી ૧૦.૩૨ લાખની ચોરી કરીને બુકાનીધારી તસ્કરો અંધારામાં પલાયન થઈ ગયા હતા. પોલીસે હવે સીસીટીવી આધારે તપાસ શરુ કરી છે. અમદાવાદ શહેરમાં તસ્કરોએ ઠંડીની શરુઆત સાથે જ હવે ત્રાસ વધારવો શરુ કરી દીધો છે. શહેરના માધુપુરા વિસ્તારમાં તસ્કરોએ ચોરીની ઘટનાને અંજામ આપ્યો છે. તસ્કરોએ એક એલઈડી સ્ક્રીનના વેપારીને ત્યાં તસ્કરોએ ત્રાટકીને ૧૦ લાખ ૩૨ હજાર રુપિયાની મત્તાની ચોરી આચરી છે. તસ્કરોએ બાથરુમની બારીમાં થઈને ઓફિસમાં પ્રવેશ કરીને ચોરી કરી છે. તસ્કરોએ બાથરુમની જાળી તોડીને મોંઢે રુમાલ જેવા કપડાથી બાંધીને ઓફિસમાં પહોંચે છે. જે દ્રશ્યો સીસીટીવીમાં કેદ થયા છે. જેને લઈ હવે સ્થાનિક પોલીસ દ્વારા સીસીટીવી દ્રશ્યો આધારે ચોરીનો ભેદ ઉકેલવા માટે પ્રયાસ શરુ કર્યો છે.

ઠંડીની સિઝન શરુ થવા સાથે જ હવે તસ્કરો શહેરી અને ગ્રામ્ય વિસ્તારમાં ચોરીઓ આચરવાની ઘટનાઓના પ્રમાણમાં સામાન્ય રીતે વધારો જોવામાં આવતો હોય છે. અમદાવાદમાં પોલીસે તસ્કરો સામે જોકે દિવાળીને લઈ આયોજન ઘડ્યુ છે.

અમદાવાદમાં એક ચોંકાવનારી ઘટના સામે આવી

## બે કર્મચારીઓ વચ્ચેની મજાકમાં એક જણને જીવ ગુમાવવો પડ્યો

। અમદાવાદ, તા.૫ ।

બે કર્મચારીઓ વચ્ચેની મજાકમાં એકે જીવ ગુમાવવાની ઘટના સામે આવી છે. અમદાવાદના વટવાની જીઆઈડીસીમાં કામના સમય દરમિયાન મજાક કરતા એકે બીજાના શરીરના ગુપ્ત ભાગે એર કંપ્રેશરની પાઈપ ભરાવી દીધી હતી. હવાના વધારે દબાણને લઈ યુવકના શરીરના આંતરીક અંગોમાં ઈજાઓ થવાને લઈ સારવાર દરમિયાન મોત નિપજ્યુ હતુ. ઘટનાને લઈ વટવા પોલીસે સાઅપરાધ માનવવધનો ગુનો દાખલ કરી તપાસ શરુ કરી છે. અમદાવાદમાં એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. વટવા જીઆઈડીસીમાં એક ખાનગી કંપનીમાં બે કર્મચારીઓ મજાકના મૂડમાં હતા. આ દરમિયાન એક કર્મચારીએ બીજા યુવકના ગુપ્ત ભાગે એર કમ્પ્રેશરની પાઈપ ભરાવી દીધી હતી. જેને લઈ અન્ય યુવકને હોસ્પિટલ ખસેડવો પડ્યો હતો. યુવકે સારવાર દરમિયાન દમ તોડી દેતા વટવા પોલીસે તપાસ શરુ કરી છે. બે કર્મચારીઓ વચ્ચેની મજાકમાં એકે જીવ ગુમાવવો પડ્યો છે. એક એ બીજા કર્મચારીના ગુપ્ત ભાગે એર કમ્પ્રેશરની પાઈપ ભરાવી દેવાઈ હોવાથી શરીરના આંતરીક અંગોમાં ભારે નુકશાન પહોંચ્યુ હતુ.

## વડોદરામાં ૪૧ જેટલા રખડતા ઢોરને પકડી ઢોર ડબ્બામાં પુરવામાં આવ્યા

### હાઇકોર્ટે કરેલી લાલ આંખ બાદ રાજ્યના તમામ શહેર જિલ્લાની ઢોર પાર્ટી એક્શનમાં આવી ગઈ છે

। વડોદરા, તા.૫ ।

હાઈકોર્ટે કરેલી લાલ આંખ બાદ રાજ્યના તમામ શહેર જિલ્લાની ઢોર પાર્ટી એક્શનમાં આવી ગઈ છે. અત્યાર સુધી ઢોર પાર્ટી સમગ્ર રાજ્યમાં નામ પૂરતા ઢોર પકડતી હતી પરંતુ હવે આ આંક દિન પ્રતિદિન વધી રહ્યો છે. ઉલ્લેખનીય છે કે સમા ચાર રસ્તા ચાણક્યપુરી થી રાંદલ નગર તરફ જવાના રસ્તે ગેરકાયદે બનાવવામાં આવેલા ચાર ઢોરવાડા તોડી પાડવામાં આવ્યા છે. આ ઉપરાંત વિવિધ વિસ્તારમાં રખડતી ૪૧ ગાય પશુ ઢોર પાર્ટી દ્વારા પકડીને પાંજરાપોળમાં મૂકવામાં આવ્યા છે જ્યારે ૧૨૧ ઢોર-ગાયને ટેગિંગ કરવામાં આવ્યું છે. જોકે પાલિકા તંત્રની આ કામગીરીમાં છેલ્લા બે



દિવસથી પૂરતો પોલીસ બંદોબસ્ત મળી રહે છે પરંતુ આ અગાઉ નિયત માંગેલા બંદોબસ્ત કરતા પોલીસ કર્મીઓ ઓછા મળતા હતા. જેથી રખડતા ઢોર ગાય પકડવા બાબતે કેટલીય જગ્યાએ ઘર્ષણ પણ થતું હતું પરિણામે પાલિકા તંત્રની કામગીરી ઉપર અસર પડતી હતી. ઉલ્લેખનીય છે કે સમગ્ર રાજ્યમાં જુદા જુદા શહેરોમાં તથા વડોદરામાં રખડતા ઢોર પશુ ગાયના કારણે અનેક લોકોને પશુએ શિંગણે ચડાવ્યા છે અને કેટલાક નિર્દોષને જીવ પણ ગુમાવવાનો વારો આવ્યો છે. ઉપરાંત વાહન ચાલકોને પણ રખડતા ઢોરના કારણે સતત અકસ્માતનો ભય રહેતો હોય છે ત્યારે હાઈકોર્ટે રખડતા ઢોર પશુ ગાય બાબતે લાલ આંખ કરી હતી. પરિણામે ઢોર પકડવા બાબતે વડોદરામાં દિવસભર જુદી જુદી ૧૦ ટીમો કાર્યરત રહે છે જે અગાઉ ચારથી પાંચ જેટલી ટીમો કાર્યરત રહેતી હતી. દરમિયાન સમા વિસ્તારના ચાણક્યપુરી ચાર રસ્તા થી રાંદલ નગર તરફ જવાના રસ્તે બનાવેલા ગેરકાયદે ચાર ઢોરવાડા પાલિકા તંત્ર દ્વારા પાડવામાં આવ્યા હતા. આ ઉપરાંત જુદા જુદા વિસ્તારમાંથી પોલીસ ટીમ સાથે રહેતા રખડતા ૪૧ પશુ ઢોર ગાય ઢોર પાર્ટી દ્વારા પકડી પકડીને પાંજરાપોળમાં મુકાયા હતા.

બોલાચાલી બાદ બંને પરિવારના સભ્યોનો એકબીજા પર જીવલેણ હુમલો થયો

## વડોદરામાં આંતરિક વિખવાદમાં બે પરિવારો વચ્ચે જાહેરમાં મારામારી થઇ

। વડોદરા, તા.૫ ।

વડોદરાના કલાલીમાં બે પરિવાર વચ્ચે આંતરિક વિખવાદ મામલે ઝઘડો થયો હતો. જે પછી બંને પરિવાર ઉગ્ર થઈ ગયા હતા અને મારામારી પર આવી ગયા હતા. ટ્રેક્ટરના હપ્તાને લઈને થયેલા વિખવાદે ઉગ્ર રૂપ ધારણ કરતા એક બીજા પર હથિયાર લઈને તુટી પડ્યા હતા. બે વ્યક્તિ પર તલવારથી હુમલો કરાતા તે ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા. વડોદરામાં આંતરિક વિખવાદમાં બે પરિવારો વચ્ચે જાહેરમાં મારામારી થઈ છે. પહેલા માંજલપુર પોલીસ મથકની હદમાં મારામારી થઈ હતી. જે પછી ઈજાગ્રસ્તોને જીજીપ્મમાં લાવ્યા બાદ હોસ્પિટલમાં પણ મારામારી થવાની ઘટના સામે આવી છે. બોલાચાલી બાદ બંને પરિવારના સભ્યોનો એકબીજા પર જીવલેણ હુમલો થયો હતો. ઘટના કંઈક એવી છે કે વડોદરાના કલાલીમાં બે પરિવાર વચ્ચે આંતરિક વિખવાદ મામલે ઝઘડો થયો હતો. જે પછી બંને પરિવાર ઉગ્ર થઈ ગયા હતા.

અને મારામારી પર આવી ગયા હતા. ટ્રેક્ટરના હપ્તાને લઈને થયેલા વિખવાદે ઉગ્ર રૂપ ધારણ કરતા એક બીજા પર હથિયાર લઈને તુટી પડ્યા હતા. બે વ્યક્તિ પર તલવારથી હુમલો કરાતા તે ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા.

**વિશેષ** | એકમાત્ર આપણી પૃથ્વી પર આટલુ બધું પાણી ક્યાંથી આવ્યું?

# આપણી ગેલેક્સીમાં ઘણાં એસ્ટરોઇડ્સ છે જેમાં ઘણાં બધાં પાણી છે



**સાંપ્રત પ્રવાહો**

લેખક : દીપક જગતાપ



આજે ૮ જૂન, વિશ્વ મહાસાગર દિવસ છે. આજે આપણે અફાટ સાગર ના પાણી ની વાત કરવી છે.સમગ્ર બ્રહ્માંડ મા અસંખ્ય ગ્રહો, ઉપ ગ્રહો, ગેલેક્ષીઓ આવેલી છે પણ એક માત્ર પૃથ્વી પર જ જીવનજોવા મળ્યું છે. જેનું એક માત્ર કારણ પાણી. હા,પૃથ્વી પરભરપૂર માત્રામાં પાણી છે. નદી, તળાવો, મહાસાગર, બર્ફીલા પ્રદેશ, વરસાદને કારણે પૃથ્વી પર પ્રચુર માત્રા પાણી છે. પણ સવાલ એ ઉપસ્થિત થાય છે કે કોઈ પણ ગ્રહ પર નહીં અને માત્ર પૃથવી પર જ પ્રચુર માત્રામાં પાણી કેમ છે? અને સૌથી મોટો પ્રશ્ન તો એ છે કે આટલુ બધું પાણી પૃથ્વી પર આવ્યું ક્યાંથી? એ અંગે વિજ્ઞાનીઓએ ઘણા સંશોધનો કર્યા છે.

આપણી ગેલેક્સીમાં ઘણા તૂટી રહેલા તારાઓનો સમાવેશ થાય છે જે એક એસ્ટરોઇડના અવશેષો છે. તેઓ નક્કર પથ્થરના દડાના રૂપમાં તારા પર પડ્યા કરે છે. એસ્ટરોઈડ વાતાવરણનું નિરીક્ષણ કરનારા વૈજ્ઞાનિકોના જણાવે છે કે એસ્ટરોઈડ પથ્થરમાંથી બને છે, પરંતુ તેમાં પણ ઘણું પાણી હોય છે. આ પરિણામના આધારે, આ સવાલનો જવાબ શોધી શકાય છે, પૃથ્વી પરનું પાણી ક્યાંથી આવ્યું?

વૈજ્ઞાનિકોનો અંદાજ છે કે આપણી ગેલેક્સીમાં ઘણાં એસ્ટરોઈડ્સ છે જેમાં ઘણાં બધાં પાણી છે. આ પાણી ગ્રહોને પાણી પહોંચાડે છે અને જીવન તરફ દોરી જાય છે. યુ.કે.ની યુનિવર્સિટી ઓફ વોરિકના સંશોધનકર્તા રોબર્ટો રેડી કહે છે, ’અમારા સંશોધનથી જાણવા મળ્યું છે કે જે રીતે ઝાઝા પાણી વાળા શુદ્ર ગ્રહ ની વાત થઈ રહી છે,એવા શુદ્ર ગ્રહ આપના સૌરમંડળમાં વધારે મળી આવે છે. વિજ્ઞાનીઓનું અનુમાન છે કે ઘણા સમય પહેલા, પૃથ્વી ખૂબ જ સૂકી અને ઉજ્જડ હોવી જોઈએ. તે વધુ પાણી સાથે કોઈ ગ્રહ સાથે ટકરાઈ ગયું હોવું જોઈએ અને તે પછી તે ગ્રહનું પાણી પૃથ્વી પર આવી ગયું હશે.

આ સંશોધનને વિશ્વસનીય બનાવવા માટે, રેડીએ બતાવવું પડ્યું ઉચા પાણી સાથે એસ્ટરોઈડની હાજરી સામાન્ય છે. આ માટે, તેમને જૂના વાયર વિશે જાણવાની જરૂર હતી. જ્યારે તારો તેના અંત તરફ આગળ વધે છે, ત્યારે તે સફેદ વામન તારામાં ફેરવાય છે. તેનું કદ નાનું હોઈ શકે છે પરંતુ તેના ગુરુત્વાકર્ષણ બળમાં કોઈ ઘટાડો નથી. તેની પાસે આસપાસના એસ્ટરોઈડ્સ અને ધૂમકેતુઓને તેના વાતાવરણમાં ખેંચીને ખેંચવાની શક્તિ છે.

આ ટકરાવો છતી કરે છે કે આ પત્થરો કયાં બનેલા છે. ઓક્સિજન અને હાઈડ્રોજન જેવા રાસાયણિક તત્વો પ્રકાશને જુદા જુદા શોષી લે છે. રેડની રિસર્ચ ટીમે મૃત્યુ પામેલા વાયર પર પડતા પ્રકાશની પેટર્નનો અભ્યાસ કર્યો છે. આ અભ્યાસ કેનેરી આઈલેન્ડ્સ પર સ્થિત વિલિયમ હર્ષેલ ટેલિસ્કોપની મદદથી કરવામાં આવ્યો હતો. રેડી અને તેના સાથીઓએ ૫૦૦ પ્રકાશ વર્ષ દૂર સમાપ્ત થતા વાયર પર સંશોધન કર્યું હતું. તેણે વિખરાયેલા એસ્ટરોઈડ્સના રાસાયણિક સંતુલનનો અંદાજ કાઢવાનો પ્રયાસ કર્યો. તેઓએ શોધી કાઢ્યું કે તેઓ પાસે પથ્થર ઉપરાંત પુષ્કળ પાણી છે.

રોયલ એસ્ટ્રોનોમિકલ સોસાયટીની માસિક નોટિસમાં, આ સંશોધકોએ લખ્યું છે કે પર્યાપ્ત પાણીવાળા એસ્ટરોઈડ ગેલેક્સીના અન્ય ગ્રહોમાં પાણી લાવી શકે છે. રેડીએ તારણ કાઢ્યું, ‘ઘણા એસ્ટરોઈડ્સ પર પાણીની હાજરી શક્યતાને મજબૂત કરે છે કે આપણા મહાસાગરોમાં પાણી શુદ્ધ ગ્રહો સાથે ટકરાવાથી આવ્યું છે.’ તાજેતરમા વૈજ્ઞાનિકોએ આપણા સૌરમંડળની બહારના ઘણા ગ્રહો શોધી કાઢ્યા છે. એકલા કેપ્લર ટેલિસ્કોપે ૧૦૦૦ થી વધુ ગ્રહો શોધી કાઢ્યા છે. આવા બાહ્ય ગ્રહો પર જીવન પણ આવી શકે છે. જો તે પૃથ્વીના કદ સમાન હોય અને તેમના તારાના ’ગોલ્ડિલોક્સ ઝોન’ માં હોય, એટલે કે પૃથ્વીની જેમ, જ્યાં તાપમાન ન તો ખૂબ ઉચું અથવા ખૂબ નીચું હોય, તો તેમના પર જીવનની સંભાવના છે.

સંશોધનનાં સહ-લેખક અને યુનિવર્સિટી ઓફ વોરિક બોરિસ ગેંસીકના જણાવ્યા મુજબ, જળ-જથ્થોથી ગ્રહિત ગ્રહ પણ આવા ગ્રહો સુધી પાણી પહોંચ્યા હશે. આપણે જાણીએ છીએ કે પાણી વિના જીવનના અસ્તિત્વની કલ્પના કરી શકાતી નથી. જો કે, ગેન્સિક એવું પણ માને છે કે જો કોઈ બાહ્ય ગ્રહ પર જીવનની હાજરી હોય તો પણ તેને શોધી કાઢવું ખૂબ મુશ્કેલ રહેશે.

હવે આપણી પૃથ્વી પર કેટલું પાણી છે તે જાણીએ આપણી પૃથ્વીની સપાટી પર પાણીની વિપુલ માત્રા એ પૃથ્વીનું એક એવું અદ્વિતીય પાસું છે.જે તેને સૌરમંડળમાં "ભૂરા ગ્રહ’ તરીકે બીજા ગ્રહોથી જુદી પાડે છે. પૃથ્વીનું જળમંડળ મુખ્યત્વે મહાસાગરોનું બનેલું છે પણ આમ જોવા જઈએ તો તેમાં વિશ્વના તમામ જળાશયો- ભૂમધ્ય સમુદ્રો, સરોવરો, તળાવ, નદી અને ૨,૦૦૦ મી.ના ઊંડાણે આવેલા ભૂતળના જળનો પણ સમાવેશ થાય છે. દરિયામાંની સૌથી ઊંડી જગ્યા પૅસિફિક મહાસાગર માં મરિઆના ખાઈની ચેલેન્જર ડીપ છે, જે -૧૦,૯૧૧.૪ મી. ઊંડાઈ ધરાવે છે.મહાસાગરોની સરેરાશ ઊંડાઈ ૩,૮૦૦ મી. હોય છે, જે ખંડોની સરેરાશ ઊંચાઈ કરતાં ચારગણી છે. મહાસાગરોનું દળ લગભગ ૧.૩૫×૧૦૧૮ મેટ્રિક ટન અથવા તો પૃથ્વીના કુલ દળના ૧/૪૪૦૦ ભાગ જેટલું છે અને તે૧.૩૮૬×૧૦૯ કિ.મી.૩ જેટલો વિસ્તાર રોકે છે.

જો પૃથ્વી પર જમીન એકસરખી સપાટ રીતે વિસ્તરેલી હોત તો પાણીની સપાટી ૨.૭ કિ.મી. કરતાં પણ વધુ ઊંચાઈએ હોત. ચહીં ૧પૃ આશરે ૯૭.૫% પાણી ખારું/ક્ષારયુકત છે જયારે બાકીનું ૨.૫% પાણી તાજું છે. આ તાજા પાણીનો મોટો ભાગ, આશરે ૬૮.૭%, અત્યારે બરફ સ્વરૂપે છે.

મહાસાગરોના કુલ દળનો લગભગ ૩.૫% ભાગ નમક મીઠાંનો બનેલો છે. મીઠાંનો આ જથ્થો કાં તો જવાળામુખીમાંથી મુકત થયો હોય છે અથવા તો પછી ઠંડા પડેલા અગ્નિકૃત ખડકોમાંથી ખેંચાયેલો હોય છે. ઘણી દરિયાઈ જીવ-સૃષ્ટિના અસ્તિત્વ માટે આવશ્યક એવા વાતાવરણમાંના ઓગળેલા વાયુઓ પણ મહાસાગરમાં સંગ્રાહાયેલા હોય છે. વિશ્વના હવામાનને દરિયાના પાણી ખૂબ મહત્ત્વપૂર્ણ રીતે અસર કરે છે.

અવકાશમાંથી પૃથ્વીનું અવલોકન કરતી વખતે સૌ પ્રથમ પ્રવાહી પાણીના સમુદ્રોનજરે પડે છે. સપાટીના ક્ષેત્રની દ્રષ્ટિએ, સમુદ્રો પૃથ્વીનો આશરે ૭૦% હિસ્સો આવરી લે છે.

પૃથ્વીના વાતાવરણની જેમ, જીવન ટકાવી રાખવા માટે પ્રવાહી પાણીની હાજરી એ જરૂરી માપદંડ છે. વિજ્ઞાનીઓ માને છે કે પૃથ્વી પરનું જીવન પ્રથમ ૩..૮ અબજ વર્ષો પહેલાં ઉભરી આવ્યું હતું, અને તે સમુદ્રમાં હતું, અને જમીન પર ખસેડવાની ક્ષમતા ખૂબ પાછળથી જીવંત વસ્તુઓમાં દેખાઈ હતી.

વિજ્ઞાનીઓઓ બે કારણોસર પૃથ્વી પર મહાસાગરોની હાજરીને સમજાવે છે. આમાં પ્રથમ પૃથ્વી પોતે છે. એવી અટકળો છે કે પૃથ્વીની રચના દરમિયાન, ગ્રહનું વાતાવરણ પાણીના વરાળના મોટા પ્રમાણમાં કબજે કરવામાં સક્ષમ હતું. સમય જતાં, ગ્રહની ભૌગોલિક પદ્ધતિઓ, મુખ્યત્વે તેની જ્વાળામુખીની પ્રવૃત્તિ, આ જળ વરાળને વાતાવરણમાં છોડી દેતી, જેના પછી, વાતાવરણમાં, આ બાષ્પ ઘટ્ટ થઈ ગયો અને પ્રવાહી પાણીના સ્વરૂપમાં ગ્રહની સપાટી પર પડ્યો. બીજો સંસ્કરણ સૂચવે છે કે ભૂતકાળમાં પૃથ્વીની સપાટી પર પડતા જળનો સ્રોત ધૂમકેતુઓ હતો, બરફ જે તેમની રચનામાં પ્રચલિત હતો અને પૃથ્વી પરના જળસંગ્રહની રચના કરતો હતો. જ્યાં સુધી પૃથ્વી પર પાણી હશે ત્યાં સુધી પૃથ્વી પર જીવન ધબકતું રહેશે એ નક્કી છે.



## રચિન રવીન્દ્રની વન-ડે વર્લ્ડ કપમાં ન્યૂઝીલેન્ડ માટે સૌથી વધુ સદી

। નવી દિલ્હી, તા.૫ ।

ન્યુઝીલેન્ડ અને પાકિસ્તાન વચ્ચે આજે વન-ડે વર્લ્ડ કપ૨૦૨૩ની ૩૫મી મેચ રમાઈ રહી છે. આ મેચમાં ન્યુઝીલેન્ડના યુવા બેટ્સમેન રચિન રવીન્દ્રે સદી ફટકારી ઈતિહાસ રચી દીધો છે. ન્યુઝીલેન્ડ માટે તે વન-ડે વર્લ્ડ કપમાં સૌથી વધુ સદી ફટકારનાર ખેલાડી બની ગયો છે. રચિનના નામે વન-ડે વર્લ્ડ કપ ૨૦૨૩માં ત્રણ સદી થઈ ગઈ છે. તેણે ૮૮ બોલમાં ૧૪ ચોગ્ગા અને ૧ છગ્ગાની મદદથી સદી ફટકારી હતી. રચિન રવીન્દ્રે આ પહેલા ઓસ્ટ્રેલિયા અને ઈંગ્લેન્ડ સામે સદી ફટકારી હતી. પાકિસ્તાન સામે સદી ફટકારતાની સાથે જ તે વન-ડે વર્લ્ડ કપમાં ત્રણ સદી ફટકારનાર સૌથી યુવા બેટ્સમેન બની ગયો છે. રચિને ૨૩ વર્ષની વયે આ સિદ્ધિ મેળવી છે. આ મામલે તેણે સચિન તેંડુલકરને પાછળ છોડી દીધો છે. સચિનના નામે ૨૩ વર્ષની ઉંમરે ૨ સદી હતી. આ ઉપરાંત ડેબ્યૂ વન-ડે વર્લ્ડ કપમાં ત્રણ સદી ફટકારનાર તે પ્રથમ ખેલાડી બની ગયો છે. પાકિસ્તાન સામે આજે રચિન રવીન્દ્રને ઓપનિંગ કરવાની તક મળી હતી. તે વન-ડે વર્લ્ડ કપ૨૦૨૩માં શાનદાર ફોર્મમાં ચાલી રહ્યો છે. તે હાલ વન-ડે વર્લ્ડ કપ૨૦૨૩માં સૌથી વધુ રન બનાવનાર બેટ્સમેનોમી લીસ્ટમાં બીજા નંબરે છે.

# પાકિસ્તા માટે સેમીફાઈનલમાં પહોંચવું હજુ પણ કઠીન છે



। ઈસ્લામાબાદ, તા.૫ ।

પાકિસ્તાને ન્યૂઝીલેન્ડ સામે જીત નોંધાવીને વર્લ્ડકપ ૨૦૨૩ની સેમીફાઈનલમાં પહોંચવાની આશા જીવંત રાખી છે. ફખર ઝમાનની વિસ્ફોટક સદીના આધારે પાકિસ્તાને ડકવર્થ-લુઈસ મેથડના કારણે ન્યૂઝીલેન્ડ ટીમ સામે ૨૧ રનથી જીત મેળવી હતી. આ મેચમાં ન્યૂઝીલેન્ડે પ્રથમ બેટિંગ કરતા ૪૦૧ રનનો વિશાળ સ્કોર બનાવ્યો હતો. જવાબમાં વરસાદના કારણે રમત બંધ થઈ ત્યાં સુધીમાં પાકિસ્તાને ૨૫.૩ ઓવરમાં એક વિકેટે ૨૦૦ રન બનાવી લીધા હતા. આ પછી આગળ ગેમ થઈ શકી નહોતી. પાકિસ્તાન અને ન્યુઝીલેન્ડ બંને ટીમોએ ૮ મેચ રમી લીધી છે અને બન્ને ટીમોના ૮ પોઈન્ટ છે. પરંતુ નેટ રન રેટના કારણે ન્યુઝીલેન્ડ ટેબલમાં ચોથા સ્થાને છે અને પાકિસ્તાન પાંચમા સ્થાને છે. એટલે કે કિવી ટીમ હજુ પણ મજબૂત સ્થિતિમાં છે. બીજી તરફ, અફઘાનિસ્તાનના માત્ર ૭ મેચમાં ૮ પોઈન્ટ છે અને તે ટેબલમાં છઠ્ઠા સ્થાને છે. આવી સ્થિતિમાં, એક જીત પાકિસ્તાન અને ન્યૂઝીલેન્ડની ગેમ બગાડી શકે છે. ભારત અને દક્ષિણ આફ્રિકા સેમીફાઈનલ માટે ક્વોલિફાય થઈ ગયા છે. જ્યારે અન્ય ૨ ટીમોના સ્થાન ખાલી છે. બાબર આઝમ અને પાકિસ્તાનનું સેમીફાઈનલમાં પહોંચવાનું ગણિત બે ટીમો પર નિર્ભર રહેશે. પ્રથમ, ટીમ ઈચ્છે છે કે ન્યુઝીલેન્ડ ૯ નવેમ્બરે શ્રીલંકા સામેની મેચ હારી જાય. બીજું, અફઘાનિસ્તાન પણ બાકીની બંને મેચ હારી જાય. પાકિસ્તાન તેની છેલ્લી મેચ ૧૧ નવેમ્બરે ઈંગ્લેન્ડ સામે રમશે. ઈંગ્લિશ ટીમ પહેલા જ ટૂર્નામેન્ટમાંથી બહાર થઈ ગઈ છે. પરંતુ ન્યૂઝીલેન્ડના ૭-૦ના રેકોર્ડે પાકિસ્તાનની ચિંતા વધારી રહ્યો હશે.

ODI રેકોર્ડની વાત કરીએ તો ન્યુઝીલેન્ડ અને શ્રીલંકા વચ્ચે રમાયેલી છેલ્લી સાત મેચમાં કીવી ટીમે જીત મેળવી છે. એટલે કે તે ૭-૦થી આગળ છે. છેલ્લી બે વર્લ્ડકપ મેચોની વાત કરીએ તો અહીં પણ ન્યુઝીલેન્ડે જીત મેળવી છે. ન્યૂઝીલેન્ડે ૨૦૧૫માં શ્રીલંકાને ૯૮ રનથી અને ૨૦૧૯માં ૧૦ વિકેટથી હરાવ્યું હતું. જોકે, ન્યૂઝીલેન્ડની ટીમ સતત ૪ જીત બાદ વર્લ્ડકપ ૨૦૨૩માં સતત ૪ મેચ હારી છે. આવી સ્થિતિમાં તેના માટે પરત ફરવું આસાન નહીં હોય. અફઘાનિસ્તાને ટૂર્નામેન્ટમાં અત્યાર સુધીના વર્લ્ડકપ ઈતિહાસમાં પોતાનું સર્વશ્રેષ્ઠ પ્રદર્શન કર્યું છે. અફઘાન ટીમે ૩ ભૂતપૂર્વ ચેમ્પિયન ઈંગ્લેન્ડ, શ્રીલંકા અને પાકિસ્તાનને હરાવ્યું છે. આવી સ્થિતિમાં વધુ એક અપસેટ તેને સેમીફાઈનલમાં લઈ જઈ શકે છે. ટીમ ૭ નવેમ્બરે વાનખેડેમાં ઓસ્ટ્રેલિયા અને ૧૦ નવેમ્બરે અમદાવાદમાં દક્ષિણ આફ્રિકા સામે ટકરાશે.

### ભૂતપૂર્વ ઓલરાઉન્ડર યુવરાજ સિંહનો ધડાકો । ધોનીની અને મારી લાઈફસ્ટાઈલ એકદમ અલગ હતી ઘણી વખત તેઓ એકબીજાના નિર્ણયને પસંદ કરતા ન હતા

# હું અને ધોની મિત્ર નથી, માત્ર ક્રિકેટ પૂરતી જ દોસ્તી હતી : યુવરાજ સિંહ

। મુંબઈ, તા.૫ ।

ભારતના ભૂતપૂર્વ ઓલરાઉન્ડર અને એક સમયના સ્ટાર બેટ્સમેન યુવરાજ સિંહે કહ્યું છે કે એમ એસ ધોની અને તેની વચ્ચે મિત્રતા નથી. યુવરાજે એક ટોક શોમાં આ ધડાકો કર્યો હતો. ભારતના સૌથી સફળ કેપ્ટન તરીકે ઓળખાતા એમ એસ ધોની સાથે રમવાના અનુભવ કેવા રહ્યા તે વિશે યુવરાજ સિંહે વાત કરી હતી. ૨૦૦૭માં ભારત ટી-૨૦ વર્લ્ડ કપ જીત્યું હતું અને ૨૦૨૨માં વનડે વર્લ્ડ કપમાં ભારતનો વિજય થયો હતો. આ બંને ટુર્નામેન્ટમાં યુવરાજ સિંહે અત્યંત મહત્ત્વની ભૂમિકા ભજવી હતી. ધોનીની આગેવાની હેઠળ ભારતનો બંને ટુર્નામેન્ટમાં વિજય થયો હતો.

યુવરાજ સિંહ અને ધોની બંને એટલા આક્રમક બેટ્સમેન હતા કે તેમને બેસ્ટ ફિનિશર તરીકે ઓળખવામાં



આવતા હતા. હવે એક વીડિયો ક્લિપમાં યુવરાજે કહ્યું છે કે અમે ક્રિકેટના કારણે જ મિત્રો હતા. તેણે કહ્યું કે "હું અને ધોની ગાઢ મિત્ર ન હતા. અમારી દોસ્તી ક્રિકેટના કારણે હતી. અમે સાથે રમતા હતા. ધોનીની લાઈફસ્ટાઈલ અને મારી લાઈફસ્ટાઈલ એકદમ અલગ હતી. અમે બંને જ્યારે મેદાનમાં ઉતરતા ત્યારે અમારું ૧૦૦ પર્સસન્ટ આપવાની કોશિશ કરતા હતા. ધોની કેપ્ટન હતા અને હું વાઈસ કેપ્ટન હતો. તમે જ્યારે કેપ્ટન અને વાઈસ કેપ્ટન હોવ ત્યારે તમારા નિર્ણયોમાં ક્યાંક ઘર્ષણ પણ થવાનું છે." "કેટલીક વખત ધોની એવા નિર્ણય લેતા જે મને પસંદ ન હતા. કેટલીક વખત હું એવા નિર્ણય લેતો જે ધોનીને પસંદ ન હતા. આવું દરેક ટીમમાં થાય છે."

યુવરાજે કહ્યું કે, "મારી કારકિર્દીના અંતે મેં ધોની સાથે વાત કરી અને તેમની સલાહ માંગી. તેણે મને કહ્યું કે સિલેક્શન કમિટી હવે મને નજરમાં નથી રાખતી. કમસે કમ મને ખબર તો પડી કે મારી કારકિર્દીનું ચિત્ર શું છે. ૨૦૧૯ના વર્લ્ડકપથી અગાઉ જ આમ થયું. આ એક વાસ્તવિકતા છે." યુવરાજે કહ્યું કે બે વ્યક્તિની લાઈફસ્ટાઈલ એકદમ સરખી ન હોય અને તેથી તે એકબીજાના મિત્ર ન હોય તે સ્વભાવિક છે. બધાની સ્કીલ અલગ હોય છે. કેટલાક લોકો અમુક ચોક્કસ લોકોની સાથે ફરતા હોય છે. તમે બધાના સારા મિત્ર હોવ તે જરૂરી નથી. તમે કોઈ પણ ટીમ લેશો તો તેમાં બધા ૧૧ ખેલાડીનું એકબીજા સાથે સારું બનતું હોય તે જરૂરી નથી. પરંતુ તમે જ્યારે મેદાનમાં ઉતરો ત્યારે ઈગોને એક બાજુ મૂકીને આવવું પડે છે.

તેણે કહ્યું કે, "ઘણી વખત મેચમાં ધોનીને ઈજા થઈ હતી ત્યારે હું તેમનો રનર રહ્યો હતો. એક વખત ધોની સદી કરવાની તૈયારીમાં હતા અને તેની સદી થાય તે માટે મારે તેને સ્ટ્રાઈક અપાવવા માટે મેં છલાંગ લગાવી હતી જેથી બે રન મળે. તેવી જ રીતે નેધરલેન્ડ સામે હું ૪૮ રન પર હતો.

### ભારત-કેનેડા વચ્ચે રાજકીય તણાવની સ્થિતિ

# કેનેડાએ જ ભારત સાથે સબંધ ખરાબ કર્યા : કેન્દ્રીય મંત્રીપીયુષ ગોયેલ

## કેનેડા સાથે અમે કોઈ વાતચીત નથી રોકી, તેમણે રોકી છે, ત્યાં કેટલોક ભ્રમ છે લોકો પર અને તેમના નેતાઓમાં

। નવી દિલ્હી, તા.૫ ।

ભારત અને કેનેડા વચ્ચે કેટલાય મહિનાથી તણાવની સ્થિતિ યથાવત છે. ખાલિસ્તાની આતંકવાદી હરદીપ સિંહ નિજ્જરની હત્યાને લઈને કેનેડાના વડાપ્રધાન જસ્ટિન ટુડો દ્વારા લગાવવામાં આવેલા આરોપો બાદ બંને દેશોના સબંધો ખરાબ થયા છે. ભારત સરકારે પણ પલટવાર કરતા ભારતમાં હાજર અનેક કેનેડિયન રાજદ્વારીઓને દેશ છોડવાનું અલ્ટીમેટમ આપી દીધુ હતું અને ત્યારબાદ ૪૧ રાજદ્વારીઓને બીજા દેશમાં મોકલી દેવામાં આવ્યા હતા. બંને દેશોમાં ચાલુ તણાવ વચ્ચે મોદી સરકારે કેનેડાને કડક મેસેજ આપ્યો છે. કેન્દ્રીય મંત્રી પીયૂષ ગોયલે સ્પષ્ટ કરી દીધું કે, કેનેડાએ જ સબંધો ખરાબ કર્યા છે અને તેનાથી ભારતને નહીં પરંતુ કેનેડાને જ નુકશાન થવા જઈ રહ્યું છે. પીયૂષ ગોયલને



કેનેડા મુદ્દે સવાલ કરવામાં આવ્યો તો તેના પર તેમણે કહ્યું કે, કેનેડા સાથે અમે કોઈ વાતચીત નથી રોકી. તેમણે રોકી છે. ત્યાં કેટલોક ભ્રમ છે લોકો પર તેમના નેતાઓમાં. આ ભ્રમ કોઈ પણ આધાર વિનાનો છે. તેનાથી તેમને જ નુકશાન થશે ભારતને નહીં. અમારું માર્કેટ વધ્યુ છે. હવે નુકશાન કેનેડા અને ત્યાંની ઈકોનોમી ભરશે. આ ઉપરાંત પીયૂષ ગોયલે એમ પણ કહ્યું કે, યુકે સાથે અમારી ચર્ચા ચાલી રહી છે અને સારી ચાલી રહી છે. તેમાં અમે જયશંકર અને નિર્મલાજી સાથે મળીમે દેશ હિતમાં નિર્ણય લઈએ છીએ. લોકોની સલાહ લઈને નિર્ણય લેવામાં આવે છે. આ તે જૂનો એફએટીએ નથી જેના પર કોંગ્રેસના સમયમાં હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા, જેને ભારતીય ઉદ્યોગના લોકો દરરોજ ગાળો આપે છે કે અમને ફેર ડીલ નથી મળી. અમારી જેટલી પણ એફટીએ થઈ છે તેની કોઈ ટીકા જોવા નહીં મળે. છેલ્લા કેટલાક વર્ષોમાં કેનેડામાં ખાલિસ્તાની આંદોલનોમાં વધારો થયો છે. અનેક ખાલિસ્તાની સમર્થકોએ કેનેડામાં સમયાંતરે ખાલિસ્તાનના સમર્થનમાં પ્રદર્શનો કર્યા છે. તેને લઈને ૯-૨૦ દરમિયાન જસ્ટિન ટૂડો જ્યારે ભારત આવ્યા હતા ત્યારે પીએમ મોદીએ પણ વાતચીતમાં આ મુદ્દો ઉઠાવ્યો હતો.

### ૪૯મી સદી ફટકારતા શાનદાર ઉત્સાહનો માહોલ

# વિરાટ કોહલીએ સદી ફટકારી સચિન તેંડુલકરના રેકોર્ડની બરાબરી કરી

## કિંગ કોહલીએ આજે ક્રિકેટના ભગવાન ગણાતા તેંડુલકરના રેકોર્ડની બરાબરી કરી જબરદસ્ત સિદ્ધિ હાંસલ કરી છે



### કિંગ કોહલીનામે રેકોર્ડ

૧. T20માં સૌથી વધુ રન ૪૦૦૮ બનાવનાર બેટ્સમેન
૨. સતત ત્રણ વર્ષમાં ૨૫૦૦થી વધુ રન બનાવનાર એકમાત્ર ખેલાડી (૨૦૧૬,૧૭,૧૮)
૩. કોઈપણ એક ટીમ સામે સૌથી વધુ સદી ફટકારનાર બેટ્સમેન (શ્રીલંકા ૧૦)
૪. સૌથી વધુ ૨૦ પ્લેયર ઓફ ધ સિરીઝ જીતનાખેલાડી
૫. એક ODI શ્રેણીમાં સૌથી વધુ ૫૫૮ રન બનાવનાર બેટ્સમેન
૬ T20માં સૌથી વધુ ૩૮ અડધી સદી ફટકારનાર ખેલાડી
૭. T20માં સૌથી વધુ ૧૫ મેન ઓફ ધ મેચ એવોર્ડ જીતનાર ખેલાડીઓ
૮. T20માં એક પણ બોલ ફેંક્યા વિના વિકેટ લેનાર એકમાત્ર ખેલાડી
૯. ઓછામાં ઓછી ૩૪૮ ઇનિંગ્સમાં ૫૦ સદી ફટકારનાર ખેલાડી
૧૦. ODIમાં ૨૬ સદીનો સર્વોચ્ચ સ્કોર
૧૧. એક વર્ષમાં ઓછામાં ઓછી ૧૧ ODIમાં ૧૦૦૦ રન બનાવનાર
૧૨. કેપ્ટન જેણે ઓછામાં ઓછી ૬૫ ટેસ્ટ ઇનિંગ્સમાં ૪૦૦૦ રન બનાવ્યા
૧૩. એક વર્ષમાં છ ODIમાં સદી ફટકારનાર એકમાત્ર કેપ્ટન
૧૪. હજાર રન બનાવનાર ખેલાડીઓમાં ૫૦થી વધુની એવરેજ ધરાવનાર બેટ્સમેન
૧૫. એક જ ટીમ ઇઝમ માટે છ સદી ફટકારનાર ખેલાડી
૧૬. છ સિઝનમાં ૫૦૦થી વધુ રન બનાવનાર
૧૭. IPLની એક સિઝનમાં સૌથી વધુ ૯૭૩ રન બનાવનાર
૧૮. IPLની એક સિઝનમાં ચાર સદી ફટકારનાર
૧૯. સૌથી વધુ મેચ જીતનાર (૩૦૮)
૨૦. સૌથી વધુ ૪૦ ટેસ્ટ મેચ જીતનાર ભારતીય કેપ્ટન
૨૧. ટેસ્ટમાં કેપ્ટન તરીકે સૌથી વધુ સાત બેવડી સદી ફટકારનાર
૨૨. ODIમાં સૌથી ઝડપી ૧૨૦૦૦ રન બનાવનાર (૨૪૨ ODI)
૨૩. સૌથી વધુ ૬૮ ટેસ્ટ મેચોમાં ભારતનું નેતૃત્વ કર્યું
૨૪. ODIમાં ૬૬ની સરેરાશ
૨૫. વર્તમાન ખેલાડીઓમાં સૌથી વધુ ૭૮ સદી ફટકારનાર ખેલાડી
૨૬. ODIમાં સૌથી વધુ ૧૫૦ કેચ ઝડપનાર ભારતીય ફિલ્ડર
૨૭. દેશ માટે ૨૦ પ્લેયર ઓફ ધ સિરીઝ
૨૮. ODIમાં સૌથી વધુ ૫૮ની એવરેજ ધરાવતો ખેલાડી
૨૯. ODIમાં સૌથી ઝડપી ૧૩ હજાર રન બનાવનાર બેટ્સમેન (૨૬૭ મેચ)
૩૦. T20માં સૌથી વધુ સાત પ્લેયર ઓફ ધ સિરીઝ ધરાવતા ખેલાડી
૩૧. ICC ODI રેક્કિંગમાં ૮૯૦ પોઈન્ટ મેળવનાર પ્રથમ ભારતીય બેટ્સમેન
૩૨. ICC ટેસ્ટ રેક્કિંગમાં ૯૨૨ પોઈન્ટ મેળવનાર ખેલાડી
૩૩. બે દેશો (વેસ્ટ ઈન્ડિઝ-શ્રીલંકા) સામે સતત ત્રણ સદી ફટકારનાર ખેલાડી
૩૪. ODIમાં સૌથી ઝડપી ૧૦ હજાર રન બનાવનાર (૨૦૫ ઇનિંગ્સમાં)
૩૫. તમામ પ્રકારની T20 (આંતરરાષ્ટ્રીય IPL)માં ૧૦ હજાર રન બનાવનાર ભારતીય ખેલાડી

। ઇડન ગાર્ડન, તા.૫ ।

આજે કોલકત્તાના ઈડન ગાર્ડન ખાતે દક્ષિણ આફ્રિકા અને ભારતીય ટીમ વચ્ચે બળાબળના પારખા થઈ રહ્યા છે. આ ક્રિકેટ મેચ ભારતીય ટીમના ખ્યાતનામ ખેલાડી વિરાટ કોહલીના જીવનમાં સૌથી બેસ્ટ બની ગઈ છે. કારણ કે આજે તેમણે ક્રિકેટના ભગવાન ગણાતા સચિન તેંડુલકરના રેકોર્ડની બરાબરી કરી પોતાના નામે ઝળહળતી સિદ્ધિ હાંસલ કરી લીધી છે. કોહલીએ ચાહકોને બર્થ ડે ગિફ્ટ પણ આપી છે. કોહલીએ આજે શતક જડી ક્રિકેટના ભગવાન સચિનના વન-ડે મહારેકોર્ડની કરી બરાબરી છે તેઓએ ૪૯મી સદી ફટકારતા શાનદાર ઉત્સાહનો માહોલ છે. કોહલીએ ૧૦ ચોગ્ગા મારી સિદ્ધી મેળવી છે. ૧૧૯ બોલમાં ૧૦૦ રનની જોરદાર ઈનિંગ્સ રમી કિંગ કોહલીએ તરખાટ મચાવી દીધો છે.જેને લઈને સ્ટેડીયમમાં લોકોએ ઉભા થઈ મોબાઈલની લાઈટો કરી જોરદાર ઉજવણી કરી હતી. વધુમાં દેશ અને દુનિયાભરના ભારતીયો અદ્ભુત ઉજવણી કરી રહ્યા છે. કિંગ કોહલીએ ૨૦૦૮માં આંતરરાષ્ટ્રીય કરિયરની શરૂઆત કરી હતી. વર્ષ ૨૦૦૮માં શ્રીલંકા સામે ડેબ્યૂ કર્યું હતું. તે વર્ષે ૫ મેચ રમવા છતાં તે સદી ફટકારી શક્યો નહોતો. આ પછી વર્ષ ૨૦૦૯માં નવેમ્બર સુધી સદી ફટકારી શક્યો ન હતો.જ્યારે ડિસેમ્બરમાં શ્રીલંકાની ટીમ ભારતના પ્રવાસે આવી હતી ત્યારે કિંગ કોહલીને આ તક મળી હતી. પોતાની રમત, ફિટનેસ અને આક્રમક શૈલી માટે પ્રખ્યાત વિરાટ કોહલી ભારતીય ટીમની બેટિંગનો જીવ છે અને તે ૨૦૨૩ના ODI વર્લ્ડ કપમાં સતત પોતાને સાબિત કરી રહ્યા છે. આ સાથે જ વિરાટ કોહલીના નામે ક્રિકેટના ત્રણેય ફોર્મેટમાં એક કરતા વધુ રેકોર્ડ પણ નોંધાયેલા છે. છેલ્લા ૧૫ વર્ષમાં તેણે ભારતીય ક્રિકેટ અને ટીમ માટે ઘણું કર્યું છે. ટીમમાં કેપ્ટનશીપનું પદ પણ સંભાળ્યું છે અને એક ભારતીય બેટ્સમેન તરીકે તેણે ક્રિકેટ ચાહકોને એવી ખુશીની ક્ષણો આપી છે જે ક્યારેય ભૂલી શકાય તેમ નથી. ભારતીય ટીમનો માસ્ટર બલ્ટાર બેટ્સમેન વિરાટ કોહલી ૩૫ વર્ષનો થઈ ગયો છે. જે દેશનો સૌથી સફળ ખેલાડીઓમાનો એક છે અને તેના નામે અનેક રેકોર્ડ નોંધાઈ ગયા છે. તેણે બોલ સાથે પણ એક અનોખો રેકોર્ડ બનાવેલો છે. તે T20માં એકપણ બોલ ફેંક્યા વિના વિકેટ લેનાર પ્રથમ ખેલાડી છે. તેની T20 કારકિર્દીનો પ્રથમ બોલ વાઈડ હતો અને તેના પર ઈંગ્લેન્ડના કેવિન પીટરસનને સ્ટમ્પ કરવામાં આવ્યો હતો.

### રશિયા-ભારત વચ્ચે કાચા તેલની ડીલ ભારતીય રૂપિયામાં થાય છે

# રશિયાએ ભારતીય શિપયાર્ડમાંથી ૨૪ માલવાહક જહાજોનો ઓર્ડર આપતા યુએસની ચિંતા વધી

### ગોવા શિપયાર્ડ લિમિટેડ અને રશિયન નિકાસ કેન્દ્ર વચ્ચે સહકારની જાહેરાત કરવામાં આવી

। નવી દિલ્હી, તા.૫ ।

રશિયા અને ભારત વચ્ચે કાચા તેલની ડીલ ભારતીય રૂપિયામાં થાય છે. રશિયાએ ભારતને કરોડો બૈરલ કાચું તેલ વેચ્યું છે માટે એવો અંદાજો લગાવી શકાય છે કે રશિયા પાસે ભારતીય રૂપિયાનો અઢળક સંગ્રહ હોય શકે છે.

આ ભારતીય રૂપિયાના ખજાનાને ખર્ચવા માટે રશિયાએ એક રસ્તો વિચાર્યો છે. રશિયાએ ભારતીય શિપયાર્ડમાંથી ૨૪ માલવાહક જહાજોનો ઓર્ડર આપ્યો છે. એવામાં ગોવા શિપયાર્ડ લિમિટેડ (જીએસએલ) અને રશિયન નિકાસ કેન્દ્ર વચ્ચે સહકારની જાહેરાત કરવામાં આવી છે. એવું માનવામાં આવી રહ્યું છે કે, ભારત સરકારની માલિકી વાળી જીએસએલ ૨૦૨૭ સુધીમાં ૨૪ માલવાહક જહાજોનું નિર્માણ કરશે જે કેસ્પિયન સમુદ્રમાં કાર્યરત કરવામાં આવશે. પશ્ચિમી દેશોએ ભારતના રશિયા સાથે વેપાર પર પ્રતિબંધ મુક્યો છે. તેમ છતાં બંને દેશો વચ્ચે આ પ્રકારની વેપાર ડીલ કરવામાં આવી છે. આ વેપાર ડીલ બંને દેશો માટે ફાયદાકાર સાબિત થશે. નાણાકીય વર્ષ ૨૦૨૨માં ભારતે રશિયાને મશીનરી, રસાયણો, દરિયાઈ ઉત્પાદનો અને દવાઓ સહિત ૩,૧૩૯ વસ્તુઓની નિકાસ કરી હતી, જેની કિંમત ૩.૧૪ બિલિયન યુએસ ડોલર છે. આયાતના સંદર્ભમાં, ભારતે નાણાકીય વર્ષ ૨૦૨૨ માં રશિયા પાસેથી ૧,૨૨૫ વસ્તુઓની આયાત કરી, જેમાં ક્રૂડ તેલ, પેટ્રોલિયમ ઉત્પાદનો, કિંમતી ૫ થ્થરો અને વનસ્પતિ તેલનો સમાવેશ થાય છે, જેની કિંમત યુએસ ૪૬.૨૧ બિલિયન યુએસ ડોલર છે.

### મુકેશ અંબાણીને ધમકી આપનારા ૧૯ વર્ષના યુવકની તેલંગણાથી ધરપકડ

। મુંબઈ, તા.૫ ।

બિઝનેસમેન મુકેશ અંબાણીને ધમકીભર્યા ઈમેલ મોકલવાના આરોપમાં મુંબઈની ગામદેવી પોલીસે આજે તેલંગાણાના એક ૧૯ વર્ષીય યુવકની ધરપકડ કરી છે. આરોપીની ઓળખ ગણેશ રમેશ વનપારધી તરીકે થઈ છે. પોલીસે જણાવ્યું કે, આરોપીની આજે ધરપકડ કરી તેને કોર્ટમાં રજૂ કરવામાં આવ્યો હતો અને ત્યાંથી તેને ૮ નવેમ્બર સુધી પોલીસ કસ્ટડીમાં મોકલી દેવામાં આવ્યો છે. ગત અઠવાડિયે અંબાણીને અનેક ઈમેલ મળ્યા હતા. આ ઈમેલમાં પૈસાની માંગ કરવામાં આવી હતી અને જાનથી મારી નાખવાની પણ ધમકી આપવામાં આવી હતી. મુંબઈ પોલીસના એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું કે, એવું લાગે છે કે કેટલાક કિશોરો દ્વારા શરારત કરવામાં આવી છે.

## તંત્રી લેખ...

# તહેવારો સાથે જોડાયેલી આસ્થાનો ઉપહાસ

હાલમાં તહેવારોની સિઝન ચાલી રહી છે, તેમાં આસ્થાનો રંગ જ નહીં, ઉપહાસનો બેરંગ વર્તાવ પણ જોવા મળે છે. હાલમાં કરવા ચોથને લઈને કેટલાક લોકોએ ઇન્ટરનેટ મીડિયા પર મહિલાઓની મજાક ઉડાવી. વ્રત-ઉત્સવને લઈને અભિવ્યક્તિની આઝાદીના નામે બીજાઓની સ્વતંત્રતામાં દખલ કરવાનો વ્યવહાર હવે સામાન્ય થઈ ગયો છે. પરિજનોની કુશળ કામના સાથે જોડ-ાયેલા ઉત્સવોને લઈને તો ખૂબ નકારાત્મકતા જોવા મળે છે. ક્યારેક મહિલાઓના શોષણ તો ક્યારેક જૂનવાણી માનસિકતા ગણાવીને આ પર્વોને ઉપહાસનો વિષય બનાવી દેવામાં આવે છે. સમયની સાથે સાથે વ્રત-ઉપવાસ સાથે જોડાયેલી પરંપરાઓને નિભાવવાની રીતો ઘણી બદલાતી ગઈ છે. પારંપરિક પર્વોને મનાવવા સાથે જોડાયેલ સાર્થક બદલાવોને પણ ઊંડાણથી સમજવા જોઈએ. દુઃખદ છે કે આ બદલાવોને દિલથી સ્વીકારવાને બદલે તેની સાથે જોડાયેલ નકારાત્મક પક્ષોને ફરતા કરવાની હોડ જામતી જાય છે. એવામાં વાત જો સ્વતંત્ર માનસિકતા સાથે જોડાયેલી છે તો જે મહિલાઓ કોઈ દબાણ વિના આ પર્વોને ઉજવવા માંગે છે તેમના વિચારોનું પણ માન રાખવું જોઈએ. વ્યક્તિગત આસ્થા સાથે જોડાયેલા આ વિષયમાં તાર્કિક વાતો કરવી યોગ્ય રહેશે, પરંતુ મનથી એ ઉત્સવોને ઉજવી રહેલી મહિલાઓ પ્રત્યે દ્વેષનો ભાવ પીરસવાની મનોસ્થિતિ ખરેખર હેરાન કરનારી છે. જ્યારે આ તહેવારી સિઝનમાં આપણી અર્થવ્યવસ્થા, સામાજિક જોડાણ અને વ્યક્તિગત સંબંધોના ઉલ્લાસ માટે સંજીવની સમાન હોય છે. એકલાપણું, અવસાદ અને વિખેરાઈ રહેલા પરિવાર આજની સામાજિક વ્યવસ્થાનું કડવું સત્ય બની ગયા છે. એવામાં સામુદાયિક જોડાણને સીંચવામાં મહત્ત્વની ભૂમિકા નિભાવી રહેલ રીત-રિવાજોનો સકારાત્મક પક્ષ જોવો જરૂરી છે. હવે પારંપરિક ચીજો સાથે જોડાણ રાખવું મહિલાઓની મજબૂરી નથી. આ માન્યતાઓના અર્થ બદલાઈ ગયા છે. અહોઈ અષ્ટમી જેવું વ્રત ક્યારેક પુત્રોના સારા સ્વાસ્થ્યની કામના સાથે જોડાયેલું હતું. આજે માતાઓ પુત્ર-પુત્રીના ભેદથી દૂર પોતાના બાળકોની સુરક્ષા અને સારા સ્વાસ્થ્ય માટે આ અનુષ્ઠાન કરે છે. કરવા ચોથ વ્રતની પરંપરામાં પણ સ્નેહ-સન્માનના સુખદ પ રિવર્તન જોવા મળે છે. છઠ્ઠનું અનુષ્ઠાન પુરુષો પણ પૂરતા મનોયોગથી કરે છે. જડતાપૂર્ણ ઔપચારિકતાઓને બદલે હવે પરંપરાગત પર્વ સહજતા અને સંબંધોને પોષવાના ભાવ સહિત ઉજવવામાં આવે છે. જ્યારે વિરોધની માનસિકતા આજે પણ તેના પુરાતન સ્વરૂપ સુધી સમેટાઈને ચિત્રવિચિત્ર સંદર્ભ આપવા સુધી જ સીમિત છે. સમયની સાથે આવેલ સારા બદલાવોને રેખાંકિત કરવાને બદલે કુતર્કોનો સહારો લેવામાં આવે છે. સકારાત્મક બદલાવોનું માન રાખ્યા વિના ના તો ભવિષ્યમાં આ પર્વોનો ઉજાસ બચી શકશે કે ના રહ્યાં-સહ્યાં બંધનોને ખતમ કરી શકાશે.

# આતંકી સંગઠનોનું શરણસ્થળ બનતું કતાર

કતારની એક ખાનગી કંપનીમાં કામ કરતા ભારતીય નૌકાદળના આઠ નિવૃત્તિ અધિકારીઓને મોતની સજા ફટકારવામાં આવી છે. તેમાંથી બે કેપ્ટન અને છ કમાંડર સ્તરના અધિકારી રહ્યા છે. તેમને કતારની ગુપ્તચર એજન્સીઓ દ્વારા અજ્ઞાત કારણોસર અટકાયતમાં રાખવામાં આવ્યા. એમના પર આરોપો બાબતે કોઈ સાચી જાણકારી ભારત સરકાર કે તેમના સ્વજનોને આપવામાં નથી આવી. મીડિયા રિપોર્ટોનું માનીએ તો તેમને યાતનાઓ આપવામાં આવી, એટલું જ નહીં, પણ એકાંત કારાવાસમાં પણ રાખવામાં આવ્યા, જે આંતરરાષ્ટ્રીય માનવાધિકાર માપદંડોનું ઉલ્લંઘન છે. તેમને મૃત્યુદંડની સજા સંભળાવ્યા બાદ પણ કતાર સરકાર તરફથી સ્પષ્ટ નથી કરાઈ રહ્યું કે તેમને કયા આરોપોમાં દોષીત ઠેરવ્યા છે? નીચલી અદાલત દ્વારા સંભળાવવામાં આવેલ મૃત્યુદંડના આદેશની કોપીની પણ કોઈ કશી ખબર નથી. ભારત સરકાર અને દંડિત અધિકારીઓના સ્વજનોને આરોપોની પૂરતી જાણકારી આપ્યા વિના કેસ ચલાવીને મૃત્યુદંડની સજા સંભળાવવી આંતરરાષ્ટ્રીય કાયદાઓ અને ન્યાયિક પ્રક્રિયામાં પારદર્શિતાના માપદંડોને અનુરૂપ નથી. ન્યાયના મૂળ સિદ્ધાંતના ઉલ્લંઘનના આધાર પર ભારતે આ મામલે આંતરરાષ્ટ્રીય ન્યાયાલયમાં જવું જોઈએ. ભારતે ત્યાં કુલભૂષણ જાધવના કેસની જેમ સફળતા મળવાની પૂરતી સંભાવના છે. અસલમાં આ કેસ તો એક ઉદાહરણ માત્ર છે. કતાર દ્વારા ભારત અને આંતરરાષ્ટ્રીય સુરક્ષા માટે ઉત્પન્ન કરાતી સમસ્યાઓ મોટી અને ચિંતાજનક છે. કતારના શાહી પરિવારની ઈસ્લામિક કટ્ટરપંથ મામલે સરસાઈ મેળવવા અને સઉદી શાહી પરિવાર જેવો દબદબો હાંસલ કરવાની ભૂખ હવે સનેપાતમાં બદલાઈ ગઈ છે. તેના માટે કતાર દરેક પ્રકારના કટ્ટરપંથી અને આતંકી જૂથોને આશ્રય આપી રહ્યું છે. આ કારણે તે પાકિસ્તાનની જેમ જ એક દુષ્ટ પ્રકૃતિનો દેશ બનતું જાય છે. પોતાના પોષેલા આતંકી તત્ત્વોનો ઉપયોગ કતાર બીજા દેશો પર પોતાનો પ્રભાવ વધારવા માટે કરે છે. હાલમાં ઈઝરાયલમાં નિર્દોષ મહિલાઓ અને બાળકો સુદ્ધાંની નિર્મમ હત્યાઓ કરનારા આતંકી સંગઠન હમાસના મોટાભાગના ઉચ્ચ નેતા કતારમાં જ રહે છે. મિસરમાં સક્રિય કટ્ટરપંથી સંગઠન મુસ્લિમ બ્રધરહુડને સત્તા સુધી પહોંચાડવામાં કતાર સહાયતા કરી ચૂક્યું છે, જ્યારે સઉદી સરકારે મુસ્લિમ બ્રધરહુડને આતંકી સંગઠન જાહેર કરેલું છે. જો મિસરની સેના અને જનતાના એક મોટા વર્ગે મુસ્લિમ બ્રધરહુડને સત્તામાંથી અપદસ્થ ન કર્યું હોત તો આજે મિસર જેવા મોટા મુસ્લિમ દેશની દુર્ગતિ પણ અફઘાનિસ્તાન જેવી થઈ ગઈ હોત. કતાર આતંકવાદને લઈને બેવડી ચાલ ચાલવામાં પણ પાકિસ્તાન જેવું જ છે. એક તરફ અમેરિકાનો પશ્ચિમ એશિયામાં સૌથી મોટું સૈન્ય થાણું કતારમાં છે તો બીજી તરફ કતારની ગુપ્તચર એજન્સીઓ જ સીરિયા અને ઈરાકમાં સક્રિય એ આતંકી સંગઠનોને પૈસા અને હથિયાર ઉપલબ્ધ કરાવતી આવી છે, જે અમેરિકી સૈનિકોને નિશાનો બનાવતા રહે છે. એક અમેરિકી થિંક ટેક 'ફાઉન્ડેશન ફોર ડિફેન્સ ઓફ ડેમોક્રેસીઝ'ના ૨૦૧૭માં આવેલા એક રિપોર્ટ અનુસાર આતંકી સંગઠનોને પૈસા ઉપલબ્ધ કરાવનાર વિશ્વના ૨૦ સૌથી મોટા ફાઈનાન્સરોના તાર કતાર સાથે જોડાયેલા છે. તેમાં અલકાયદાને કરોડો ડોલર ઉપલબ્ધ કરાવનાર કતારનો નાગરિક અબ્દુલ રહમાન અલ-નુઆમી પ્રમુખ છે, જેને કતારના સુલતાન પોતાનો 'ખાસ દોસ્ત' ગણાવે છે. સંયુક્ત રાષ્ટ્ર દ્વારા આતંકી મામલે સૂચિબદ્ધ કરાયા છતાં કતાર સરકાર અલ-નુઆમીને કતાર ઈસ્લામિક બેંકમાં ઉચ્ચ પદ પર નિયુક્ત કરી ચૂકી છે. વિશ્વમાં ક્યાંય પણ જેહાદી ગતિવિધિ સામે આવે તો તેની પાકિસ્તાની જેમ જ કતાર સાથે કોઈને કોઈ કડી જોડાયેલી મળી આવે છે.

# સુગ્રીવ એટલે કે વાનર પણ પોતાનો જન્મ સુધારી શક્યો! રામનું નામ અને રામનું કામ એ બંને જીવનને ધન્ય બનાવી શકે તેમ છે



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)



હે ઈશ્વર.

આપના શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. સનાતન સંસ્કૃતિમા એટલી બધી સારી સારી વાતો કરી છે પણ એકવાત અતઈ ઉત્તમ છે કે એમાં ભારતીય સંસ્કૃતિમા યોગ ને ખૂબ જ મહત્વ આપ્યું છે, અને એ સારું પણ છે, પરંતુ સમય નાં ચક્રાકારે ગતિ કરતા કરતા આજે હવે સમાજ ભોગ પર વધારે ભાર મુકયો થયો છે, ત્યારે યોગી થવા કરતાં ઉપયોગી થવું એ વધુ સારું,તો આ દિવાળીએ માત્ર આપણા વિષય વિલાસ નું ધ્યાન રાખવા કરતાં ઉપયોગી થવાનો સંકલ્પ કરીએ.રામાયણ કાળમાં વાનરરાજ સુગ્રીવ વિશે પણ વિષય વિલાસી એવો શબ્દ તુલસીદાસજી પ્રયોજ્યો છે, અને એનાં જીવન ચરિત્ર પરથી પણ બોધ તારવી શકાય છે, તો આજે આપણે એનાં વિશે ચિંતનમાં વાત કરીશું.

સુગ્રીવનો પરિચય સીધો સાદો છે, વાનરરાજ સુગ્રીવ, અને બીજો પરિચય છે, મહાબલી વાલીનો અનુજ. તેના જન્મ માટે એક દંતકથા છે રક્ષરાજ નામના એક વાનર એ બ્રહ્મ દેવનું તપ કર્યું, અને બ્રહ્માજીએ પ્રસન્ન થઈ તેને સુમેરુ પર્વત પર રહેવાનું કહ્યું. એ રોજ બ્રહ્માજીને ફૂલ અર્પણ કરતાં, અને ત્યાં જીવન પસાર કરતા હતાં. એક દિવસ તે ત્યાં આવેલા એક તળાવમાં નહવા પડે છે, અને એક સુંદર યુવતી થઈને બહાર આવે છે. સૂર્યદેવ અને ઈન્દ્રદેવ બંનેની નજર તેની પર પડે છે, બંને એ યુવતીથી મોહિત થઇ જાય છે, અને તેમનું મણી એટલે કે તેજ એ યુવતીના માથા અને ગળા પર પડે છે. માથા પર પડે છે તે વાલી નામે ઓળખાયો અને ગળા એટલે કે ગ્રીવા પર પડ્યો તે સુગ્રીવ નામે ઓળખાયો. વાલી અને સુગ્રીવ બંને ભાઈઓ છે, અને એને વિશેની જગ પ્રસિદ્ધ વાર્તાથી પણ સૌ કોઈ વાકેફ હશે. માયા નામની એક સ્ત્રી ને બે પુત્રો હતાં, દુંદુભિ અને માયાવી. વાલી ખૂબ જ શક્તિશાળી હતો કહેવાય છે, કે સો હાથી જેટલું બળ તેનામાં હતું. તેણે રાક્ષસરાજ રાવણ ને પણ બગલમાં દબાવી પૃથ્વી પર ફેરવ્યો હતો, અને જે કોઈ તેને યુદ્ધ માટે લલકારે તેની સાથે તે યુદ્ધ કરતો હતો. માયા નામની સ્ત્રીએ પણ પોતાના પુત્ર દુંદુભિ સાથે યુદ્ધ કરવા માટે તેને ઉશ્કેર્યો હતો, અને એમાં દુંદુભિ નું મોત થયું. તેના ભાઈ માયાવી સાથે વાલીનું યુદ્ધ થયું, અને તે પાછા ન આવ્યો, એટલે પોતાને કિષ્કિંધાનો રાજા ઘોષીત કરે છે. થોડા સમયમાં વાલી પાછા આવે છે, અને તે સુગ્રીવને પોતાનો દ્રોહી સમજે છે, અને મારી નાખવા માટે તૈયાર થાય છે. સુગ્રીવ ત્યાથી ભાગે છે, અને ઋષ્યમુક પર્વત પર આવીને સંતાઈ જાય છે. કારણકે દુંદુભિ સાથેના યુદ્ધમાં રક્તના થોડા ટીપા ઋષ્યમુક પર્વત પર પડ્યાં હતાં, અને ત્યાં તપ કરી રહેલા માતંગ ઋષિ એ વાલી ને શાપ આપ્યો હતો, એટલે ઋષ્યમુક પર્વત પર તે જઈ શકે તેમ નહોતો.

સીતાના અપહરણ થયા પછી ભગવાન રામ અને લક્ષ્મણ સીતાની શોધમાં ભટકતા હતાં, ત્યારે તેઓ ઋષ્યમુક પર્વત પાસેથી પસાર થાય છે, અને શબરીના બતાવ્યા મુજબ આ વાનર ઓ તેમને સીતાની શોધ માટે મદદરૂપ થાય એમ હતાં. હનુમાન તેમને સુગ્રીવ સાથે મેળવે છે, અને રાજા રામને વચન આપે છે કે તે તેની પત્નીને શોધવામાં તેની સહાય કરશે. પરંતુ પહેલા પોતાના ભાઈ વાલી તેનું રાજ્ય પચાવી લીધું છે, અને તેની પત્ની રુમા ને તેણે રાખી લીધી છે. ભગવાન રામની પત્ની એટલે કે સીતા ને પણ રાવણ અપહરણ કરી ગયો હતો, અને એ જ રીતે વાલી પણ સુગ્રીવની પત્નીને પડાવી લીધી હતી, એટલે રામ અને સુગ્રીવ સમ દુખિયા હતાં, અને બંને વચ્ચે એટલે જ મિત્રતા પણ થઈ હતી. તેણે સુગ્રીવને કહ્યું હતું કે હે સુગ્રીવ દરેક ભાઈ ભારત જેવા હોતા નથી, અને દરેક પુત્ર મારી જેમ પિતૃભક્ત પણ હોતા નથી. આગળ આપણે સૌ જાણીએ છીએ તેમ કિષ્કિંધા નું રાજ્ય પાછું અપાવવા ભગવાન શ્રી રામ વાલી સાથે સુગ્રીવને યુદ્ધ કરાવે છે, અને છળથી તે મરાય છે.

સુગ્રીવ રામની કૃપાથી,કિષ્કિંધાનો રાજા બન્યો,પછી રામનો ઉપકાર ભૂલી ગયો, એને યાદ નથી આવતું કે રામે મારું કામ કર્યું પણ મારે રામનું કામ કરવાનું બાકી છે,સીતાજીની ભાળ કાઢવાની બાકી છે. રામજીને દુઃખ થયું છે,એ જાણીને લક્ષ્મણે ધનુષ્ય-બાણ ઉપડ્યા ને કિષ્કિંધા તરફ જવા તૈયાર થયા. પ્રભુ શ્રીરામ,લક્ષ્મણના મુખ પરનો ક્રોધ જોઈ સમજી ગયા કે-લક્ષ્મણ જરૂર કંઈક આડું-અવળું કરી બેસશે, એટલે તેમણે લક્ષ્મણને કહ્યું કે-સુગ્રીવને આપણે મિત્ર માન્યો છે,એટલે તેને મારતો નહિ. કિષ્કિંધા ના દ્વાર પર લક્ષ્મણજી સુગ્રીવને યુદ્ધ માટે લલકાર્યા છે, અને કહે છે કે હે સુગ્રીવ તું તારું વચન ભૂલી ગયો છે, અને હવે હું તને માફ નહીં કરું. સુગ્રીવ લક્ષ્મણની શક્તિથી વાકેફ હતો, અને તેણે હનુમાનજીને કહ્યું કે લક્ષ્મણ ને શાંત કરો.

હનુમાનજીએ તેમની મધુર વાણીથી, લક્ષ્મણજીને શાંત કર્યા, અને એમને મહેલમાં લઈ આવ્યાં. સુગ્રીવ તેમના પગમાં પડ્યો.શ્રીરામના શબ્દોને યાદ કરીને લક્ષ્મણે તેનો અપરાધ માફ કર્યો.અને બધા રામજીની પાસે આવ્યા.સુગ્રીવે રામજીના ચરણમાં માથું નમાવી,પોતાનો અપ રાધ કબૂલ કરતાં કહ્યું કે અતિસુખ અને ભોગ-વિલાસ જોઈને દેવો ને ઋષિ-મુનિઓનાં મન પણ ચંચળ થાય છે,તો હું તો ચંચળ મનનો વાનર છું. આપની માયા અતિપ્રબળ છે,ને માનવીને ભૂલ-ભૂલામણીમાં નાંખી દે છે. આગળની કથા આપ ણે જાણીએ છીએ કે પછી એણે પોતાના જીવનનો ઉપયોગ માત્ર રામ કામ એટલે કે સીતાની શોધ માટે કર્યો.

તો આ છે સુગ્રીવનું ચરિત્ર, આશ્ચર્ય થાય છે નહીં!! કે વાનર પણ પોતાનો જન્મ સુધારી શક્યો! રામનું નામ અને રામ નું કામ આ બંને જ આપણા જીવનને ધન્ય બનાવી શકે તેમ છે, જીવન ફેરો સફળ બનાવી શકે તેમ છે, અને માટે જ અન્ય કોઈ ભોગમાં લલચાયા વગર રામ કામ, એટલે કે જીવન છે ત્યાં સુધી કોઈ ને ઉપયોગી થવાતું હોય તો થઈ જવું, રામ નામ સ્મરણ એટલે કે હરિસ્મરણ જેવો ઉત્તમ કોઈ યોગ નથી, તો એ રીતે યોગ ને પણ નિભાવી લઈએ. દિવાળી જેવો સામાજિક તહેવાર આવે છે અને માનવ તરીકે જન્મ મળ્યો છે તો એને ધન્ય બનાવી એ.હરિ નામ સ્મરણ અને પરોપકારી કર્મથી જન્મોજન્મ હરિ ચરણમાં સ્થાન પ્રાપ્ત કરી શકીએ, એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી, હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવા ચિંતન-મનન સાથે, તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન અને જય સીયારામ.

# ભગવાન માટે સંકલ્પ કરો, તો તે ભગવાન પરિપૂર્ણ કરે છે સંકલ્પ તમારો, પૂરો કરવાનો ભગવાનને પણ સંકલ્પ હોય છે

વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા







ઈશ્વર સાથે કોઈ પણ પ્રકારનો સંબંધ જોડો. સંબંધ વગર સામાન્ય મનુષ્યને પણ લાગણી થતી નથી, સંબંધ વગર સ્નેહ થતો નથી. ભગવાનને પિતા માનો, સખા માનો, સ્વામી માનો પણ કાંઈક સંબંધ જોડો. જોકે પ્રભુ આપણા સર્વસ્વ છે, પરંતુ કોઈક પ્રકારનો સંબંધ જોડ્યો હોય તો સારું. પરમાત્મા સાથે સંબંધ જોડવાની જરૂર છે. તુલસીદાસજી કહેતા કે, હું રામજીનો સેવક છું, પણ જીવે ઈશ્વર સાથે કોઈ નાતો નક્કી કરી લેવો. ગોપીઓએ રસ્તો દેખાડેલો જ છે. ભાવથી જીવનો ઉદ્ધાર થાય છે. ભાવ મુખ્ય છે. વૃંદાવનમાં એક સંત હેતા હતા. તેમને કોઈ એક યુક્તિ સંતાન ન હતું. મહાત્માએ વિચાર્યું,યોગાભ્યાસ કરું ત્યાં સુધી મન સ્થિર રહે છે.પણ યોગાભ્યાસ પૂરો થાય કે મન ચંચળ થાય છે અને સંસારને યાદ કરે છે. તેથી તેણે સંસારને ભૂલવા કરી. તેણે કનૈયાને બાળક માનવાની શરૂઆત કરી.કનૈયો મારો બાળક છે. હું નંદ છું. કનૈયો મારી ગોદમાં બેઠો છે. કનૈયો મારી દાઢી ખેંચે છે. આમ શ્રીકૃષ્ણને પુત્ર માની આનંદ માને.

મહાત્મા તો પરમાત્મા સાથે આવો સંબંધ જોડી સંસારને ભૂલી ગયા છે. પરમાત્મા સાથે તન્મય થયા છે.શ્રીકૃષ્ણને પુત્ર માની લાડ કરવા લાગ્યા છે. મહાત્મા વિચારે, કનૈયો મારી પાસે કેરી માગે છે,બાબા મને કેરી આપો!મહાત્મા મનથી કનૈયા ને કેરી આપે છે. મહાત્મા આ પ્રમાણે કેવળ મનથી ભગવાનને સર્વ વસ્તુઓ આપે છે. કનૈયો એવો ભોળો છે કે, મનથી આપો તો - પણ પ્રસન્ન થાય છે.

મહાત્માને ગંગાસ્નાનની આતુરતા છે, તેથી મહાત્મા કોઈ કોઈ વખત શિષ્યોને કહે કે, આ શરીરને ગંગા સ્નાન થયું નથી તેથી કાશી જવું છે. પણ પછી માનસી સેવામાં વાત્સલ્ય ભાવ તન્મય થાય કે કનૈયો કહે, બાબા, હું નાનો છું. મને છોડીને કાશી જશો નહીં! એટલે મહાત્મા કહે કે, કે મારો લાલો મને જવા ના પાડે છે. મારો કનૈયો હજુ બાળક છે. હું કનૈયાને છોડીને જાત્રા કરવા કેમ જાઉં? એમ કરતાં મહાત્મા વૃદ્ધ થયા અને એક દિવસ શ્રીકૃષ્ણકીર્તન કરતાં મરણ પામ્યા. આ ભાવાવેશ માં મહાત્માએ શરીર ત્યાગ કર્યો. શિષ્યો કીર્તન કરતાં કરતાં મહાત્મા ના શબને સ્મશાનમાં લઈ ગયા. ત્યાં અગ્નિ સંસ્કારની તૈયારી થઈ છે. તેવામાં એક સાત વર્ષનો બાળક ગંગાજળ લઈને આવ્યો છે.તેણે લોકોને કહ્યું, આ મારા પિતા છે, હું તેનો પુત્ર છું. પુત્ર તરીકે અગ્નિસંસ્કાર કરવાનો મને "અધિકાર છે તેથી હું આવ્યો છું. મારા પિતાની એક ઈચ્છા હતી કે, એક વખત ગંગાસ્નાન કરવું છે. હું

તે માટે ગંગાજળ લાવ્યો છે. પછી તે બાળકે મહાત્માના શબને ગંગા સ્નાન કરાવ્યું, પુષ્પની માળા પહેરાવી વંદન કર્યા અને જાતે અગ્નિ સંસ્કાર કર્યો.બધા જોઈ જ રહ્યા.અગ્નિસંસ્કાર કરીને બાળક એકદમ અંતર્ધ્યાન થયો. પછી લોકો ને ખ્યાલ આવ્યો કે, મહાત્મા ને તો પુત્ર જ ન હતો. એમણે તો બાળપણથી સંસાર ત્યાગ કર્યો હતો. હવે બધાને સમજાયું કે, પરમાત્મા જ તે મહાત્માના પુત્રરૂપે આવ્યા હતા. મહાત્માની ભાવના હતી.શ્રીકૃષ્ણ મારો પુત્ર છે. પરમાત્માએ તેની ભાવના પૂરી કરી છે.

લાખોની સંપત્તિ વારસામાં મળી હોય તેવો પુત્ર પણ અણીના સમયે છોડીને ચાલી જાય છે.ત્યારે અંત કાળે મારા ભગવાન કદી દગો નહીં આપે. મારા ભગવાન અંતકાળે દોડતા આવે છે અણીના સમયે જીવ દગો આપે છે, પણ અણીના સમયે કનૈયો દોડતો આવે છે. આમ જે ભાવે જીવ ઈશ્વરનું સ્મરણ કરે છે તે ભાવે ઈશ્વર તેને અપનાવે છે. જેથી ભાવના તેવી સિદ્ધિ. પ્રભુને પુત્ર કહો,પિતા કહો, પતિ કહો, મા કહો,તમારા મનમાં જે ભાવ દૃઢ બને તે ભાવ રાખો. પ્રભુ કેવળ ભાવને જુએ છે અને ભાવને જ અંગીકાર કરે છે. પ્રભુ કહે છે કે, કોઈ પણ ભાવે પણ મને જ કેવળ ભજ. પરમાત્મા જેવો પ્રેમ જીવ ઉપર કરે છે, તેવો પ્રેમ જીવ કરી શકવાનો નથી. પ્રભુ કહે છે, તું શું પ્રેમ કરે છે? હું ચોવીસ કલાક તારી ઝાંખી કરું છું, ત્યારે તું તો મને દિવસમાં બે કે ત્રણ વખત જ નિહાળે છે. બે કે ત્રણ વખત મારાં દર્શન કરે છે, બાકી મને તો લટકતો રાખે છે! અક્રૂરજી વિચાર કરતા કરતા જાય છે કે, શ્રીકૃષ્ણ મને કાકા કહીને બોલાવશે. તેવામાં ફરી મનમાં વિચાર આવ્યો કે, હું જાઉં છું પણ મને ભગવાનનાં દર્શન થશે ખરાં? મેં એવાં તો કંઈ કર્મ કર્યા નથી કે ભગવાન મને દર્શન આપે. હું તો સંસારી જીવ છું. કદાચ ભગવાન મને દર્શન નહીં આપે તો?

પોતાની યુવાનીનો વિચાર કરે છે ત્યારે અક્રૂરજી હિંમત હારી જાય છે. પરંતુ પાછા વિચારે છે કે, ના, ના, ભગવાન એવું નહીં કરે! ભગવાન દયાળુ છે. મહા પાપી પણ એમની દયા પામે છે હું રોજ નિયમથી સેવા કરું છું, રોજ કીર્તન કરું છું. આમ અક્રૂરજી પોતાના વિચાર કરે છે ત્યારે હિંમત હારી જાય છે પણ ઠાકોરજીનો વિચાર કરે છે ત્યારે તેનામાં હિંમત આવે છે. મારા પ્રભુ તો પતિતપાવન છે. જરૂર તેઓ મને અપનાવશે. પાપીને અપનાવે છે, તેથી તો તેઓ પતિત પાવન કહેવાય છે.વિચાર કરે તો આવા પવિત્ર વિચાર કરો. ખોટો વિચાર કરવાથી મન બગડે છે.રસ્તામાં શુભ શુકન થતાં જોઈ ને અક્રૂર બાલ્યા,મને શુભ શુકનો થાય છે. જરૂર મને શ્રીકૃષ્ણનાં દર્શન થશે.રસ્તામાં અક્રૂરકાકાએ શ્રીકૃષ્ણનાં ચરણ ચિહ્નો જોયાં. તેમનું મન હરખાઈ ઊઠ્યું, કમળ, ધ્વજા, અંકુશની છાપવાળાં આ ચરણો મારા શ્રીકૃષ્ણનાં જ હોય. આ માર્ગે મારા શ્રીકૃષ્ણ ગયા છે. ઊઘાડા પગે મારા પ્રભુ વનમાં ગાયો ચરાવતા વિચરે છે, તેથી તેમનાં પગલાં અહીં પડ્યાં છે. શ્રીકૃષ્ણનાં પગલાંના વિચારથી અક્રૂરનું મન બળવો કરી ઊઠ્યું. મારાથી હવે રથમાં બેસાય નહીં. જ્યાં શ્રીકૃષ્ણ ઊઘાડા પગે ચાલે છે, ત્યાં હું રથમાં બેસું તે શોભે નહીં. તેથી અકૂકાકા રથમાંથી નીચે કૂદી પડે છે અને ચાલતાં ગોકુળ જાય છે. વ્રજરજનો આવો મોટો મહિમા છે. ત્યાં પ્રભુનાં ચરણ પડેલાં છે. એ પગલાં જોઈ અક્રૂરજી પાગલ થયા છે અને આજે લાખોમાણસો એ રજ જોઈ પાગલ થાય છે. પૈસા માટે પાગલ થાઓ તો પૈસા મળે છે. પાગલ થયા વિના પૈસો મળતો નથી. તો પરમાત્મા ક્યાંથી મળે? માટે પરમાત્મા માટે પાગલ બનો. દેહભાન ભૂલાય અને પાગલ થવાય ત્યારે પરમાત્માનાં દર્શન થાય છે.

અક્રૂર કહે છે, મારા માલિક ચાલતા ગયા છે અને હું ચાલતો જાઉં એ ઠીક નથી. હું હવે મારા પ્રભુને દંડવત્ પ્રણામ કરતો જઈશ. અક્રૂર વંદનભક્તિના આચાર્ય છે.બદરિનાથ જતાં રસ્તામાં હનુમાનચટ્ટી આવે છે. હનુમાન ચટ્ટી પાસે આવ્યા પછી યાત્રીઓનું હૃદય ભરાઈ આવે છે કે, હું પરમાત્માને મળવા જાઉં છું. એટલે હનુમાનચટ્ટીથી કેટલાક યાત્રાળુઓ દંડવત્ પ્રણામ કરતાં કરતાં બદરિનારાયણ જાય છે. અહીં અક્રૂર વંદન કરતા કરતા જાય છે. પરમાત્માને પ્રસન્ન કરવાનું સાધન વંદન.

ગોકુળ મથુરા વચ્ચે કંઈ વિશેષ અંતર નથી,પણ અક્રૂર વિચારવા માં એવા તન્મય થયેલા કે સવારના મથુરાથી નીકળેલા તે છેક સાંજે ગોકુળ પહોંચ્યા છે.

અક્રૂરજીના મનોરથો ભગવાને પરિપૂર્ણ કર્યા છે. ભગવાન માટે સંકલ્પ કરો, તો તે ભગવાન પરિપૂર્ણ કરે છે. સંકલ્પ તમારો, પૂરો કરવાનો ભગવાનને પણ સંકલ્પ હોય છે ! ખોટા સંકલ્પ સફળ થાય છે તો પવિત્ર સંકલ્પ કેમ ન થાય?

# અમુક રસોડા મસાલાના સેવન કરવાથી સરળતાથી સાફ થઇ જશે તમારું પેટ



તમારા રસોડામાં રહેલા મસાલા તમારી પાચનક્રિયા અને આંતરડાના સ્વાસ્થ્યને સુધારવામાં મદદ કરી શકે છે. આ ઉપરાંત અહીં જણાવાયેલા મસાલાના અન્ય પણ ઘણી રીતે આપણા સ્વાસ્થ્ય માટે ફાયદાકારક છે. આજના સમયમાં ખાણીપીણીની ગુણવત્તા હલકી થઇ જવાના કારણે દરેક ઘરમાં કોઈને કોઈને પેટની સમસ્યાથી પીડાઈ રહ્યું છે. દિવસે દિવસે આપણી લાઈફસ્ટાઈલ એટલી ખરાબ થઈ રહી છે કે તેની ખરાબ અસર આપણા સ્વાસ્થ્ય પર પણ જોવા મળી રહી છે. આજના ભાગદોડભર્યા જીવનમાં જમવાનો અને સૂવાનો કોઈ યોગ્ય સમય નથી રહ્યો. જેના કારણે લોકોમાં પેટની સમસ્યા વધુ જોવા મળી રહી છે. ત્યારે ન્યુટ્રિશનિસ્ટ અને ડાયેટિશિયન શિખા અગ્રવાલ શર્માએ નવભારત ટાઈમ્સને જણાવ્યા અનુસાર, તમારા રસોડામાં રહેલા મસાલા તમારી પાચનક્રિયા અને આંતરડાના સ્વાસ્થ્યને સુધારવામાં મદદ કરી શકે છે. આ ઉપરાંત અહીં જણાવાયેલા મસાલાના અન્ય પણ ઘણી રીતે આપણા સ્વાસ્થ્ય માટે ફાયદાકારક છે. અજમાના ગુણ પાચનને સુધારે છે અને ગેસની સમસ્યાને ઘટાડવામાં મદદ કરે છે. અજમો પાચનની પ્રક્રિયાને સરળ બનાવે છે. તેમજ પેટની અશુદ્ધિઓને સાફ કરવાની સાથે વજન ઘટાડવામાં પણ મદદરૂપ થાય છે. જીરું પેટની ઘણી બધી સમસ્યાઓનું સમાધાન લાવવામાં મદદરૂપ છે. જીરું પાચન સુધારે છે અને ગેસની સમસ્યામાંથી રાહત આપે છે. જીરું પાચનમાં મદદ કરે છે, વજન ઘટાડવામાં મદદ કરે છે અને રોગપ્રતિકારક શક્તિને મજબૂત કરે છે. રોજ સવારે ખાલી પેટ જીરાનું પાણી પીવાથી કબજિયાતમાં રાહત મળે છે. તમે જીરાનો પાવડર બનાવીને તેને દહીં કે સલાડમાં ઉમેરીને પણ ખાઈ શકો છો. જે લોકોને પેટ ફૂલવાની સમસ્યા હોય તેઓ પોતાના આહારમાં હિંગનો સમાવેશ ચોક્કસપણે કરવો જોઈએ. હીંગ પેટ સંબંધિત અન્ય ઘણી સમસ્યાઓને દૂર રાખે છે, જેમ કે ગેસ અને ખાધા પછી પેટ ભારે થઈ જવું. જણાવી દઈએ કે, દરરોજ હિંગનું સેવન કરવાથી પેટ સરળતાથી સાફ થાય છે. વરિયાળી પણ પેટ સાથે સંબંધિત સમસ્યાઓને દૂર કરવમાં મહત્વનો ભાગ ભજવે છે અને પાચનને સુધારવામાં મદદ કરે છે. જમ્યા બાદ વરિયાળીનું સેવન કરવાથી ખોરાક ઝડપથી પચે છે. વરિયાળીમાં રહેલા ગુણ પાચનક્રિયા સુધારવાની સાથે ગેસ, એસિડિટી અને કબજિયાતની સમસ્યાથી પણ છૂટકારો આપે છે.

# બાળક નાની-નાની વાતમાં જીદ્દ કરે છે? તો આટલું કરો, બે દિવસમાં સુધરી જશે



બાળકો નાના-નાના હોય ત્યારે એમને હેન્ડલ કરવા ઘણી વાર ખૂબ અઘરું થઈ જાય છે. એમાં પણ બાળક જ્યારે જીદ્દી થઈ જાય ત્યારે આ સમય પેરેન્ટ્સ માટે અઘરો બની જાય છે. પરંતુ તમે સરળતાથી બાળકોનું જીદ્દીપણું આ રીતે ઓછુ કરી શકો છો. કેટલાક બાળકો બહુ વધારે જીદ્દી અને ગુસ્સા વાળા સ્વભાવના હોય છે. એમને લાગે છે કે નાની-નાની વાતમાં ગુસ્સો અને જીદ્દ કરવાથી એમની ડિમાન્ડ સરળતાથી પૂરી થઈ જાય છે. જો કે વાત કરવામાં આવે તો પેરેન્ટ્સ બાળકોની દરેક ડિમાન્ડને ઝડપથી પૂરી કરી લેતા હોય છે જેના કારણે બાળકનો સ્વભાવ ચિડીયો અને ગુસ્સા વાળો થઈ જાય છે. આમ, બાળકની ડિમાન્ડ તરત પૂરી કરવાની આદત તમારી પણ છે તો તમારે આ સ્વભાવ બદલવાની જરૂર છે. ઘણાં બધા કેસમાં બાળક જ્યારે જીદ્દ કરે ત્યારે પેરેન્ટ્સ ગુસ્સે થઈને મારતા હોય છે. પરંતુ બાળકનો સ્વભાવ સુધારવામાં તમે આ ટેકનીક અજમાવો છો તો સૌથી ખરાબ છે. તો જાણો આ ટિપ્સ વિશે જેનાથી તમે સરળતાથી બાળકને હેન્ડલ કરી શકશો અને એના જીદ્દી સ્વભાવમાં ફરક પડી જશે. બાળકોનો વિકાસ પૂરી રીતે ના થવાને કારણે આ સ્ટેપ લેવું ખૂબ જરૂરી છે. એવામાં બાળક સમજી શકતુ નથી કે ગુસ્સે થવુ જોઈએ કે નહીં, જીદ્દ કરવી જોઈએ કે નહીં કે પછી શાંત થઈને વાત કરવી જોઈએ. આ માટે તમે બાળકને હંમેશા શાંત થઈને વાત કરો. બાળક જ્યારે ગુસ્સો કરે, જીદ્દ કરે ત્યારે ઈમોશન થઈને કહો કે આવું કેમ કરે છે. મોટાભાગના પેરેન્ટ્સ બાળક જ્યારે જીદ્દ કરે ત્યારે ગુસ્સામાં આવીને મારતા હોય છે. પરંતુ તમને જણાવી દઈએ કે તમે પણ આવું કરો છો તો આ તમારી સૌથી મોટી ભૂલ છે. બાળક જ્યારે પણ જીદ્દ અને ગુસ્સો કરે ત્યારે શાંતિથી સમજાવો. આમ કરવાથી બાળક જલદી સમજી જશે. બાળક જીદ્દ કરે તેમજ ગુસ્સો કરે ત્યારે એને પ્રેમથી સમજાવવાનો પ્રયત્ન કરો.

# ડિપ્રેશન કે તણાવથી પીડાતા હોવ તો નિશ્ચિત થઈ જાવ, આ નંબર કરશે તમારી મદદ

માનસિક રીતે બીમાર દર્દીઓ અને કોઈપણ પ્રકારની માનસિક પીડા અથવા તણાવથી પીડાતા લોકો માટે એક સારા સમાચાર છે. હવે તેમને સારવાર સંબંધિત કોઈપણ પ્રકારની સમસ્યાનો સામનો કરવો પડશે નહીં, કારણ કે તાજેતરમાં જ રાષ્ટ્રીય સ્વાસ્થ્ય મિશન હેઠળ આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા ટેલિમેન ટોલ ફ્રી અને હેલ્પલાઈન નંબર જારી કરવામાં આવ્યો છે. નેશનલ હેલ્થ મિશન હેઠળ આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા તાજેતરમાં જાહેર કરવામાં આવેલ ટોલ ફ્રી નંબર ૧૪૪૧૬ છે અને હેલ્પ લાઈન નંબર ૧૮૦૦૮૯૧૪૪૧૬ છે. જિલ્લાની જનરલ હોસ્પિટલના મનોવૈજ્ઞાનિક નિષ્ણાંત ડો. પ્રેમરાજ મીણાના જણાવ્યા અનુસાર, તાજેતરમાં શરૂ કરાયેલા આ ટોલ ફ્રી નંબરનો હેતુ રાજ્યના તમામ નાગરિકોને માનસિક તાણ, હતાશા, ઊંઘ, આંતરવ્યક્તિગતમાં તણાવને લગતી સમસ્યાઓ અંગે મનોવૈજ્ઞાનિક કાઉન્સેલિંગ આપવાનો છે. બાળકોના સંબંધો, બૌદ્ધિક અને ભાવનાત્મક સમસ્યાઓ.



# શું સંગીત સાંભળવું અને બાઈનોરલ બીટ્સ માઈગ્રેનમાં રાહત આપી શકે છે?





કેટલાક લોકો કહે છે કે સંગીત આધાશીશીના દુખાવામાં રાહત આપવામાં મદદ કરે છે. જો કે, આ શોધને સમર્થન આપવા માટે પૂરતું સંશોધન નથી. એપિસોડિક આધાશીશી ધરાવતા ૨૦ પુખ્ત વયના લોકોના ૨૦૨૧ના અભ્યાસમાં, લગભગ અડધા સહભાગીઓએ ૩ મહિનાના દૈનિક સંગીત-સાંભળવાના સત્રો પછી ૫૦% ઓછા આધાશીશી હુમલાની જાણ કરી. ૨૦૧૩ના અધ્યયનમાં આધાશીશી પીડિત બાળકો સાથે સંકળાયેલા ટ્રસ્ટેડ સોર્સમાં જાણવા મળ્યું છે કે મ્યુઝિક થેરાપી સાથે માથાનો દુખાવોની આવર્તનમાં લગભગ ૨૦% ઘટાડો થયો છે. જો કે, આ ૨૦% ઘટાડો અભ્યાસના પ્લેસિબો જૂથના પરિણામોની બરાબર હતો. તણાવ રાહત માટે મ્યુઝિક થેરાપીનો ઉપયોગ કરવા પર વધુ સંશોધન કરવામાં આવ્યું છે. આ અભ્યાસો વિશ્વસનીય સ્રોત સતત અર્થપૂર્ણ લાભ દર્શાવે છે. આ તારણો રસપ્રદ હોઈ શકે છે કારણ કે આધાશીશીથી પીડિત ૭૦% લોકો માટે તણાવ એ ટ્રિગર હોવાનું માનવામાં આવે છે. આધાશીશી માટે સંગીતના પ્રકારો શું છે?

આધાશીશી સાથે પુખ્ત વયના લોકો સાથે સંકળાયેલા ઉપરોક્ત અભ્યાસમાં, ઈન્સ્ટ્રૂમેન્ટલ સંગીતનો ઉપયોગ કરીને ઉપચાર કાર્યક્રમ વિકસાવવામાં આવ્યો હતો. વિવિધ શૈલીઓનો ઉપયોગ કરવામાં આવ્યો હતો, જેમાં નીચેનાનો સમાવેશ થાય છે: શાસ્ત્રીય સંગીત આ તારણોના આધારે, ઈન્સ્ટ્રૂમેન્ટલ મ્યુઝિક શ્રેષ્ઠ આરામને પ્રોત્સાહન આપવામાં મદદ કરી શકે છે. ધીમા ટેમ્પો સાથેના ટુકડાઓ ધ્યાનમાં લો ૪૦-૮૦ ધબકારા એક મિનિટ વચ્ચે અને ઓછા ઈન્સ્ટ્રૂમેન્ટલ અવાજો. લાઈસન્સ પ્રાપ્ત મ્યુઝિક થેરાપિસ્ટ તમારા માટે શ્રેષ્ઠ કામ કરતી સાંભળવાની યોજના વિકસાવવામાં મદદ કરી શકે છે. દ્વિસંગી ધબકારા એ એક શ્રાવ્ય ભ્રમણા છે જે ત્યારે થાય છે જ્યારે મગજ એકસાથે બે અવાજોને થોડી અલગ ફ્રીક્વન્સી પર પ્રક્રિયા કરે છે. મગજ ત્રીજો સ્વર બનાવીને મતભેદોનું સમાધાન કરવાનો પ્રયાસ કરે છે, જેને બાયનોરલ બીટ તરીકે ઓળખવામાં આવે છે. તે બે વાસ્તવિક ટોન વચ્ચેનો તફાવત દર્શાવે છે. મગજમાં શું થઈ રહ્યું છે તેના આધારે મગજના તરંગો તેમની પોતાની કુદરતી ફ્રીક્વન્સીઝ પર ધબકે છે. ૨૦૧૬ના ટ્રસ્ટેડ સોર્સના સંશોધનમાં જાણવા મળ્યું છે કે મગજના તરંગની આવર્તનમાં ફેરફાર માઈગ્રેન ધરાવતા લોકોમાં માથાનો દુખાવોના હુમલા સાથે સંકળાયેલા છે.

દ્વિસંગી ધબકારા મગજના તરંગોમાં આ ફેરફારોને સુધારવામાં અને આધાશીશીની આવર્તન ઘટાડવામાં અને પીડાને દૂર કરવામાં મદદ કરી શકે છે. કારણ કે દ્વિસંગી ધબકારા અને આધાશીશી પર ઘણા ઓછા અભ્યાસો છે, કઈ આવર્તન શ્રેષ્ઠ છે તે જાણવું અસ્પષ્ટ છે. કેટલાક સ્રોતો મગજના કુદરતી તરંગો સાથે સંરેખિત આવર્તનનો ઉપયોગ કરવાનું સૂચન કરે છે. વિવિધ પ્રકારના મગજના તરંગો વિવિધ ફ્રીક્વન્સીઝ પર ધબકે છે અને ચેતના, સતર્કતા અને આરામની વિવિધ અવસ્થાઓ સાથે જોડાયેલા છે. આધાશીશી રાહત માટે સાઉન્ડ થેરાપીમાં રસ વધી રહ્યો હોવા છતાં, સંશોધન મર્યાદિત છે. કેટલાક લોકોને મ્યુઝિક થેરાપી અથવા બાયનોરલ બીટ્સથી ફાયદો થઈ શકે છે. જો કે, સાંભળવાની માર્ગદર્શિકા માટે વધુ અભ્યાસની જરૂર છે. જો તમને આધાશીશીના દુખાવાને નિયંત્રિત કરવા માટે નવા અભિગમો અજમાવવામાં રસ હોય, તો તમારી હેલ્થકેર ટીમ તમને તમારા માટે શ્રેષ્ઠ વિકલ્પો શોધવામાં મદદ કરી શકે છે.

## BOLLYWOOD NEWS FLASH

### આ ફિલ્મને એક લાંબો વીકેન્ડ મળે છે જો સીધો મતલબ એ થાય છે ફિલ્મ ધમાકેદાર રીતે કમાણી કરી શકશે



# ટાઈગર-૩ના પ્રોમોમાં સલમાનનો દમદાર લૂક

। મુંબઈ, તા.૫ ।

સલમાન ખાન અને કેટરીના કૈફની ફિલ્મ 'ટાઈગર ૩' ક્યારે રિલીઝ થશે એની લોકોની રાહ જોઈને બેઠા છે. સલમાનના ફેન આ મુવીને લઈને ઘણાં એક્સાઈટેડ છે. જો કે હવે આ ફિલ્મને લઈને મોટી અપડેટ સામે આવી છે. ફિલ્મના રિલીઝને ડેટને હવે થોડા દિવસો બાખી છે ત્યારે ટાઈગર ૩ નો એક નવો પ્રોમો સામે આવ્યો છે. આ પ્રોમો તમે એક વાર જોશો તો વારંવાર જોવાની ઈચ્છા થશે. આ પ્રોમોમાં સલમાનનો લુક ખરેખર જોવા જેવો છે. આ પ્રોમો જોઈને તમને પણ એડવાન્સ બુકિંગ કરાવવાનું મન થઇ જશે. ઉલ્લેખનીય છે કે ટિઝર, ટ્રેલર અને પહેલું ગીત લેકે પ્રભુ કા નામ પછી, વાઈઆરએફે આજે ટાઈગર ૩ના ૫૦ સેકેન્ડના ટાઈગર ઈઝ બેક વિડીયો એસેટની સાથે દર્શકોને ચોંકાવી દીધા છે. આ સલમાન ઉર્ફે ટાઈગરના એક વન મેન આર્મીના રૂપમાં પ્રસ્તુત કરે છે જે એક ખલનાયક વિરુદ્ધ ભારતની રક્ષા કરે છે. ખલનાયક કહે છે કે એને કોઈ પણ કિંમતમાં નષ્ટ કરવા ઈચ્છુ છું.

આ જવાબમાં સલમાન ખાનનો દમદાર એક્શન અવતાર જોવા મળે છે. અંતમાં સલમાન ખાન એક ઘાંસૂ ડાયલોગ બોલે છે.. 'જબ તક ટાઈગર મરા નહીં તબ તક ટાઈગર હારા નહીં. આ એક્શન પ્રોમોમાં સલમાન ખાનને ફિલ્મમાં દુષ્ટ માસ્ટરમાઈન્ડ અને સુપર એજેન્ટ ટાઈગરના દુશ્મન ઈમરાન હાશ્મી દ્વારા ધમકી આપવામાં આવી રહી છે. આ સમયે ઘોષણા કરે છે કે હાલમાં ભારતને ઈજા પહોંચાડશે અને ભારતીયો શિકાર કરશે.

# શાહરુખની Dunkiના ટીઝરમાં જોવા મળ્યો મોટો છબરડો



। મુંબઈ, તા.૫ ।

શાહરૂખ ખાનનો ૫૮મો જન્મદિવસ દરેક રીતે શાનદાર રહ્યો. આ ખાસ દિવસે કિંગ ખાને પણ પોતાના ફેન્સને એક ખાસ ભેટ આપી હતી. ૨ નવેમ્બરના રોજ શાહરૂખ ખાનની બહુચર્ચિત ફિલ્મ ડંકીનું ટીઝર રિલીઝ કરવામાં આવ્યું હતું. ડંકીનું ટીઝર ફેન્સ માટે કોઈ ટ્રીટથી ઓછું ન હતું. જ્યારથી ફિલ્મનું ટીઝર રીલિઝ થયું છે ત્યારથી દરેક જગ્યાએ માત્ર ફિલ્મની જ ચર્ચા થઈ રહી છે. પરંતુ આ દરમિયાન, સોશિયલ મીડિયા પર બીજી ચર્ચા શરૂ થઈ છે, જ્યાં લોકોએ ટીઝરમાં એક મોટી ભૂલ પકડી છે. ખરેખર, ટીઝરના એક સીનમાં શાહરૂખ ખાન ઘણા પંજાબી લોકો સાથે ડાન્સ કરતો જોવા મળે છે. આ દરમિયાન તેની બાજુમાં ઉભેલો એક વ્યક્તિ ઈંગ્લેન્ડના ધ્વજ સાથે ડાન્સ કરતો જોવા મળે છે. જે બાદ અચાનક તે વ્યક્તિ અદૃશ્ય થઈ જાય છે. આ ભૂલ હવે સોશિયલ મીડિયા યુઝર્સ દ્વારા જોવામાં આવી છે. હવે દરેક જગ્યાએ આ ફિલ્મની ચર્ચા થઈ રહી છે. લોકો હવે આ ભૂલને ફિલ્મના એડિટરની ભૂલ ગણાવી રહ્યા છે. આ ક્લિપને શેર કરતી વખતે એક યૂઝરે લખ્યું, 'એડિટિંગ મિસ્ટેક' અને તેની સાથે ફની ઈમોજી પણ બનાવ્યું. આ ભૂલ તમને ટીઝરની ૫૮મી સેકન્ડમાં જોવા મળશે. ફિલ્મ વિશે વાત કરીએ તો ડંકી ચાર મિત્રોની વાર્તા દર્શાવે છે જેઓ ઈંગ્લેન્ડ જવાનું સપનું જુએ છે. તેના તમામ મિત્રોની જવાબદારી હાર્દિક એટલે કે શાહરૂખ ખાનના ખભા પર છે. તમને જણાવી દઈએ કે આ ફિલ્મમાં શાહરૂખ સિવાય તાપસી પન્નુ, દિયા મિર્ઝા, ધર્મેન્દ્ર, બોમન ઈરાની, સતીશ શાહ મહત્વની ભૂમિકામાં જોવા મળશે. તો વિકી કૌશલ અને કાજોલ કેમિયોમાં જોવા મળશે. બોક્સ ઓફિસ પર પ્રભાસની ફિલ્મ 'સલાર' સાથે ટકરાશે. અગાઉ એવી અટકળો હતી કે ડંકીની રિલીઝ મોકૂફ રાખવામાં આવશે, પરંતુ આ અહેવાલો સંપૂર્ણપણે ખોટા નીકળ્યા. એવા પણ અહેવાલો છે કે સાલારના નિર્માતાઓ રિલીઝની તારીખ આગળ વધારી શકે છે. પરંતુ હજુ સુધી કોઈ સત્તાવાર માહિતી આવી નથી.

# કરીના કપૂરે ડીપ નેકમાં હદ વટાવી

। મુંબઈ, તા.૫ ।

બોલિવૂડ એક્ટ્રેસ કરીના કપૂર પોતાના ગ્લેમરસ અંદાજ માટે જાણીતી છે. કરીના એની ફિલ્મોની જેમ દર વખતે એના લુક્સમાં પણ કંઈક હટકે ટ્રાય કરતી હોય છે. ફેન્સને એની ખૂબસુરતી અને સ્ટાઈલ ખૂબ પસંદ પડે છે. જો કે કરીનાની હાલની ફિગર જોતા બે બાળકોની મોમ હશે એવું જરા પણ લાગતુ નથી. આમ, કરીનાની જેટલી દમદાર એક્ટિંગ છે એટલા ગ્લેમરસ આઉટફિટ પણ હોય છે. ઘણી વાર ફેન્સને કરીનાની સ્ટાઈલ એટલી ગમી જાય છે કે લોકો ફોલો પણ કરતા હોય છે. આમ, ઘણી વાર કરીના ફેશનને લઈને ટ્રોલ પણ થતી હોય છે. આવું ફરી વાર બન્યુ છે. આ વખતે કરીના કપૂરની સ્ટાઈલ અને અંદાજ લોકોને જરા પણ પસંદ પડ્યો નથી. લોકોને લાગી રહ્યું છે કે એક્ટ્રેસ આ શું પહેરી લીધુ છે? હાલમાં એક્ટ્રેસ સ્પોટ થઇ હતી. આ સમયે કરીનાએ વ્હાઈટ કલરની સાર્ટિનનો ડ્રેસ કેરી કર્યો હતો. એક્ટ્રેસે આ સાથે ચમકાતો ડાયમંડનો નેકલેસ પણ પહેર્યો હતો. હાઈ હીલ્સ પહેરીને કરીના ટિપટોપ તૈયાર થઈને બિલ્ડીંગમાંથી બહાર આવી. આ સમયે કરીનાએ સ્માઈલ આપતા પેપ્સની સાથે વાતો પણ કરી.



# રિલીઝ પહેલા ટાઈગર ૩નો નવો પ્રોમો થયો વાયરલ

। મુંબઈ, તા.૫ ।

નવેમ્બરનો મહિનો ભાઈજાનના ફેન્સ માટે ખાસ બનવા જઈ રહ્યો છે. સલમાન ખાન, કેટરિના કૈફ અને ઈમરાન હાશ્મી અભિનીત 'ટાઈગર ૩' ની રિલીઝ નજીક છે. તે અગાઉ આજે આ ફિલ્મનો નવો પ્રોમો રિલીઝ કરવામાં આવ્યો છે. આમાં સલમાન ખાન અને ઈમરાન હાશ્મી સામસામે છે. તમને જણાવી દઈએ કે ઈમરાન આ ફિલ્મમાં નેગેટિવ રોલમાં છે. નવા પ્રોમો વીડિયોમાં જ્યાં ઈમરાન ટાઈગરને ચેલેન્જ આપતા જોવા મળે છે, ત્યાં ટાઈગરે ઈમરાનને પણ હરાવ્યો છે. આ સિવાય કેટરીનાના એક્શન સીન પણ જોવા મળી રહ્યા છે. ટાઈગર ૩ના ટીઝર, ટ્રેલર અને પહેલા ગીત 'લેકે પ્રભુ કા નામ' બાદ હવે તેનો નવો પ્રોમો રિલીઝ કરવામાં આવ્યો છે. આ ૫૦ સેકન્ડનો વીડિયો છે, જેનું શીર્ષક છે 'ટાઈગર ઈઝ બેક'. જેમાં સલમાન ખાન ભારતની સુરક્ષા માટે એકલા હાથે લડતો જોવા મળે છે. વીડિયોની શરૂઆતમાં વિલન બનેલો ઈમરાન કહે છે, 'હવે મારો વારો છે, આ વખતે તમે ટાઈગરને ગુમાવશો. હું ટાઈગરને વચન આપું છું કે ભારતનું અસ્તિત્વ વિશ્વના નકશા પરથી ભૂંસી નાખીશ. આ પછી વીડિયોમાં સલમાન ખાન ડેશિંગ એક્શન મોડમાં જોવા મળી રહ્યો છે. તેમના સિવાય કેટરીના કૈફનો એક્શન અવતાર પણ જોવા જેવો છે. સલમાન કહે છે, 'તમે બધુ બરાબર કર્યું છે, તમે બસ એક વાત ભૂલી ગયા છો, 'જ્યાં સુધી ટાઈગર નહીં મરાય ત્યાં સુધી ટાઈગર હાર્યો નથી.' પ્રોમો જોયા પછી, ફિલ્મ માટે દર્શકોની ઉત્તેજના વધુ વધશે. તમને જણાવી દઈએ કે આ ફિલ્મ દિવાળીના અવસર પર ૧૨ નવેમ્બરે રિલીઝ થઈ રહી છે. મનીષ શર્મા દ્વારા નિર્દેશિત 'ટાઈગર ૩' યશ રાજ ફિલ્મ્સની સ્પાય યુર્નિવર્સ ફિલ્મ છે. તેનું એડવાન્સ બુકિંગ ૫ નવેમ્બરથી શરૂ થવા જઈ રહ્યું છે અને તમે ૧૨ નવેમ્બરે સવારે ૭ વાગ્યાથી તેનો શો જોઈ શકશો. તમને જણાવી દઈએ કે આ ફિલ્મમાં શાહરૂખ ખાનનો પણ એક ખાસ કેમિયો છે, જેને લઈને દર્શકોમાં ભારે ઉત્તેજના જોવા મળી રહી છે.



### મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે શ્રી સોમનાથ મહાદેવના દર્શન, અભિષેક કરી પૂજા સામગ્રી અર્પણ કરી

# પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા સોમનાથમાં પ્રારંભ કરાયેલ રામ નામ મંત્ર લેખન યજ્ઞમાં સહભાગી થતા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ

## સોમનાથથી અયોધ્યા સુધી રામ નામ લેખન સેતુનું નિર્માણ કરવા બદલ સોમનાથ ટ્રસ્ટને અભિનંદન આપતા મુખ્યમંત્રી

। ગાંધીનગર, તા.૫ ।

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથ મહાદેવના ભક્તિ ભાવપૂર્વક પૂજન અને જળાભિષેક કર્યા હતા. મુખ્યમંત્રીશ્રી ત્યારબાદ સોમનાથ ટ્રસ્ટના શ્રીરામ મંદિર ખાતે ચાલી રહેલા સોમનાથ થી અયોધ્યા રામ નામ મંત્ર લેખન યજ્ઞમાં પણ સહભાગી થયા હતા.



આ "સોમનાથ થી અયોધ્યા રામ નામ મંત્ર લેખન યજ્ઞ" નો પ્રારંભ દેશના યશસ્વી પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ તાજેતરની તેમની ગુજરાત મૂલાકાત દરમિયાન સોમનાથ ટ્રસ્ટની બેઠક બાદ ગાંધીનગરમાં રાજભવન ખાતે સૌપ્રથમ રામ નામ લખીને કરાવ્યો હતો. આ રામનામ મંત્ર લેખન યજ્ઞની પરંપરાને આગળ ધપાવતાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ શનિવારે પાંચમી નવેમ્બરે તેમની સોમનાથ મુલાકાત દરમિયાન ત્યાંના રામ મંદિરમાં મંત્ર લેખનમાં જોડાયા હતા. સોમનાથ અને રામ મંદિર અદ્વિતીય સમાનતાઓ ધરાવે છે, વિસર્જન બાદ સર્જનની આ મહાગાથા રાષ્ટ્રની એકતાને સુદ્રઢ કરવાનું કાર્ય કરશે. સોમનાથમાં લખાયેલ રામ નામ અયોધ્યા રામ મંદિરની પ્રાણ પ્રતિષ્ઠા સમયે સમર્પિત કરવામાં આવશે.

જે રીતે ભગવાન રામની સેના દ્વારા રામ નામ લખી સમુદ્ર પર રામસેતુ નિર્માણ કરાયો હતો, તેવી જ રીતે સંઘર્ષપૂર્ણ ભૂતકાળથી આગળ વધી નવા ભારતના ભાગ્યોદય સુધીનો રામનામ લેખન સેતુ શ્રી સોમનાથ ટ્રસ્ટ દેશના યશસ્વી પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીની અધ્યક્ષતામાં નિર્માણ થઈ રહ્યું છે. યજ્ઞના પ્રથમ દિવસે જ ૧.૫૧ લાખ થી વધુ રામ નામ લખાયા હોય એ પ્રમાણ છે કે ભાવિકોએ આ યજ્ઞ ને આત્મસાત કર્યો છે. સોમનાથમાં દેવાધિદેવ મહાદેવ અને શ્રી રામ પ્રભુના સાનિધ્યમાં રામ નામ લેખન આત્માને પ્રસન્નતા આપે છે.

શ્રી રામ નામ લેખન યજ્ઞમાં જોડાઈને મુખ્યમંત્રીશ્રીએ પ્રસન્નતા વ્યક્ત કરતા કહ્યું હતું કે, આજે સોમનાથ થી અયોધ્યા રામ નામ લેખન યજ્ઞમાં જોડવાનો ધન્ય અવસર મળ્યો છે.

સોમનાથ આવનારા દેશ-વિદેશના ભાવિકોને રામ નામ મંત્ર લેખન યજ્ઞમાં જોડીને અખંડ ભારતનો રામનામ લેખન સેતુ નિર્માણ કરવા બદલ સોમનાથ ટ્રસ્ટને મુખ્યમંત્રીશ્રીએ અભિનંદન પાઠવ્યા હતા. સોમનાથ ટ્રસ્ટ તરફથી ટ્રસ્ટી શ્રી જે. ડી પરમાર, અને સચિવ શ્રી યોગેન્દ્રભાઈ દેસાઈ દ્વારા આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રીનું સ્વાગત અભિવાદન કરવામાં આવ્યું હતું.

### નર્મદાના સોનગામ ગામ પાસેથી ૯ ફૂટ મોટો મગર રેસ્કયૂ કરાયો

# રેસ્કયૂ કરીનેવન વિભાગે મગરને સુરક્ષિત જગ્યાએ છોડી મુકાતા ગામ લોકોમાં રાહત

। દીપક જગતાપ રાજપીપળા, તા.૫ ।

નર્મદાના સોનગામ ગામ પાસેથી ૯ ફૂટ મોટો મગર રેસ્કયૂ કરાયો છે.પ્રાપ્ત માહિતી અનુસાર નર્મદા જિલ્લાના સોનગામ ગામ પાસે ખેતર માં મગર આવી ચડ્યો હતો.

ખેતરમાં મગર હોવાની જાણ થતા જ ખેતર માલિક તડવી શનાભાઈએ તાત્કાલિક આ વાતની જાણ નર્મદા જિલ્લાની રેસ્ક્યુ ટિમને કરી હતી.. જોકે રેસ્ક્યુ ટિમને પહોંચતા પહેલા મગર નજીકમાં આવેલ માઈનોર કેનાલમાં ઉતરી ગયો હતો. બે દિવસ પછી આજ મગર ફરી એક વાર ખેતરની નજીક મેન કેનાલના રોડ પર આવી ચડતા વાહન વ્યવહાર ઠપ થઈ ગયો હતો. જોકે ત્યાં મોજુદ તડવી પ્રકાશભાઈ વિનુભાઈએ તાત્કાલિક આ વાતની જાણ રેસ્ક્યુ ટિમને કરતા ટિમના સદસ્ય તડવી અજય, તડવી મુન્નો, તડવી અતેશ, તડવી અરુણ અને તડવી વિજય તાત્કાલિક ઘટના સ્થળ



પર પહોંચી ગયા હતા અને ટિમે ફોરેસ્ટ વિભાગને પણ સૂચના આપી દીધી હતી.જે કે ટીમે આશરે ૮ થી ૯ ફૂટ લાંબો મગર ને તાત્કાલિક રેસ્ક્યુ કરી લીધો હતો. મગર રેસ્ક્યુ કરી સાઈડ પર કરતા ફરી એક વાર વાહન વ્યવહાર ચાલુ થયો હતો અને સ્થાનિક રહીશો એ રાહત નો દમ લીધો હતો. મગરને કેવડિયા ફોરેસ્ટ વિભાગને જાણ કરતા ફોરેસ્ટર જશુ ભાઈ ચૌહાણની સૂચનાથી મગરને સરદાર સરોવર ડેમમાં બીટગાર્ડની હાજરી માં છોડી મુકવામાં આયો હતો.

# અમદાવાદ જિલ્લા પંચાયત ખાતે જિલ્લા વિકાસ અધિકારી મેહુલભાઈ દવેના અધ્યક્ષ સ્થાને દસક્રોઈ તાલુકાનો સરપંચ સંવાદ કાર્યક્રમ યોજાયો

। અમદાવાદ, તા.૫ ।

'સ્વચ્છતા હી સેવા' કાર્યક્રમ અંતર્ગત જિલ્લા પંચાયત અમદાવાદ ખાતે અમદાવાદ જિલ્લા વિકાસ અધિકારી શ્રી મેહુલભાઈ દવેના અધ્યક્ષ સ્થાને અમદાવાદ જિલ્લાના દસક્રોઈ તાલુકાનો સરપંચ સંવાદ કાર્યક્રમ યોજાયો હતો.

ઉપરોક્ત કાર્યક્રમમાં દસક્રોઈ તાલુકાના ૩૦ ગ્રામ પંચાયતોના તલાટી-કમ-મંત્રીશ્રીઓ તથા સરપંચશ્રીઓ હાજર રહ્યાં હતા અને તેમના દ્વારા આ સંવાદમાં દસ્તકોઈ તાલુકાના તમામ ગામોમાં સ્વચ્છતાની થયેલ કામગીરી માટેની ચર્ચા કરવામાં આવી હતી. સરપંચશ્રીઓ અને તલાટી-કમ-મંત્રીશ્રીઓ દ્વારા ગ્રામ્ય કક્ષાએ સ્વચ્છતા કાયમ માટે જળવાઈ રહે બાબતે સંકલ્પ કરવામાં આવ્યો હતો. દસક્રોઈ તાલુકામાં ગ્રામ્ય કક્ષાનું જીવન આરોગ્યમય, સુદ્રઢ, સરળ અને સ્વચ્છ બની રહે તે બાબતની પણ સંભાળ લેવામાં આવે છે તેમ જણાવવામાં આવ્યું. આ સમગ્ર સંવાદમાં નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ, તાલુકા વિકાસ અધિકારીશ્રી દસક્રોઈ, નાયબ તાલુકા વિકાસ અધિકારીશ્રી દસક્રોઈ તથા વિસ્તરણ અધિકારી, પંચાયત હાજર રહ્યાં હતાં.

# સ્વચ્છતા અભિયાન અંતર્ગત ભાવનગરની જીલ્લા ગ્રામ વિકાસ એજન્સીમાં રેકર્ડ વર્ગીકરણ કરાયું

। ભાવનગર, તા.૫ ।

સ્વચ્છતા અભિયાન અંતર્ગત ભાવનગરની જીલ્લા ગ્રામ વિકાસ એજન્સીમાં સ્વચ્છ ભારત મિશન (ગ્રા)યોજના અને વહીવટી શાખામાં દ્વારા રેકોર્ડ વર્ગીકરણ કરવામાં આવ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે "સ્વચ્છતા હી સેવા અભિયાન" અન્વયે ભાવનગર જિલ્લા ની તાલુકા પંચાયત કચેરી તેમજ અન્ય કચેરીઓમાં સરકારી ફાઈલ્સ, કાગળ અને રેકર્ડનું વર્ગીકરણ કરવામાં આવ્યું હતું. સમગ્ર રાજ્યમાં સ્વરછતા હી સેવા અભિયાન અંતર્ગત તમામ



સરકારી કચેરીઓના રેકર્ડ વર્ગીકરણ, ભંગારનો નિકાલ, જુના વાહનોની હરાજી વગેરે કામગીરી કરવામાં આવી રહી છે. આ સફાઈ ઝુંબેશ અંતર્ગત જીલ્લા ગ્રામ વિકાસ એજન્સીના અધિકારીશ્રીઓ અને કર્મચારીશ્રીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

# અમદાવાદ શહેરના ૭ ઝોનમાં વિવિધ લોકેશનો પર સફાઈ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું

। અમદાવાદ, તા.૫ ।

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ગુજરાત સરકારનાં 'સ્વચ્છતા હી સેવા' થીમ હેઠળ શરૂ કરવામાં આવેલ ૬૦ દિવસના સફાઈ ઝુંબેશ કાર્યક્રમોનાં સ્વચ્છતાના અભિયાનમાં તારીખ પ્રમાણે આપ વામાં આવેલ શિડ્યુલ પ્રમાણે ૩૦ ઓક્ટોબરથી ૫ નવેમ્બર, ૨૦૨૩ દરમ્યાન મ્યુનિસિપલ ઝોનલ ઓફિસો, મ્યુનિસિપલ કચેરીઓ અને સબ ઝોનલ કચેરીઓ તેમજ મસ્ટર સ્ટેશનો તથા સરકારી ઓફિસોની સફાઈ અને કાટમાળ નિકાલ તેમજ મિશન મોડ પર પ્લોટોની સફાઈ ઝુંબેશ અંતર્ગત ૩ નવેમ્બર, ૨૦૨૩નાં રોજ શહેરના ૭ ઝોનમાં આવેલા વિવિધ લોકેશનોની સફાઈ હાથ ધરવામાં આવેલ હતી. શહેરના પૂર્વ ઝોનમાં અર્બન હેલ્થ સેન્ટર, સબ ઝોનલ ઓફિસ, નિકોલ, અર્બુદા સબ ઝોનલ, વિરાટનગર, ફુવારા સર્કલ, ગોમતીપુર, ઓઢવ સ્વિમીંગ પુલ, ઓઢવ, લાઈબ્રેરી માધવ ગાર્ડન પાસે, વસ્ત્રાલ, પોલીસ લાઈન જોગેશ્વરી રોડ, ભાઈપુરા સહિતના વિસ્તારોમાં ૧૧૦૮.૫ કલાકનું શ્રમદાન કરી ૪.૨૫ મેટ્રિક ટન કચરાનો નિકાલ કરવામાં આવ્યો હતો. શહેરના પશ્ચિમ ઝોનમાં ડી કેબિન એએમટીએસ બસ સ્ટેન્ડ, ચીમનભાઈ બ્રિજ નીચે, કાળીગામ ઓફિસ રાણીપ, નવાવાડજ પોલીસ સ્ટેશન, ગોપાલ ચોક, જી.એચ.બી ઓફિસ, પ્રગતિનગર, કરુણા ટ્રસ્ટ ઓફિસ(મસ્ટર સ્ટેશન), મલ્ટી લેવલ પાર્કિંગ, કંટ્રોલ ઓફિસ, એનઆઈડી રોડ,પાલડી, સિટી સિવિક સેન્ટર, ગોદાવરી સહિતના વિસ્તારોમાં ૩૧૧૦.૫ કલાકનું શ્રમદાન કરી ૧૬૩.૭૨ મેટ્રિક ટન કચરાનો નિકાલ કરવામાં આવ્યો હતો. શહેરના ઉત્તર ઝોનમાં નોબલનગર સબ મસ્ટર નરોડા લાયબ્રેરી નરોડા બજાર, સૈજપુર આયુર્વેદિક દવાખાનુ, મસ્ટર કમ્પાઉન્ડ, ટાવરની સામે સૈજપુર બોઘા, સબ મસ્ટર ઓફિસ જુના જી વોર્ડ, સિટી સિવિક સેન્ટર, ચંદ્ર પ્રસાદ હોલ, ઈન્ડિયા કોલોની વોર્ડ, સિટી સિવિક સેન્ટર, ઠક્કરબાપાનગર વોર્ડ, ચંદ્રપ્રસાદ મસ્ટર,પટેલ વાડી, બાપુનગર, રખિયાલ જીમ અને રખિયાલ લાઈબ્રેરી સહિતના વિસ્તારોમાં ૩૬૯ કલાકનું શ્રમદાન કરી ૦.૦૧૧ મેટ્રિક ટન કચરાનો નિકાલ કરવામાં આવ્યો હતો. શહેરના દક્ષિણ ઝોનમાં ગૌતમનગર પાસે, સબ ઝોનલ ઓફીસ દાણીલીમડા ઉત્તમનગર, મણિનગર સિંધી માર્કેટની બાજુમાં, ખોખરા સબ ઝોનલ ઓફિસ રૂક્ષ્મણી હોસ્પિટલ પાસે સહિતના વિસ્તારોમાં ૬૮૦ કલાકનું શ્રમદાન કરી ૧૯.૦૪ મેટ્રિક ટન કચરાનો નિકાલ કરવામાં આવ્યો હતો.

### દિવાળી પર્વે દીવડાની ભારે માંગ

# ગાયના છાણમાંથી શ્રેષ્ઠ ગૌ પશુપાલક રાજેશ વસાવાએ ગાયના છાણમાંથી ૧લાખ ઇકો ફ્રેન્ડલી દીવડા બનાવ્યા

## વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ દીવડા બનાવતા કારીગરો પાસેથી દીવડા ખરીદવાનું સૂચન કરતા દીવડા ખરીદવા ભારે પડાપડી



। રાજપીપળા, તા.૫ ।

દીપોત્સવી પર્વ એટલે પ્રેમ પ્રકાશ અને આનંદ ઉલ્લાસનું પર્વ. દિવાળી પર્વે પ્રત્યેક ના ઘરના ખૂણે ખૂણા દીવડાના પ્રકાશથી ઝગમગી ઉઠે છે. દિવાળી પર્વે દીવડાનું વિશેષ મહત્વ હોય છે. દિવાળી પર્વે બજારના દીવડાની ધૂમ ખરીદી થાય છે.

ખાસ કરીને વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ દીવડા બનાવતા કારીગરો પાસેથી દીવડા ખરીદવાનું સૂચન કરતા દીવડા ખરીદવા નર્મદામાં ભારે પડાપડીથઈ રહી છે. ખાસ કરીને પ્રતાપપરા ગામે ગૌ શાળા ચલાવતા રાજ્યકક્ષાના શ્રેષ્ઠ ગૌ પશુપાલક રાજેશભાઈ વસાવા ગાયના છાણમાંથી ઈકોફ્રેન્ડલી દીવડા બનાવી રહ્યાં છે. ખાસ કરીને દેશી ગાયનું છાણ અને માટી મિક્સ કરીને ઈકો ફ્રેન્ડલી દીવડા બનાવીએ છીએ. જેની ભારે માંગ ઉઠી છે.તેમના જણાવ્યા અનુસાર છેલ્લા બે અઢી મહિનાથી તાલીમ પામેલી મહિલા કારીગરો દીવડા બનાવવાનું તેમજ કલર કામ કરવાનું કામ કરે છે એનાથી મહિલાઓને સારી એવી રોજગારી મળી રહે છે.સમગ્ર દેશભરમાંથી ઓર્ડરો મળી રહ્યા છે તે પ્રમાણે અમે પાર્સલ મોકલીએ છીએ. એક લાખથી વધુ દીવડા બનાવ્યા છે. વધુમાં લોકોને ગાય માતા પ્રત્યે એક શ્રદ્ધાનો લગાવ પણ સામે આવ્યો છે ત્યારે લોકો આવા દીવડા હોંશે ખરીદી રહ્યાં છે.

# આંતરસુબા ખાતે હેલ્થ ઇસ વેલ્થ એક્સરસાઇઝ અને જિલ્લાના ૨૫૦ યોગ સ્ટ્રેનરોને ડ્રેસનું વિતરણ કરવામાં આવ્યું હતું

। સાબરકાંઠા, તા.૫ ।

સાબરકાંઠા જિલ્લાના પ્રવાસન ધામ પોળો ફોરેસ્ટના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર આંતરસુબા ખાતે HEALTH IS WEALTH Exercises (હેલ્થ ઈસ વેલ્થ એક્સરસાઈઝ) સેન્ટરનું ઉદઘાટન અને જિલ્લાના ૨૫૦ યોગ સ્ટ્રેનરોને ડ્રેસનું વિતરણ કરવામાં આવ્યું હતું.

સરકારશ્રીના નવતર અભિગમો અન્વયે રાજ્યના નાગરીકોનું આરોગ્ય સ્વસ્થ્ય અને નિરોગી રહે તે માટે રાજ્યના પ્રવાસન ધામોની નજીકના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો ખાતે કસરતના સાધનો આપી પ્રવાસીઓને આકર્ષિત કરવા સાથે જરૂરી સુવિધા પુરી પાડવાનું નક્કી કરવામાં આવેલ છે. સાથે યોગનો પ્રચાર પ્રસાર થાય નાગરીકો યોગને જીવનનો ભાગ બનાવે તે માટે સ્ટ્રેનરો તૈયાર કરવામાં આવ્યા છે. જે અંતર્ગત મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી ડૉ,. રાજ સુતરીયાએ જણાવ્યુ કે, આરોગ્ય આપણી સાચી સંપતિ છે. વ્યાયામ ને જીવનનું અનિવાર્ય અંગ બનાવી આપ ણે સ્વસ્થ જીવન જીવી શકીએ છીએ. પ્રવાસન ધામ ખાતેની આ સુવિધાથી નિયમિત કસરતની



મહત્વતા અને તે અંગેની જન જાગૃતિ કેળવાશે. સરકારશ્રીના આ પ્રયાસની સ્થાનિક પ્રજાજનોએ વિશેષ લાભ લેવા જણાવ્યું હતું.

પ્રવાસીઓ સાથે સ્થાનિક પ્રજાજનો પણ આ સુવિધાનો લાભ લઈ શકશે. આંતરસુંબા પ્રાથમિક આરોગ્ય કેંદ્ર ખાતે યોગ નિદર્શન કાર્યક્રમ યોજાયેલ, તેમજ સમગ્ર જિલ્લામાં પણ તમામ પ્રાથમિક આરોગ્ય કેંદ્ર અને સબસેન્ટર પર યોગા નિર્દેશકો દ્વારા ગ્રામજનોને યોગાસન કરાવવામાં આવેલ.

# સાબર સ્પોર્ટ સ્ટેડિયમની દિકરીઓએ સ્ટેટ એથ્લેટીક ચેમ્પીયન શીપમાં ૧૪ મેડલ જીત્યા

। નડિયાદ, તા.૫ ।

નડિયાદ ખાતે યોજાયેલ સ્ટેટ એથ્લેટીક ચેમ્પીયન શીપમાં સાબરકાંઠા હિંમતનગરના સાબર સ્પોર્ટ્સ સ્ટેડિયમની દિકરીઓએ જિલ્લા માટે ૬ ગોલ્ડ, ચાર સિલ્વર અને ૪ બ્રોંઝ મેડલ જીતી જિલ્લાને ગૌરવ અપાવ્યું છે. જેમાં સાબર સ્પોર્ટ્સ સ્ટેડિયમની ૯ દિકરીઓએ એથ્લેટિક્સમાં વિવિધ રમતોમાં ખુબ જ સારુ પ્રદર્શન કરી સાબરકાંઠા અને પોતાના પરિવારનું નામ રોશન કર્યુ છે.

આ સ્પર્ધામાં રાજ્યના ૨૦૪૯થી વધુ ખેલાડીઓએ ભાગ લીધો હતો. જેમાં દોડ, લાંબી કુદ, હડલ દોડ, રીલે



દોડ જેવી સ્પર્ધાઓ યોજાઈ હતી. આ એથ્લેટીક સ્પર્ધામાં અંડર ૧૪,૧૭,૧૯ ના સ્પર્ધકોએ ભાગ લીધો હતો. આ સ્પર્ધાઓમાં રામાણી કુમકુમ લોંગ જમ્પમાં ગોલ્ડ અને ૧૦૦ મીટર દોડમાં બોંન્ઝ મેળવ્યો, વાલ્વી સુમીત્રા ૧૦૦ મી. હડલ દોડમાં ગોલ્ડ, જારુ જાગૃતિએ ૪૦૦ મી દોડમાં ગોલ્ડ ૨૦૦ મી. બોંઝ મેડલ, પ્રદીતી વાડીયા હેમર થ્રોમાં ગોલ્ડ, ગામીત ઉર્વશીએ જેવલિન થ્રો ગોલ્ડ મેડલ, રામ પ્રેમ લતા ૨૦૦મી. સિલ્વર મેડલ, ગોહિલ સંધ્યા ૮૦૦ મી. ૧૫૦૦મી. બોન્ઝ મેડલ, અંબારીયા ક્રિષ્ણાએ ૧૫૦૦ મીટર દોડમાં સિલ્વર મેડલ, મેડા કરીશ્મા ૮૦૦મી. સિલ્વર અને ૧૫૦૦મી. બોન્ઝ મેડલ, ૪*૧૦૦ રીલે ટીમમાં ગોલ્ડ, ૪*૪૦૦ રીલે ટીમમાં સિલ્વર મેડલ એમ કુલ ૧૪ મેડલ જીતી જિલ્લાનું નામ રોશન કરવાની સાથે માતા-પિતાનું નામ રોશન કર્યું હતું. આ દિકરીઓને વહિવટી તંત્ર દ્વારા ખુબ ખુબ શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**
આજના દિવસે તમારી આશા આજે કોઈક ઉચ્ચ તથા નાજુક ખુશ્બોની જેમ તથા ભપકાદાર ફૂલની જેમ ખીલશે. તમારો કોઈ પાડોશી આજે તમારી પાસે ઉધાર મંગાવ આવી શકે છે. તમને સલાહ આપવા માં આવે છે કે ઉધાર આપતા પહેલા તેની વિશ્વાસપાત્ર સારી રીતે પારખી લો નહીંતર ધન હાનિ થયી શકે છે. બાહ્ય પ્રવૃત્તિઓમાં વધારે પડતી ભાગીદારી તમારા માતા-પિતાના ગુસ્સાને આમંત્રણ આપી શકે છે.

**વૃષભ (બ,વ,ઉ) :**
આજના દિવસે બાળકો તમારી પસંદગી મુજબનું વર્તન નહીં કરે-જે તમારો ગુસ્સો વધારી મુકશે. તમારે તમારી જાતને રોકવી જોઈએ, કેમ કે નિરંકુશ ગુસ્સો સૌને નુકસાન કરે છે અને ખાસ કરીને જે વ્યક્તિ ગુસ્સામાં છે તેને સૌથી વધુ નુકસાન કરે છે કેમ કે તેને કારણે ઊર્જા વેડફાય છે અને નિર્ણય લેવાની ક્ષમતાને મંદ બનાવે છે. નિવેશ કરવું ઘણી વખત ફાયદેમંદ હોય છે.

**મિથુન (ક,છ,ઘ) :**
આજના દિવસે તમારૂં માનસિક સ્વાસ્થ્ય જાળવો-આધ્યાત્મિક જીવન માટે તે પૂર્વશરત છે. મગજએ તમારા જીવનનું પ્રવેશદ્વાર છે કેમ કે સારૂં-ખરાબ બધું જ તેના વાટે તમારા મગજમાં પ્રવેશે છે. તે જીવનની સમસ્યાઓને ઉકેલવામાં મદદ કરે છે તથા વ્યક્તિના જીવનમાં જરૂરી એવો પ્રકાશ રેલાવે છે. જીવન ના ખરાબ તબક્કા માં પૈસા તમારા કામ આવશે તેથી આજ થીજ પોતાના પૈસા બચત કરવા ના વિષે વિચારો નહિ તો તમને તકલીફો આવી શકે છે.

**કર્ક (ડ,હ) :**
આજના દિવસે સ્વાસ્થ્યની દ્રષ્ટિએ સારો દિવસ. તમારી ખુશખુશાલ મનઃસ્થિતિ તમને ઈચ્છિત ટૉનિક આપશે તથા તમને આત્મવિશ્વાસથી સભર રાખશે. આજ ના દિવસે ભૂલી ને પણ કોઈ ને પૈસા ઉધાર ના આપો અને જો આપવું જરૂરી હોય તો પૈસા આપતી સમયે સામેવાળા થી લખાણ લ્યો કે તે ક્યારે પૈસા પાછા આપશે? તમારા પરિવારના સભ્યોની જરૂરીયાતો પર ધ્યાન આપ વું એ આજના દિવસની પ્રાથિમકતા હોવી જોઈએ.

**સિંહ (મ,ટ) :**
આજના દિવસે ધીરજ રાખો કેમ કે તમારા સતત પ્રયાસો વિવેકબુદ્ધિ તથા સમજદારી તમને સફળતાની ગેરેન્ટી આપે છે. એક નવો આર્થિક સોદો પાર પડશે અને નાણાંનો નવો ધોધ વહેતો થશે. મિત્રો સાથે કશુંક ઉત્સાહજનક અને મનોરંજક કરવાનો દિવસ. કોઈકની દખલને કારણે તમારા પ્રિયપાત્ર સાથેના તમારા સંબંધો વણસી શકે છે.

**કન્યા (પ,ઠ,ણ) :**
આજના દિવસે ખૂબ જ વગદાર હોય એવા લોકો તરફથી સહકાર તમારા મનોબળને ઓર વધારશે. આ વાત સારી રીતે સમજી લો કે દુઃખ ના સમય માં સંચિત ધન જ કામ માં આવશે તેથી આજ ના દિવસ થી પોતાનો ધન સંચય કરવા નો વિચાર બનાવો? નાના બાળકો તમને વ્યસ્ત રાખશે તથા આનંદ લાવશે. રોમાન્સને આજે ઓછું મહત્વ મળે એવું લાગે છે કેમ કે તમારૂં પ્રિયપાત્ર ખૂબ જ વધારે પડતી માગ કરી રહ્યું હોય એવું લાગે છે.

**તુલા (ર,ત) :**
આજના દિવસે તમારો મજબૂત પ્રતિકાર તથા નિર્ભયતા તમારા માનસિક સાર્મથ્યમાં જબરજસ્ત વધારો કરશે. આ ગતિને જાળવી રાખો જેથી તે તમને ગમે તે પરિસ્થિતિને અંકુશમાં રાખવા નો ઉત્સાહ પૂરો પાડશે. તમારા ધન સંચિત કરવા ના પ્રયાસ આજે અસફળ થયી શકે છે. પરંતુ ઘબરાવાની જરૂર નથી કેમકે પરિસ્થિતિ જલ્દી સુધરશે? અન્યોને પ્રભાવિત કરવાની તમારી આવડત તમને વળતર અપાવશે.

**વૃશ્ચિક (ન,ય) :**
આજના દિવસે ઉચ્ચ કૅલૅરીયુક્ત આહાર ટાળો અને તમારા વ્યાયામને વળગી રહો. કોઈ નજીક ના મિત્રો થી અમુક વેપારીઓ ને સારું ધન લાભ થવા ની શક્યતા છે. આ ધન તમારી ઘણી મુશ્કેલીઓ ને દૂર કરી શકે છે. કેટલાક લોકો માટે- પરિવારમાં કોઈ નવી વ્યક્તિનું આગમન ઉજવણી અને પાર્ટીની ક્ષણો લાવશે. રૉમાન્સ માટે સારો દિવસ.

**ધન (ભ,ધ,ફ) :**
આજના દિવસે તમારી આસપાસનો લોકોનો સહકાર મળવાથઈ તમે ખુશ થશો. જે લોકોએ પોતાના પૈસા જુગાર માં લગાવી રાખ્યા છે તેમને આજે નુકસાન થવાની શક્યતા છે. તમને જુગાર થી દૂર રહેવાની સલાહ આપવા માં આવે છે. તમારો વિનોદી સ્વભાવ તમને સામાજિક મેળાવડાઓમાં લોકપ્રિય બનાવશે. તમારે તમારા પરાજયોમાંથી પદાર્થપાઠ લેવો જોઈએ કેમ કે આજે પ્રેમનો એકરાર કદાચ નિષ્ફળ જઈ શકે છે.

**મકર (ખ,જ) :**
આજના દિવસે જીવન તરફ ઉદાર અભિગમ કેળવો. તમે જે પરિસ્થિતિમાં જીવો છો તે વિશે ફરિયાદ કરવાનો અથવા તે અંગે નિરાશ થવાનો કોઈ અર્થ નથી. જે લોકો ટેક્સ ચોરી કરે છે તે લોકો આજે મોટી મુશ્કેલી માં ફસાઈ શકે છે. તેથી તમને સલાહ આપવા માં આવે છે કે ટેક્સ ચોરી ના કરો. મોટી વયના સંબંધીઓ ગેરવ્યાજબી માગણીઓ કરે એવી શક્યતા છે.

**કુંભ (ગ,શ,સ) :**
આજના દિવસે તમારા સ્વાસ્થ્ય વિશે વિશેષ સાવચેતી રાખજો ખાસ કરીને બ્લ્ડ પ્રૅશરના દરદીઓ. જે લોકો અત્યાર સુધી પૈસા વગર મતલબે ઉડાડી રહ્યા હતા તે લોકો ને હવે પોતાના ઉપર કાબુ રાખવો જોઈએ અને ધન ની બચત કરવી જોઈએ? આજે તમે કેટલીક સમસ્યાઓનો સામનો કરશો- પણ વાસ્તવવાદી રહો તથા તમારી તરફ મદદનો હાથ લંબાવનારા'ઓ તરફથી ચમત્કારની અપેક્ષા રાખતા નહીં.

**મીન (દ,ચ,ઝ,થ) :**
આજના દિવસે તમારો પરિવાર તમારી પાસેથી ઘણી અપેક્ષાઓ રાખશે એ બાબત તમને ચીડવી મુકશે. જે લોકોએ કોઈ અજાણ્યા વ્યક્તિ ના સૂચન પર નિવેશ કર્યું હતું તે લોકો ને આજે તે નિવેશ થી લાભ થવાની પુરી શક્યતા છે. તમારૂં ખુશમિજાજ વર્તન પારિવારિક જીવનને પ્રબુદ્ધ બનાવશે. આવું ઈમાનદાર સ્મિત ધરાવનારનો સામનો બહુ ઓછા લોકો કરી શકે છે.

ન્યૂઝ બ્રિફ

## સતત ૯ કલાક સુધી મોત સામે ઝઝુમતી રહી મહિલા

। જાજરકોટ, તા.૫ ।

નેપાળના જાજરકોટમાંથી એક હૃદયદ્રાવક વીડિયો સામે આવ્યો છે. આ વીડિયોમાં હાજર રેસ્ક્યુ ટીમ કાટમાળ નીચે દટાયેલી એક મહિલાને બચાવવાની કામગીરી કરી રહી છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, આ મહિલા ૯ કલાક સુધી ઘરના કાટમાળ નીચે દટાઈ હતી. જ્યારે રેસ્ક્યુ ટીમ પહોંચી ત્યારે મહિલાનો અવાજ સાંભળીને તેને બચાવી લેવામાં આવી હતી. તમને જણાવી દઈએ કે ઉત્તર ભારતમાં ૩જી નવેમ્બરે રાત્રે લગભગ ૧૧.૩૦ વાગ્યે ભૂકંપના આંચકા અનુભવાયા હતા. વૈજ્ઞાનિકોએ તેનું કેન્દ્ર નેપાળ હોવાનું જણાવ્યું હતું. આ ભૂકંપના કારણે નેપાળમાં ભયંકર તબાહી મચી ગઈ હતી. શુક્રવારે મધરાત્રે નેપાળમાં ૬.૪ તીવ્રતાના શક્તિશાળી ભૂકંપ બાદ હિમાલય દેશના દૂરના પર્વતીય પ્રદેશમાં ઓછામાં ઓછા ૧૫૭ લોકો માર્યા ગયા, ૧૬૧ અન્ય ઘાયલ થયા અને સેંકડો મકાનોને નુકસાન થયું છે. અધિકારીઓએ શનિવારે આ માહિતી આપી હતી. ૨૦૧૫ પછી નેપાળમાં આ સૌથી વિનાશક ભૂકંપ છે. નેશનલ ભૂકંપ મોનિટરિંગ એન્ડ રિસર્ચ સેન્ટર અનુસાર, ભૂકંપ શુક્રવારે રાત્રે ૧૧.૪૭ વાગ્યે આવ્યો હતો, જેનું કેન્દ્ર જાજરકોટ જિલ્લામાં હતું. આ સ્થળ રાજધાની કાઠમંડુથી લગભગ ૫૦૦ કિલોમીટર પશ્ચિમમાં છે.

## પ્રદૂષણની સમસ્યા ભારત જ નહીં ચીન માટે પણ સમસ્યા

। નવી દિલ્હી, તા.૫ ।

દેશની રાજધાની દિલ્હીનો પ્રદૂષણના કારણે શ્વાસ રુંધાઈ રહ્યો છે. જોકે પ્રદુષણની સમસ્યા માત્ર ભારતને જ નહીં પણ ચીનને પણ હેરાન કરી રહી છે. ભારતમાં તો મુંબઈની હવાની ગુણવત્તા પણ બગડી છે. આ જ સ્થિતિ ચીનમાં હવે બિજિંગ સહિત તેની આસપાસના વિસ્તારોમાં સર્જાઈ રહી છે. અહીં રહેતા લાખો લોકો પ્રદૂષણના કારણે ગૂંગળામણ જેવી સ્થિતિ અનુભવી રહ્યા છે. રાજધાની બિજિંગમાં ધુમ્મસ અને ખરાબ હવાના કારણે અધિકારીઓને ચેતવણી આપવી પડી છે. કારણકે બિજિંગમાં ૫૦ મીટરથી પણ ઓછી વિઝિબિલિટી રહેવાની શક્યતા વ્યક્ત થઈ રહી છે. ચીનના હવામાન વિભાગના કહેવા પ્રમાણે રાજધાની બિજિંગ, મેગા સિટી તિયાનજિન, હેબેઈ, શેડોંગ તેમજ હુબેઈ શહેરોમાં સ્મોગની સ્થિતિ સર્જાઈ છે.



વડાપ્રધાન નરેન્દ્ર મોદી છત્તીસગઢના ડોંગરગઢમાં છોટી બમલેશ્વરી મંદિરની મુલાકાત લઈને દર્શન કર્યા હતાં.

ઈસરો અંગે એક ચોંકાવનારા અહેવાલ સામે આવ્યા

## ઊતાવળના ચક્કરમાં ચંદ્રયાન-૨ નિષ્ફળ રહ્યું : ડો. સોમનાથ

। નવી દિલ્હી, તા.૫ ।

ઈસરો અંગે એક ચોંકાવનારા અહેવાલ સામે આવ્યા છે. આ અહેવાલ દક્ષિણ ભારતના મીડિયામાં ભારે ચર્ચામાં રહ્યા. જેમાં દાવો કરાયો છે કે ઈસરોના પ્રમુખ ડૉ. એસ.સોમનાથએ પૂર્વ ઈસરો પ્રમુખ કે.સિવાન પર એક આરોપ મૂક્યો છે. સોમનાથે કહ્યું કે સિવાને તેમના ઈસરો પ્રમુખ બનવામાં અવરોધ પેદા કર્યો હતો. માહિતી અનુસાર સોમનાથે કહ્યું છે કે સિવાન ઈચ્છતા નહોતા કે હું ઈસરોનો પ્રમુખ બનું. આ આરોપ સોમનાથે તેમના જીવન પર આધારિત પુસ્તક નિલાવુ કુડિચા સિમ્હંલમાં લગાવ્યો છે. તેમણે કહ્યું કે દરેક વ્યક્તિએ કોઈ સંસ્થાનમાં સૌથી ઊંચા પદે રહેતી વખતે અનેક પડકારો ઝિલવા પડે છે. મારી સામે પણ આવા પડકારો આવ્યા હતા. મેં મારા જીવનમાં આવેલા અનેક પડકારો વિશે ઉલ્લેખ કર્યો છે. કોઈના પર વ્યક્તિગત ટિપ્પણી નથી કરી. તે કોઈ એક વ્યક્તિ સામે નથી. સોમનાથે કહ્યું હતું કે કોઈ પણ એક ઊંચા પદ માટે અનેક લોકો યોગ્ય હોય છે.

EADના રુલમાં ફેરફાર નહીં થાય

## અમેરિકામાં H-1B વિઝા હોલ્ડરના સ્પાઉઝને મોટો ફાયદો

### અમેરિકામાં એચ-૧બી વિઝા ધારકની પત્નીઓને રાહત મળશે

। વોશિંગ્ટન, તા.૫ ।

અમેરિકાની સુપ્રીમ કોર્ટે એક એવો ચુકાદો આપ્યો છે જેનાથી H-1B વર્કર્સના પતિ કે પત્નીને મોટો ફાયદો થશે. અમેરિકામાં ૐ-૧ૠ વિઝા હોલ્ડરના સ્પાઉઝને નોકરી કરવાની અથવા પોતાનું કોઈ સ્વતંત્ર કામ કરવાની જે તક મળી હતી તે ચાલુ રહેશે. EAD તરીકે ઓળખાતા રુલને કેટલાક સંગઠનોએ સુપ્રીમમાં પડકાર્યો હતો, પરંતુ તેમાં તેમને સફળતા નથી મળી. સુપ્રીમ કોર્ટે નીચલી કોર્ટના એક ઓર્ડરને રિવ્યૂ કરવાનો ઈનકાર કર્યો છે જેમાં H-4 એમ્પ્લોયમેન્ટ ઓથોરાઈઝેશન ડોક્યુમેન્ટેશન (Eyuze) રૂલને માન્ય રાખવામાં આવ્યો હતો. એટલે કે H-1B વિઝાધારકના સ્પાઉઝને મોટી રાહત મળી છે અને તેમાં ભારતીયોની સંખ્યા સૌથી મોટી છે.

હવેથી EADનો નિયમ અમલમાં રહેશે. અમેરિકામાં લગભગ એક લાખ ભારતીયો પાસે EAD જેમાં મોટા ભાગે એચ-૧બી વિઝાધારકની પત્નીઓ છે. તેથી તેઓ અમેરિકામાં કોઈ પણ ચિંતા વગર કામ કરી શકશે અથવા સેલ્ફ-એમ્પ્લોય્ડ બની શકશે.

વર્ષ ૨૦૧૭નો ડેટા દર્શાવે છે કે ૮૪,૩૬૦ ભારતીય સ્પાઉઝ (જેમાં પતિ -પત્ની બંને સામેલ છે) પાસે ઈએડી છે. કુલ ઈશ્યૂ કરવામાં આવેલા ઈએડીમાં ભારતીયોનો હિસ્સો ૯૩ ટકા છે. ઓબામાના વહીવટીતંત્રે વર્ષ ૨૦૧૫માં આ નિયમ લાગુ કર્યો હતો જેથી ઈમિગ્રન્ટ્સ અમેરિકા આવતા ખચકાય નહીં અને તેમને રાહત મળે. અમેરિકામાં એમ્પ્લોયમેન્ટ બેઝ્ડ ગ્રીન કાર્ડ મેળવવામાં દાયકાઓ લાગી જાય છે તેથી ઈમિગ્રન્ટ્સ પરેશાન છે. હવે તેમને EAD ઈશ્યૂ થવાથી તેમની પરેશાની દૂર થશે. કેટો ઈન્સ્ટિટ્યૂટના તાજેતરના અહેવાલ પ્રમાણે ૧૦.૭ લાખ ભારતીયો એમ્પ્લોયમેન્ટ ગ્રીન કાર્ડ બેકલોગમાં ફસાયેલા છે જેમાં EB-2 અને EB-3




કેટેગરીનો સમાવેશ થાય છે. આ તમામને પ્રોસેસ થવામાં ૫૦થી લઈને ૧૩૪ વર્ષ લાગી શકે છે.

EADના નિયમ સામે ૨૦૧૫માં એક કેસ દાખલ થયો હતો. અમેરિકાના લોકો માટે જોબ બચાવવા માગતા સંગઠન દ્વારા આ કેસ ફાઈલ કરાયો હતો. આ એવા લોકોનું સંગઠન છે જેમણે H-1B વિઝા હોલ્ડરોના કારણે જોબ ગુમાવી હોય. ૩૦ માર્ચે કોલંબિયાની ડિસ્ટ્રીક્ટ કોર્ટે H-4 EADનો રુલ માન્ય રાખ્યો હતો. આ નિયમને બદલવા માટે અમુક સંગઠનો સુપ્રીમ કોર્ટમાં ગયા હતા, પરંતુ સુપ્રીમે આ નિયમમાં કોઈ પણ ફેરફાર કરવાનો ઈનકાર કર્યો છે.

ઓક્ટોબરની શરૂઆતમાં પણ એક ચુકાદો આવ્યો હતો જે અમેરિકામાં ભારતીય ઈમિગ્રન્ટ્સ માટે ફાયદાકારક હતો. તેમાં યુએસ સિટિઝનશિપ એન્ડ ઈમિગ્રેશન સર્વિસિસે ચોક્કસ એમ્પ્લોયમેન્ટ ઓથોરાઈઝેશન ડોક્યુમેન્ટ્સ (ઈએડી) માટે વેલિડિટી વધારીને પાંચ વર્ષ કરી હતી. આ વેલિડિટી એવા લોકો માટે છે જેમની ગ્રીન કાર્ડની એપ્લિકેશન હજુ પેન્ડિંગ છે અને કોઈ નિર્ણય લેવાયો નથી. અગાઉ EAD માત્ર બે વર્ષ માટે વેલિડ હતા અને તેને વારંવાર એક્સ્ટેન્ડ કરાવવા પડતા હતા.

નેપાળમાં ૬.૪ના ભૂકંપે ૧૩૨ના જીવ લીધા

## હિમાલય વિસ્તારમાં ગમે તે સમયે મોટા ભૂકંપની વૈજ્ઞાનિકોની આગાહી

### હિમાલય પર દબાણથી અનેક ભૂકંપની શક્યતા સર્જાઈ : આગામી ભૂકંપની તીવ્રતા રિક્ટર સ્કેલ પર આઠથી વધુ હોવાની સંભાવના

। નવી દિલ્હી, તા.૫ ।

નેપાળમાં ગઈકાલે રાતે ૬.૪ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો જેમાં ૧૩૨ લોકોએ જીવ ગુમાવ્યા હતા અને ૧૦૦થી વધુ લોકો ઘાયલ થયા હતા. ભૂકંપની અસર દિલ્હી-એનસીઆર સહિત અનેક રાજ્યોમાં જોવા મળી હતી, ત્યારે હવે વૈજ્ઞાનિકોએ ટુંક સમયમાં જ ફરી વિનાશકારી ભૂકંપ માટેની ચેતવણી આપતા એલર્ટ જાહેર કર્યું છે. વૈજ્ઞાનિકોએ લોકોને વિનાશકારી ભૂકંપની ચેતવણી આપીને સાવચેત તેમજ તૈયાર રહેવાનું કહ્યું છે. વાડિયા ઈન્સ્ટિટ્યૂટ ઓફ હિમાલયન જીઓલોજીના પૂર્વ વૈજ્ઞાનિક અજય પૉલના જણાવ્યા અનુસાર ભૂકંપનું કેન્દ્ર નેપાળના ડોટી જિલ્લામાં હતું. આ વિસ્તાર ગઈકાલે આવેલા ભૂકંપથી પણ પ્રભાવિત થયો હતો. તેમણે દાવો કર્યો હતો કે નેપાળમાં સેન્ટ્રલ બેલ્ટની ઓળખ સક્રિય ઉર્જા પ્રકાશનના ક્ષેત્ર તરીકે કરવામાં આવી છે. આ પહેલા પણ ઘણા વૈજ્ઞાનિકોએ ભવિષ્યવાણી કરી હતી કે હિમાલય વિસ્તારમાં ગમે તે સમયે મોટો ભૂકંપ આવી શકે છે કારણકે ભારતીય ટેક્ટોનિક પ્લેટ ઉત્તર તરફ ખસતી વખતે યુરેશિયમ પ્લેટ સાથે અથડાઈ રહી છે. વૈજ્ઞાનિકોનો દાવો છે કે લગભગ ૪૦-૫૦ મિલિયન વર્ષો પહેલા ભારતીય પ્લેટ હિંદ મહાસાગરથી ઉત્તર તરફ આગળ વધીને યુરેશિયન પ્લેટ સાથે અથડાતા હિમાલયનું નિર્માણ થયુ હતું. હિમાલય પર દબાણના કારણે અનેક ભૂકંપ આવવાની શક્યતો સર્જાઈ રહી છે તેમ નિષ્ણાંતોનું કહેવું છે. તેમનો અનુમાન છે કે આગામી ભૂકંપની તીવ્રતા રિક્ટર સ્કેલ પર આઠથી વધુ હોવાની સંભાવના છે.

## મહાદેવ એપ કૌભાંડમાં મારે કોઈ લેવા દેવા નથી : બઘેલ

। રાયપુર, તા.૫ ।

છતીસગઢમાં થોડા દિવસોમાં વિધાનસભા ચૂંટણી યોજવાની છે એવામાં હાલ રાજનીતિએ જોર પકડ્યું છે. ભાજપે રાજ્યના સીએમ પર ૫૦૮ કરોડના કૌભાંડના આરોપ લગાવ્યા હતા.

ભાજપે આરોપ કર્યો કે મની લોન્ડરિંગના મામલે મહાદેવ એપના પ્રમોટરે ભૂપેશ બઘેલને ૫૦૮ કરોડ રૂપિયા લાંચ આપી છે. આ મામલે રાજનીતિનો માહોલ ગરમાયો છે. ભાજપના નિવેદન બાદ સીએમ સહિત કોંગ્રેસે આ મામલે પ્રહાર કર્યા હતા.

છત્તીસગઢમાં ચૂંટણી ટાણે મહાદેવ બેટિંગ એપ કેસમાં ઈડીએ છત્તીસગઢના મુખ્યમંત્રી ભૂપેશ બઘેલ પર ગંભીર આરોપો લગાવ્યા હતા. ત્યારે આ આરોપો પર ભૂપેશ બઘેલે કહ્યું કે, કૌભાંડ સાથે મારે કોઈ લેવાદેવા નથી. મને બદનામ કરવાનું ષડયંત્ર છે. છત્તીસગઢમાં હારથી ભાજપ ડરી ગઈ છે. ભાજપ વડાપ્રધાન અને ગૃહમંત્રી સાથે પણ છત્તીસગઢમાં કોંગ્રેસનો મુકાબલો કરી શકે તેમ નથી. સરકાર કેન્દ્રીય તપાસ એજન્સીના ઉપયોગથી વિપક્ષને ડરાવી રહ્યું છે. ઉપરાંત તેમણે ઈડીને જનતા વિરોધી ગણાવી હતી.

આ સિવાય કોંગ્રેસ નેતા જયરામ રમેશ, કેસી વેણુગોપાલ અને અભિષેક મનુ સિંઘવીએ પ્રેસ કોન્ફરન્સ કરી છત્તીસગઢના મુખ્યમંત્રી ભૂપેશ બઘેલ પર લાગેલા આરોપો ને લઈ વાત કરી હતી. જયરામ રમેશે કહ્યું કે, આગામી ચૂંટણીમાં ભાજપની હાર નિશ્ચિત છે. પીએમ અને તેમની પાર્ટીએ ઈડી અને સીબીઆઈનો દુરુપયોગ શરૂ કરી દીધો છે. રાજસ્થાન અને છત્તીસગઢમાં ભાજપ તેનો મોટા પ્રમાણમાં તેનો દુરુપયોગ કરી રહી છે. ભાજપ બદલાની રાજનીતિ કરી રહ્યું છે.

વિશેષ

વિશ્વના રંગબેરંગી પતંગીયાની અદભૂત દુનિયા । પૃથ્વી પર ૨૪,૦૦૦થી વધુજાતના પતંગિયા છે


# પતંગિયાના મગજનું દિશાજ્ઞાન અને રસ્તો ખોળવાની શક્તિ કમ્પ્યુટર જેવી છે




સાંપ્રત પ્રવાહો

લેખક : દીપક જગતાપ







વિશ્વમા સૌથી સુંદર કિટકમા રંગબેરંગી પતંગીયા છે. માનવજગતમાં સૌથી સુંદર પતંગિયા અનેક વિશિષ્ટતાઓ ધરાવે છે તેનું જીવન ટૂંકું પણ અદ્ભુત છે.પૃથ્વી પર ૨૪,૦૦૦ થી વધુપતંગિયા (Butterfly) છે, તે એન્ટાર્કટિકા સિવાય દરેક ખંડ પર જોવા મળે છે. પતંગિયાઓ આપણા કરતાં જુના છે, પ્રાચીન ઈજિપ્તની લગભગ ૩૫૦૦ જૂની પેઈન્ટિંગમાં પતંગિયા જોવા મળે છે. પતંગિયા (Butterfly) નું જીવન ચક્ર ૨ થી ૪ અઠવાડિયા છે, પરંતુ કેટલીક જાતિઓ ૯ મહિના માટે જીવંત રહે છે. પતંગિયા (Butterfly) પાંખો તરફ જોઈ શકાય છે, તેમની પાસે ૪ પાંખો છે. પરંતુ સૌથી મોટો બટરફ્લાય પૃથ્વીના ૧૨ પાંખો ધરાવેછે. શું તમે જાણો છો? પતંગિયા સાંભળી શકતા નથી, તે બહેરા છે પરંતુ તે કંપન અનુભવે છે. સૌથીમોટી પતંગિયા ૧૨ ઈંચના હોય છે. અને સૌથી નાની બટરફ્લાય અડધા ઈંચની હોય છે છે. પતંગિયાને આંખમા ૬૦૦૦ લેન્સ છે જેની મદદથી તે અલ્ટ્રાવાયોલેટ કિરણોને જોઈ શકે છે.પતંગિયા સામાન્ય રીતે ૧૭ ફુટ / સેકન્ડની ઝડપે ઉડે છે. પરંતુ 'કીપર બટરફ્લાય' એટલા ઝડપથી ઉડે છે કે ઘોડો પાછળ છોડી શકે છે.

પતંગિયા હંમેશાં પાંદડા પર ઈંડા મૂકે છે, તે તેના પગથી શોધે છે કે નહીં કે આ પાંદડા ઈંડા માટે યોગ્ય છે કે નહીં. બટરફ્લાય ઠંડા રક્તનું કિટક છે, જ્યારે તેનું શરીરનું તાપમાન ૮૫° ફે (૨૯ ડિગ્રી સેલ્સિયસ) કરતા વધારે હોય ત્યારે જ ઉડી શકે છે. પૃથ્વી પર "૮૯'૯૮" નામની પતંગિયા પણ છે. એનુ નામ રાખવામાં આવ્યું હતું .કારણ કે તેની પાસે એક બાજુ ૮૯ અને બીજી બાજુ ૯૮ છે. છેલ્લા ૨૫ વર્ષોમાં, ૯૦% થી વધુ મોનાર્ક પતંગિયા ગાયબ થઈ ગયા છે. પતંગિયાનું જીવનચક્ર ચાર તબક્કાનું હોય છે પતંગિયું ઈંડા તરીકે જન્મે છે, ઈંડામાંથી લાર્વા, લાર્વામાંથી ઈયળ અને ઈયળ ઉપર કોશેટો બને પછી તે તોડીને પતંગિયું બહાર આવે છે.

રંગબેરંગી દેખાતાં પતંગિયાની પાંખો પર રંગ હોતાં નથી પરંતુ તેની પાંખોની સપાટીની એવી રચના છે કે તે અમુક રંગ જ પરાવર્તીત કરે છે. પતંગિયા માત્ર પ્રવાહી જ ચૂસી શકે. ઘન પદાર્થ ખાઈ શકતાં નથી. મોનાર્ક નામના પતંગિયા હજારો કિલોમીટરનો પ્રવાસ કરે છે. કેનેડાથી મધ્ય અમેરિકા સુધી પ્રવાસ કરી પરત આવે ત્યારે પોતાના વતનને શોધી કાઢે છે. પતંગિયા ૨૫ કિલોમીટરની ઝડપે ઊડે છે. પંગિયાના મગજનું દિશાજ્ઞાન અને રસ્તો ખોળવાની શક્તિ કમ્પ્યુટર જેવી છે. તે ખૂબ જ ઓછી શક્તિ વાપરીને લાંબા અંતર સુધી ઉડીને ચોક્કસ જગ્યાએ ઉતરાણ કરી શકે છે. બટરફલાય ઉર્ફે પતંગીયા લેપિડોપ્ટેરો નામનું એક જંતુ છે. તેમની સુંદર પાંખો નવરંગી કલરો સૂર્ય પ્રકાશે ચળકાટ લગાવે છે. તેમને પગની ત્રણ જોડી અને લાંબી સુંઢ જેવી તેની તુંડ હોય છે. તે છોડ-ફૂલઉપર પરાગરજના વાહક છે. તેના વિવિધ રંગો બાળથી મોટેરાને આકર્ષે છે. તમે એને નજીકથી જોવો તો કુદરતની કરામતનો ખ્યાલ આવે છે. પતંગિયા એન્ટાર્કટિકા સિવાય વિશ્વનાં તમામ ખુણામાં જોવા મળે છે. આ જંતુનું આયુષ્ય ખૂબ જ ટુકું હોય છે. તે ફૂલ-વૃક્ષો, ફળો વિગેરેના રસ ચૂંસે છે. ઋતુચકોની સાથે તે તેના જીવનક્રમમાં પણ બદલાવ લાવે છે. અમુક બટર ફલાયનો ખુલ્લા ઘા માંથી લોહી પણ પીવે છે. આ પ્રજાતિ ઢોર-આસપાસ વધુ જોવા મળે છે. પુષ્ર માદા વૃક્ષોના પાંદડા ઉપર ઈંડા મૂકે છે. કેટલાંક જમીનમાં ઈંડા દાટી દે છે. તેમનામાં લાળ ઉત્પન કરવાની વિશિષ્ટ ક્ષમતા હોય છે. જંતુના જન્મ પછી તેના શરીર વિકાસના કમિક તબકકે ઈંડામાંથી બહાર આવતાં પતંગિયા પ્રથમ ઉડાન ભરે છે. પુરાતત્વીય શિલ્પકૃતિમાં જોવા મળતાં પતંગિયા સૌથી પ્રાચિન જંતુ છે. ૧૫૦ મિલિયન વર્ષ પહેલા તેની હાજરીના અવશેષો મળેલ છે. વિશ્વમાં પતંગિયાની દોઢ લાખથી વધુ પ્રજાતિઓ જોવા મળે છે. પ્રાચિન ઈજિપ્તના ભીંત્રચિત્રોમાં પતંગિયા જોવા મળે છે એ જમાનામાં પણ જીવજંતુ-પ્રાણીઓ અને કુદરત સાથે માનવી જોડાયેલો હતો. તેને જોતા આપણું મન આનંદ, પ્રેમ, સુખનો અનુભવ કરે છે.

પતંગિયાની વર્તૃણક ઉપરથી હવામાન ભવિષ્ય કે વરસાદની આગાહીપણ કરાય છે. ચિન દેશમાં પતંગિયાની જોડને મજબુત લગ્ન પ્રતિક ગણાય છે. ત્યાં બટરફાલાયના પ્રતિકવગર લગ્ન નથી થઈ શકતા. લુઈસ-૧૪ના દરબારમાં તેમની વિશેષ કાળજી લેવાઈ હતી. પતંગિયા ઉછેર કેન્દ્રપણ આવેલા છે. તેમની ગંધ પારખવાની શક્તિ તીવ્ર હોય છે. ૧૦ કિલોમીટરનાં અંતરેથી ગંધ પારખી લે છે. તમારા પરિવારનાં નાના સંતાનોને આ પતંગિયાની વાતો જણાવશો. બાળકોમાં જીવ, જંતુ, પ્રાણીઓ પ્રત્યે પ્રેમ જગાડવો જરૂરી છે. આવા બધા કારણોને લઈને તેમનાં અનુકંપા, કરૂણા જેવા ગુણો વિકસે છે.

**આનંદો! સુરતને વધુ ૨૦ ST બસની ભેટ** સુરત એસટી વિભાગ દ્વારા દિવાળીને લઈ એક્સા બસોનું અલગથી સંચાલન કરી આયોજન કરવામાં આવ્યું છે

# હર્ષ સંઘવીએ લીલી ઝંડી આપી ૨૦ જેટલી બસોને લોકાર્પણ કર્યું

। સુરત, તા.૫ ।

સુરત એસટી વિભાગ દિવાળીના સમયે એક્સ્ટ્રા ૨૨૦૦ જેટલી બસો ફાળવી રહી છે ૨૦ જેટલી નવી બસોનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. વાહન વ્યવહાર મંત્રી હર્ષ સંઘવીએ લીલી ઝંડી આપી ૨૦ જેટલી બસોને લોકાર્પણ કર્યું હતું. બસને લીલી ઝંડી આપ્યા બાદ બસમાં મુસાફરી કરી રોડ પર ફૂટપાથ પર દિવાળીના દિવાની ખરીદી કરી હતી.

દિવાળી આવી રહી છે અને ખાસ સુરત એસટી વિભાગ દ્વારા દિવાળીને લઈ એક્સા બસોનું અલગથી સંચાલન કરી આયોજન કરવામાં આવ્યું છે. તેથી સુરત એસટી વિભાગ દ્વારા નવીન બસોનું લોકાર્પણ સમયાંતરે કરવામાં આવી રહ્યું છે. અગાઉ ૪૦ જેટલી બસોનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. જ્યારે આજે ફરીથી વાહન વ્યવહાર મંત્રી હર્ષ સંઘવીના હસ્તે ૨૦ જેટલી નવીન બસોનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં રાજ્ય વાહન વ્યવહાર મંત્રી હર્ષ સંઘવી, કેન્દ્રીય રેલ રાજ્ય અને ટેક્સટાઈલ મંત્રી દર્શના જરદોશ, મેયર દક્ષેશ માવાણી એસટી વિભાગના કર્મચારીઓ સહિતના લોકો ઉપસ્થિત રહ્યા હતા. નવીન બસો ખાસ બેઠક વ્યવસ્થા સાથે બનાવવામાં આવી છે. જેમાં લાંબા રૂટ પર મુસાફરી થાય તો મુસાફરને



થાક ન લાગે તે પ્રકારની બેઠક વ્યવસ્થા બનાવવામાં આવી છે. બસના ઈન્ટિરિયર ડિઝાઈન પણ મુસાફરોને આકર્ષિત કરે તે પ્રકારનું બનાવવામાં આવ્યું છે. ખાસ કરીને અગાઉ એસટી વિભાગ નવીન બસોમાં ઈન્ટિરિયરમાં કોઈ સુધાર ન કરતું હતું. પરંતુ ખાનગી બસો ના ઈન્ટિરિયર પ્રમાણે હવે એસટી બસોમાં પણ ઈન્ટિરિયર ડિઝાઈન બનાવવામાં આવી રહી છે અને મુસાફરોનું આકર્ષણ બને તે પ્રકારે બસની અંદર ઈન્ટિરિયર ડિઝાઈન બનાવવામાં આવી રહ્યા છે. આ સાથે જ ગૃહરાજ્યમંત્રીએ ૨૦ બસોનું લોકાર્પણ કરી નવીન બસમાં મુસાફરી પણ કરી હતી. મુસાફરી બાદ હર્ષ સંઘવીએ અગાઉ અપીલ કરી હતી તે પ્રમાણે રોડ પર પાથરણા વાળાઓ પાસેથી દીવડાઓની ખરીદી કરી હતી દીવડાઓની ખરીદી કર્યા બાદ ડિજિટલ પેમેન્ટ પણ ચૂકવ્યું હતું. હર્ષ સંઘવી અગાઉ પણ આ મામલે શહેરીજનોને અને સમગ્ર ગુજરાતની જનતાને અપીલ પણ કરી છે. પાથરણા વાળાઓ પાસેથી દિવાળીની વસ્તુની ખરીદી કરી તેમને દિવાળી સારી બનાવવા માટે ફરીથી લોકોને આહવાન કર્યું હતું. સાથે પાથરણાના કોઈ પણ તકલીફ ન પડે તકેદારી રાખવા ગૃહ મંત્રીએ સૂચન કર્યું છે. મોટા વેપારીઓ માટે પણ વ્યવસ્થા કરવામાં આવશે. ટ્રાફિકના નિયમનો અનુસરવા પડશે.



દિવાળીમાં આતિશબાજી કરવા માટે ફટાકડા બનાવી રહેલ કારીગર.

### ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ લોકાર્પણ કર્યું

# રેલવે પોલીસ કર્મચારીઓ માટેના આવાસનું લોકાર્પણ

**આ આવાસને કર્મચારીઓના પરિવાર સરકારી આવાસ નહીં, પરંતુ પોતાનું ઘર સમજે અને સ્વચ્છતા જાળવે : સંઘવી**

। સુરત, તા.૫ ।

રેલવે પોલીસ કર્મચારીઓ માટેના આવાસનું લોકાર્પણ કરવામાં આવ્યું. ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ લોકાર્પણ બાદ પોલીસ કર્મચારીઓ અને તેમના પરિવારને અપીલ પણ કરી. સંઘવીએ કહ્યું કે, આ આવાસને કર્મચારીઓના પરિવાર સરકારી આવાસ નહીં, પરંતુ પોતાનું ઘર સમજે અને સ્વચ્છતા જાળવે. સાથે મહિલાઓને ટકોર કરી કે, જો તમારા પતિ પાનની પિચકારી મારે તો તેમને સીધા કરજો. અને જો કાંઈ જરૂર પડે તો મને કહેજો.



ગુજરાત રાજય પોલીસ આવાસ નિગમ દ્વારા બનાવાયેલ આવાસનું ગૃહમંત્રી હર્ષ સંઘવીના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું છે. સુરત રેલ્વે પોલીસ સ્ટેશનના કર્મચારીઓને આવાસ ફાળવવામાં આવશે. રોડ પર પાથરણા નાખી લોકો દિવાળીનો સામાન વેંચતા હોય તો તેમની વ્યવસ્થા કરવા ગૃહ મંત્રીએ તમામ પીઆઈઓને સૂચન કરવામાં આવ્યું છે. આજ રોજ વરાછા ખાતે ગુજરાત રાજય પોલીસ આવાસ નિગમ દ્વારા બનાવાયેલ આવાસનું ગૃહમંત્રી હર્ષ સંઘવીના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું છે. કાર્યકર્મમાં ગૃહમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે ગુજરાત પોલીસની રેલવે યુનિટને અભિનંદન પાઠવ્યું હતું. રેલવે પોલીસ લોકો ની સેવા કરે છે રેલવે પોલીસ મદદગાર છે. સુરત અમદાવાદ બરોડા સહીત ન સ્ટેશનો પર થતા ગુન્હા બનતા અટકાવવા રેલવે પોલીસ કામ કરે છે. તમામ ભાષા બોલનાર લોકો રેલવે સ્ટેશન પર આવતા હોય છે. રેલવે પોલીસે આ તમામ ભાષા બોલનાર લોકો સાથે કામ કરે છે. તમામનો ખ્યાલ રાખે છે. વધુ જણાવાયું હતું કે માતાઓ નાના નાના બાળકો જોડે મુસાફરી કરે છે. ત્યારે બાળક ભીડભાડમાં ખોવાઈ જાય છે. તેને રેલવે પોલીસ શોધી લાવે છે. ૨૧૦ બાળકોને રેલવે પોલીસે શોધી કાઢ્યા હતા.૧૩૯ બાળકો ૧૪ વર્ષ નીચેના છે. ગુજરાત પોલીસ ડ્રગ વિરુદ્ધ લડાઈ લડી રહી છે. રેલવે પોલીસે પણ આ મામલે કાર્યવાહી છે. માત્ર એક વર્ષમાં રેલવે પોલીસે ૧૧ કેસો કરી ૧૩ આરોપી પકડી ૧૮૮ કિલો ગાંજો પકડી કામગીરીઓ કરી છે. ૩૪૧ ટ્રેનો સુરતથી પસાર થાય છે. પોણા ૨ લાખ પેસેન્જરો તેમાં મુસાફરી કરે છે, તેની સુરક્ષા રેલવે પોલીસ કરે છે. વધુ જણાવાયું હતું કે સરકારી આવાસમાં કુંભઘડો મુકો ત્યારે મનમાં સરકારી મકાન નહિ પરંતુ સપનાનું ઘર સમજી પૂજા કરજો. આખું પરિસરમાં સફાઈ રાખજો. ગૃહિણીઓને ગૃહમંત્રીની અપીલ સરકારી મકાન માં પોલીસ કર્મી પતિ પાન ની પિચકારી મારે તો બરાબર કરી લેજો સીધા કરી નાખજો. કોઈ જરૂર પડે તો મને કહેજો. રેલવેમાં અસામાજિક તત્વો ની કામગીરી ચલાવી લેવામાં આવશે નહીં.તેના વિરુદ્ધ કડક કાર્યવાહી કરવામાં આવશે.તમામ પોલીસ સ્ટેશન ના પીઆઈઓ પાલિકા ના અધિકારીઓ સાથે મળી રોડ પર પાથરણા નાખી લોકો દિવાળીનો સામાન વેંચતા હોય તો તેમની વ્યવસ્થા કરવા સૂચન કરવામાં આવયુ છે.ટ્રાફિક નું અડચણ રૂપ ના થાય તે માટે પણ ધ્યાન રાખી વ્યવસ્થા કરવી.આ દિવાળી માં સૌ સાથે મળી ઉજવણી કરો. પાથરણા વાળા પાસે ખરીદી કરજો.

## પ્રાથમિક વિભાગના બાળકોને ૨૧ દિવસનું વેકેશન મળશે

। ગાંધીનગર, તા.૫ ।

પ્રાથમિક વિભાગમાં ધોરણ ૩થી ૮ના બાળકોની પ્રથમ સત્રાંત પરીક્ષા અંતિમ ચરણ તરફ છે. તેમાં ધોરણ ૩થી ૫ના બાળકોની પરીક્ષા અને ધોરણ ૬થી ૮ના બાળકોની પરીક્ષા શનિવારે પૂરી થઈ છે. જ્યારે સત્ર સમાપ્તિની તારીખ ૮મી નવેમ્બર નિયત કરાયેલી હોવાથી તારીખ ૯મી નવેમ્બરથી દિવાળી વેકેશન પડશે. હવે ચાર દિવસ બાદ પ્રાથમિક વિભાગના બાળકોને ૨૧ દિવસનું વેકેશન મળશે.

### અમરેલીના લાઠી રોડ ઉપર ખાત મુહર્ત કરાયું

# અમરેલી ખાતે નાના વિમાન બનાવવાના પ્રોજેક્ટનું ખાત મુહર્ત કરવામાં આવ્યું

। અમરેલી, તા.૫ ।

એરો ફેયર ઈક્ર કોર્પોરેશન નામની કંપની દ્વારા અમરેલી ખાતે નાના વિમાન બનાવવાના પ્રોજેક્ટનું આજે અમરેલીના લાઠી રોડ ઉપર ખાત મુહર્ત કરાયું હતું. જેમાં ભાજપના પ્રદેશ અધ્યક્ષ સી.આર.પાટીલ, કેન્દ્રીય મંત્રી પરષોત્તમ રૂપાલા હસ્તક ખાત મુહૂર્ત કરવામાં આવ્યું હતું.

અમરેલીમાં આજે પ્રદેશ પ્રમુખ કેન્દ્રીય મંત્રી પરસોતમ રૂપાલા અને શ્રી વલ્લભ કુલભુષણ વૈષ્ણવચાર્યના વરદ હસ્તે ભૂમિપૂજન કરાયું હતું. આ પ્રસંગે શિક્ષણમંત્રી પ્રફુલભાઈ પાનસરિયા, સાંસદ નારણ કાછડીયા, રમેશ ધડુક, નાયબ મુખ્ય દંડક કૌશિક વેકરિયા, હીરા સોલંકી, જે.વી. કાકડીયા, જનક તળાવીયા, મહેશ કસવાલા અગ્રણીઓની ઉપસ્થિતિમાં યોજાયેલ આ કાર્યક્રમની અંદર વિશાળ સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા. આ કંપની દ્વારા ફોર સિટર સિક્સ સીટરના નાના વિમાનો બનાવવાનો પ્રોજેકટ એક વર્ષમાં કાર્યરત થઈ જશે અને વાર્ષિક ૨૫ વિમાનોનું પ્રોડક્શન થશે અને દર વર્ષે આ પ્રોડક્શનમાં વધારો થશે. પ્રાથમિક તબક્કે ૩૦૦ વ્યક્તિઓને રોજગારી મળશે. આ ઉપરાંત અહીંયા વિમાન રીપેરીંગ અને પાર્ટ્સ બનાવવાનું પણ ધીમે ધીમે હાથ ધરવામાં આવશે. તેમજ પાયલોટ ટ્રેનિંગ સેન્ટર પણ ઉભું કરાશે. હાલ આ કંપની દ્વારા વફોડરા ખાતે પાયલોટ ટ્રેનિંગ પ્રોજેક્ટ કાર્યરત છે અને મોટી સંખ્યામાં ટ્રેનિંગ લઈ રહેલા પાયલોટ અહીં ઉપસ્થિત રહ્યા હતા. ગુજરાતના રાજકારણમાં અગ્રેસર પણ વિકાસમાં પછાત ગણાતા અમરેલી જિલ્લાને આ કંપની દ્વારા એક નવી રોજગારીની તક મળી અને પીએમ નરેન્દ્ર મોદીના સ્ટાર્ટઅપ ઈન્ડિયાના હેતુને સિદ્ધ કરવા માટે સુદાણી પરિવારે મહેનત હાથ ધરી છે.

### એક લાખથી વધુ નો દારૂ ઝડપાયો, એકની ધરપકડ

# કેશવાનમાં રૂપિયાને બદલે લાખોનો દારૂ ભરેલો ઝડપાયો

**દારૂની હેરાફેરી માટે બુટલેગરોની અજીબ તરકીબ અજમાવી હતી : રૂપિયા ભરવાની વાનમાં દારૂ ભર્યો**

। વલસાડ, તા.૫ ।

રાજ્યના પડોશમાં આવેલા સંઘપ્રદેશ દમણ દાદરા નગર હવેલી અને મહારાષ્ટ્રમાંથી ગુજરાતમાં દારૂની હેરાફેરી કરવા બુટલેગરો અવનવી તરકીબો અજમાવતા હોય છે. અત્યાર સુધી આપે એમ્બ્યુલન્સમાં શાકભાજી, વાહનોમાં બનાવેલા ચોરખાના અને વિવિધ સામાનની આડમાં દારૂની હેરાફેરીના કિસ્સાઓ સાંભળ્યા હશે. પરંતુ આ વખતે વલસાડના પારડીમાં એલ.સી.બી પોલીસે રોકડા રૂપિયાની ડિલિવરી કરતી કેશવાનમાં રૂપિયાને બદલે લાખોનો દારૂ ભરેલો ઝડપી પાડયો છે. એલ.સી.નો આ કાર્યવાહીમાં એક આરોપીની પણ ધરપકડ કરી છે. બનાવની વિગત મુજબ વલસાડના પારડી નજીક અમદાવાદ મુંબઈ નેશનલ હાઈવે પર એલસીબી પોલીસની ટીમ પેટ્રોલિંગમાં હતી. એ દરમિયાન મહારાષ્ટ્ર પાર્સિંગની એક રૂપિયા ભરવાની કેશવાન ત્યાંથી પસાર થઈ રહી હતી. કેશવાનમાં પાછળ લોક લગાવેલું હતું. જોકે પોલીસને શંકા જતા પોલીસે આ કેશવાનને થોભાવી તાળું ખોલી અંદર તપાસ કરતા પોલીસ ચોંકી ગઈ હતી. કારણ કે, રૂપિયાની ડિલિવરી કરતી આ કેશવાનમાં રૂપિયાને બદલે મોટી માત્રામાં દારૂ ભરેલો હતો.

આથી પોલીસે આ કેશવાન અને લાખોના દારૂ સાથે કેશવાનના ચાલક શૈતાન રામ બિશનોઈની ધરપકડ કરી ગણતરી કરતાં અંદરથી એક લાખ રૂપિયાથી વધુનો વિદેશી દારૂનો જથ્થો મળી આવ્યો હતો. આથી પોલીસે ઝડપેલા ચાલકની આગવી ઢબે પૂછપરછ કરતા વિદેશી દારૂની હેરાફેરી કરવા પોલીસને ચકમો આપવા આ પ્રકારની રૂપિયા ભરવાની કેશ વાન બનાવી દારૂની હેરાફેરી કરવામાં આવી રહી હતી.

# સીઆર પાટીલે મંચ પરથી 'પત્ની' વિશે એવું કંઈક કહ્યું કે બધા હસવા લાગ્યા

**સીઆર પાટીલે કહ્યું કે, તેઓ પોતાની પત્નીને સ્ટેજ પર બોલાવતા ડરે છે : હકીકતમાં દરેક પુરુષ પોતાની પત્નીથી ડરે છે**

। ગીર સોમનાથ, તા.૫ ।

ગુજરાત ભાજપના પ્રદેશ અધ્યક્ષ હાલમાં ગીર સોમનાથના એ કાર્યક્રમમાં પહોંચ્યા હતા. જ્યાં ભાજપ અધ્યક્ષ સીઆર પાટીલે મંચ પરથી પત્ની વિશે એવું કંઈક કહ્યું કે બધા હસવા લાગ્યા. સી.આર પાટીલે પોતે અને મુખ્યમંત્રી ભપેન્દ્ર પટેલ પણ પોતાના પત્નીથી ડરતા હોવાનો સ્ટેજ પરથી સ્વીકાર કર્યો હતો. આમ, આવું કહેતા જ કાર્યક્રમમાં હાસ્યનું મોજું ફરી વળ્યું હતું.

લોકસભાની ચૂંટણી પહેલાં સીઆર પાટીલ ગુજરાત ભરમાં અલગ અલગ જગ્યાએ કાર્યક્રમો કરી રહ્યાં છે. આ દરમિયાન આજે સોમનાથમાં એક ખાનગી હોસ્પિટલના લોકાર્પણ સમયે પાટીલે કોંગ્રેસના નેતાને જાહેર મંચ પરથી ભાજપમાં જોડાવવાનું આમંત્રણ આપ્યું હતું. પરંતુ આ મંચ પર સીઆર પાટીલે એક અનોખું નિવેદન પણ આપ્યુ હતું. તેમના નિવેદનથી બધા હસવા લાગ્યા હતા. સ્ટેજ પર તેમની સાથે માયાભાઈ આહિર પણ હતા. દરમિયાન સી.આર પાટીલે પોતે અને મુખ્યમંત્રી ભપેન્દ્ર પટેલ પોતાના પત્નીથી ડરતા હોવાનો સ્ટેજ પરથી સ્વીકાર કર્યો હતો.

સી.આર પાટીલે સ્ટેજ પરથી માયાભાઈ આહીરને લઈને કહ્યું કે, તેઓ પોતાની પત્નીને સ્ટેજ પર બોલાવતા ડરે છે. હકીકતમાં દરેક પુરુષ પોતાની પત્નીથી ડરે છે. મુખ્યમંત્રીને ડરતા પણ મેં જોયા છે, હું પણ મારી પત્નીથી ડરું છું. સ્ટેજ પર ભાજપ પ્રદેશ પ્રમુખના આ મસ્તીભર્યા હળવા અંદાજથી ખૂદ મુખ્યમંત્રી સ્ટેજ પર ખળખળાટ હસી પડ્યા હતા. પહેલીવાર જાહેર કાર્યક્રમમાં સી.આર પાટીલ આવા મસ્તીભર્યા અંદાજમાં જોવા મળ્યા હતા. જેમાં કાર્યકર્તાઓનો ક્લાસ લેતા દરમિયાન મજાક કરતા બધાને હસાવ્યા હતા. ભાજપ અધ્યક્ષના આવા નિવેદનથી માયાભાઈ આહીર અને સીએમ ભૂપેન્દ્ર પટેલ ખડખડાટ હસી પડ્યા હતા. તો કાર્યક્રમાં બેઠેલા સૌ કોઈ પોતાનુ હસવુ રોકી શક્યા નહોતા. સી આર પાટીલ મંચ પર બિરાજમાન નેતાઓનું સ્વાગત કરી રહ્યાં હતા એ સમયે અમરીશ ડેરનું નામ આવતાં જ તેમણે ડેરનું નામ લીધા વિના જેના માટે બસમાં રૂમાલ રાખીને જગ્યા રાખી હતી, બસ ચૂકી ગયા એવા મારા ભાઈ અમરીશ ડેર કહીને સંબોધન કર્યું હતું. આ સાથે એમ પણ ભારપૂર્વક કહ્યું હતું કે, મારો મિત્ર છે એને હાથ પકડીને ભાજપમાં લાવવાનો જ છું. આમ જાહેરમાં ભાજપના પ્રદેશ અધ્યક્ષ સીઆર પાટીલે કોંગ્રેસના નેતા અમરીશ ડેરને ભાજપમાં જોડાવવાનું આમંત્રણ આપતાં રાજુલાના રાજકારણમાં ખળભળાટ મચી ગયો છે. આ પહેલીવાર નથી આ પહેલાં પણ પાટીલ જાહેરમાં આ પ્રકારનું આમંત્રણ આપી ચૂક્યા છે.




માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨